અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 04 ઓગસ્ટ 2026 મંગળવાર
વિક્રમ સંવત 2082, અષાઢ વદ -6

વર્ષ : 18
અંક : 36

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  અમેરિકા-ઈરાન વચ્ચે ફરી વાટાઘાટો શરૂ થશે: ટ્રમ્પે કહ્યું- હુમલો કરી શકીએ છીએ, પરંતુ લોકોને મારવા માંગતો નથી

4  પોલિમર નોટ : 10 રૂપિયાની એક નોટ છાપવાનો ખર્ચ 96 પૈસા છે

6  બોલિવૂડની હાલત જોઈ દુઃખી થયો સંજય દત્ત! કહ્યું- હવે ઈન્ડસ્ટ્રીમાં પરિવાર જેવો પ્રેમ અને એકતા નથી

7  સેન્સેક્સ 800 અંક વધીને 78,895 પર ખુલ્યો: નિફ્ટી પણ 200 અંક વધ્યો, 24,576 પર ટ્રેડિંગ

## ભાજપનો 30 વર્ષનો ગઢ 30 દિવસમાં ધ્વસ્ત!

# બાંકીપુર પેટા ચૂંટણીમાં પ્રશાંત કિશોરની જીત

**બાંકીપુર, તા.03**

બિહારના બાંકીપુર પેટા ચૂંટણીમાં ભાજપ, રાષ્ટ્રીય જનતા દળ(RJD) અને જનસુરાજ વચ્ચે ત્રિકોણીય જંગ વચ્ચે મતગ ણતરી ચાલી રહી છે. બાંકીપુર બેઠક નિતિન નવીનના રાજીનામાં બાદ ખાલી રહી હતી. આ બેઠક પર 27માં રાઉન્ડની મત ગણતરી પૂર્ણ થઈ છે. જેમાં જનસુરાજ પાર્ટીના પ્રશાંત કિશોરને 55,780 મત, ભાજપના નીરજ કુમારને 38,893 મત અને RJDના રેખા કુમારીને 12,461 મત મળ્યા છે. બાંકીપુર પેટા ચૂંટણીમાં પ્રશાંત કિશોરની જીત થઈ છે, ત્યારે ભાજપનો 30 વર્ષનો ગઢ 30 દિવસમાં ધ્વસ્ત થાય તેવી સ્થિતિમાં છે.



જન સુરાજ પાર્ટીના સ્થાપક અને બાંકીપુરમાં પહેલા રાઉન્ડથી જ લીડ જાળવી રાખનારા ઉમેદવાર પ્રશાંત કિશોરે પોતાની પહેલી પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, 'અહીં ભાજપનો 30 વર્ષ જૂનો ગઢ ફક્ત 30 દિવસમાં જ તૂટી ગયો. આ ચૂંટણી ફક્ત ધારાસભ્યને ચૂંટવા માટે નહોતી. સમ્રાટ ચૌધરી સાથે મારે કોઈ વ્યક્તિગત દુશ્મનાવટ નથી, પરંતુ આ ચૂંટણી દ્વારા બિહારના લોકોએ ભાજપને મેસેજ આપ્યો છે કે, સારા ચારિત્ય અને યોગ્ય વ્યક્તિને બિહારનો મુખ્યમંત્રી બનાવો.'

પ્રશાંત કિશોરે વધુમાં જણાવ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી ગુજરાતની જેમ બિહાર માટે પણ એટલી જ ચિંતા બતાવવી જોઈએ. આનાથી સ્થળાંતર રોકવામાં અને અહીં બેરોજગારી ઘટાડવામાં મદદ મળશે. જેમણે અમને મત આપ્યો તેમનો હું આભાર માનું છું. જેમણે મત ન આપ્યો તેમને હું કહેવા માગુ છું કે અમે તમારો વિશ્વાસ જીતવા માટે વધુ મહેનત કરીશું. મારા ધારાસભ્ય બનવાથી બાંકીપુર બેંગલુરુ નહીં બને, પરંતુ તમે બે કે ત્રણ મહિનામાં ચોક્કસ ફરક જોશો.'

### NEET PG-એક જ શિફ્ટમાં પેપર, ઘરની નજીક સેન્ટર

## પેપર લીકમાંથી બોધપાઠ- પેપર-NTAની ઓફિસની ચોવીસ કલાક સુરક્ષા, 7.5 કરોડનું ટેન્ડર બહાર પડ્યું

**નવી દિલ્હી, તા.03**

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે NEET PG 2026 પરીક્ષા માટે કેટલાક મોટા સુધારાની જાહેરાત કરી છે. આમાં પરીક્ષાર્થીઓની મુસાફરી અને પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ રોકવા માટે કડક પગલાં લેવામાં આવ્યા છે.

આ વખતે પરીક્ષા 30 ઓગસ્ટે યોજાવાની છે. આ માટે 2.73 લાખ ઉમેદવારોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે, જે ગયા વર્ષની સરખામણીમાં 12.5% વધુ છે. પરીક્ષા દેશભરના 340 શહેરોના લગભગ 1300 કેન્દ્રો પર યોજાશે.

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ NEET-UG 2026 પેપર લીકમાંથી બોધપાઠ લઈને પરીક્ષાના સમગ્ર ઈકોસિસ્ટમની સુરક્ષા મજબૂત કરવાનું શરૂ કરી દીધું છે.

આ માટે 7.5 કરોડનું ટેન્ડર બહાર પાડ્યું છે. આમાં NTA મુખ્યાલય સહિત સંવેદનશીલ સ્થળોએ 24 કલાક સુરક્ષા પૂરી



પાડવામાં આવશે.

આ ટેન્ડર 25 જુલાઈએ બહાર પાડવામાં આવ્યું છે. 17 ઓગસ્ટે બોલીઓ ખોલવામાં આવશે. જે પણ એજન્સીની નિમણૂક થશે, તેને બે વર્ષનું કામ મળશે.

આધારની તપાસ: અરજી અને પરીક્ષાના દિવસે 'આધાર' આધારિત વેરિફિકેશન થશે. બાયોમેટ્રિક તપાસ થશે. આ માટે વિદ્યાર્થીઓએ 2-3 કલાક પહેલા સેન્ટર પર પહોંચવું પડશે. ફિંગરપ્રિન્ટ ન મળવા પર આઈરિસ (આંખોની કીકી) સ્કેન કરવામાં આવશે.

વધારાની સુરક્ષા: 60,000થી વધુ કર્મચારીઓની તૈનાતી, સીસીટીવી, સિગ્નલ જામર અને સ્વતંત્ર નિરીક્ષકો લાઈવ દેખરેખ રાખશે.

પ્રશ્નપત્ર: પરીક્ષાના કુલ 210 મિનિટ (3 કલાક 30 મિનિટ) ને અલગ-અલગ સેક્શન (એ, બી, સી) માં વહેંચવામાં આવ્યા છે. દરેક સેક્શનને હલ કરવા માટે સમય મળશે. એકવાર સેક્શન સબમિટ થયા પછી અથવા તેનો સમય સમાપ્ત થયા પછી, ઉમેદવારો તેના પર પાછા ફરી શકશે નહીં.

નેગેટિવ માર્કિંગ: દરેક સાચા જવાબ માટે +4 માર્ક્સ આપવામાં આવશે, જ્યારે દરેક ખોટા જવાબ પર -1 માર્ક (25% નેગેટિવ માર્કિંગ) કાપવામાં આવશે. જે પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા નથી, તેના માટે 0 માર્ક રહેશે.

ઈમરજન્સી: જો કોઈ કેન્દ્ર પર ટેકનિકલ ખામી અથવા સર્વર સમસ્યાને કારણે ઈમરજન્સી સ્થિતિ ઊભી થાય છે, તો તાત્કાલિક બેકઅપ વ્યવસ્થા કરવામાં આવશે.

## દતિયામાં 'પંજા'ની વાપસી: આ 5 ફેક્ટર્સે પેટા ચૂંટણીમાં કોંગ્રેસને અપાવી જીત, ભાજપને આંતરિક ડખો નડ્યો

**દતિયા, તા.03**

મધ્ય પ્રદેશની ચર્ચિત દતિયા વિધાનસભા સીટની પેટાચૂંટણીનો મુકાબલો ખૂબ જ રસપ્રદ રહ્યો છે. ચૂંટણી પરિણામે ન માત્ર બુંદેલખંડ, પરંતુ આખા રાજ્યના રાજકીય સમીકરણોને નવો વળાંક આપી દીધો છે. પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્ર ભારતીની અયોગ્યતાના કારણે ખાલી પડેલી સીટ બચાવવી કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાનો વિષય હતો, અને પાર્ટીએ પૂર્વ ધારાસભ્ય કુંવર ઘનશ્યામ સિંહ પર ભરોસો મૂક્યો, જેમણે ભાજપ ઉમેદવાર આશુતોષ તિવારીને હરાવીને સીટ જાળવી રાખી. આ જીતને લઈને કોંગ્રેસ કાર્યકરોમાં ઉજવણીનો માહોલ છે.

વર્ષ 2023ની મધ્ય પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં પૂર્વ ગૃહમંત્રી ડૉ. નરોત્તમ મિશ્રાને કોંગ્રેસના રાજેન્દ્ર ભારતીએ હરાવ્યા હતા, અને હવે નરોત્તમ મિશ્રાની જગ્યાએ ઉતરેલા આશુતોષ તિવારીને કોંગ્રેસના કુંવર ઘનશ્યામ સિંહે હરાવીને ફરી કોંગ્રેસનો પરચમ લહેરાવ્યો છે.

કોંગ્રેસે દતિયામાં સ્થાનિક સ્તરે નવા પ્રયોગ કરવાને બદલે પોતાના જૂના અને અનુભવી ચહેરા કુંવર ઘનશ્યામ સિંહ પર દાવ ખેલ્યો. દતિયા સીટથી પહેલા પણ ધારાસભ્ય રહી ચૂકેલા ઘનશ્યામ સિંહની ગ્રામિણ અને શહેરી વિસ્તારોમાં સીધી પકડ છે.



પોતાની સ્વચ્છ છબી, અને લાંબા રાજકીય અનુભવના દમ પર તેઓ મતદારોનો વિશ્વાસ જીતવામાં સફળ રહ્યા છે.

ભાજપે પેટાચૂંટણીમાં પૂર્વ ગૃહમંત્રી ડૉ. નરોત્તમ મિશ્રાની ટિકિટ કાપીને RSS પૃષ્ઠભૂમિના આશુતોષ તિવારીને મેદાનમાં ઉતાર્યા હતા. જોકે, પાર્ટીએ ડેમેજ કંટ્રોલનો પ્રયાસ કર્યો, પરંતુ ધરાતલ પર કાર્યકરો અને નરોત્તમ મિશ્રાના સમર્થકોની નારાજગી પૂરી રીતે ખતમ ન થઈ શકી. ભાજપ કેડરની આ અંદરની નારાજગી મતદાનના દિવસે કોંગ્રેસ માટે ફાયદાકારક સાબિત થઈ. રાજેન્દ્ર ભારતી અયોગ્ય જાહેર થયા બાદ દતિયા સીટ પર પેટાચૂંટણી થઈ. કોંગ્રેસે આખા પ્રચાર દરમિયાન તેને જનતાના જનાદેશ પર સત્તાનું દબાણ અને રાજકીય ષડયંત્ર ગણાવ્યું. પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ જીતુ પટવારી અને વિપક્ષી નેતા ઉમંગ સિંઘાર સહિતના લોકોએ આક્રમક વલણ અપનાવ્યું. જનતાના એક મોટા વર્ગે કોંગ્રેસ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી અને ચૂંટણીમાં મોટી જીત અપાવી.

# જંતર-મંતર પર પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ સામે કેસ નહીં થાય

### સરકારે કહ્યું- 2700 ગુનેગારો સામે FIR કાયમ રહેશે, સુપ્રીમ કોર્ટે કહ્યું-કડકાઈ કરનારા જવાનોને બચાવશો નહીં

**નવી દિલ્હી, તા.03**

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે NEET પેપર લીકને લઈને વિરોધ કરનારા વિદ્યાર્થીઓ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે નહીં. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સોમવારે કહ્યું, 'સરકાર પોતાના વચન પર કાયમ છે. વિદ્યાર્થીઓ વિરુદ્ધ કોઈ FIR થશે નહીં.' મહેતાએ એ પણ કહ્યું કે પ્રદર્શન દરમિયાન ગંભીર ગુનાઓને લઈને જે 2700થી વધુ લોકો પર FIR નોંધાઈ છે, તેમને પાછી ખેંચવામાં આવશે નહીં.



કોકરોચ જનતા પાર્ટી (CJP) એ આ મુદ્દે દિલ્હીના જંતર-મંતર પર વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમની 3 માંગણીઓ હતી, જે સરકારે સ્વીકારી લીધી હતી. આમાં એક માંગણી એ પણ હતી કે સરકાર વિરોધ પ્રદર્શન કરનારાઓ વિરુદ્ધ કોઈ કાનૂની કાર્યવાહી કરશે નહીં. આ મામલે હવે 18 ઓગસ્ટે સુનાવણી થશે. સુપ્રીમ કોર્ટે સોમવારે તે અરજીઓ પર સુનાવણી કરી, જેમાં 20 જુલાઈના સંસદ માર્ચ દરમિયાન પોલીસ પર બર્બરતાનો આરોપ લગાવવામાં આવ્યો છે. વકીલ વૃંદા ગ્રોવરે પૂછ્યું કે શું પ્રદર્શનકારીઓ વિરુદ્ધ દાખલ FIR પાછી ખેંચવામાં આવશે કે રદ કરવામાં આવશે. આના પર મહેતાએ કહ્યું કે કાયદેસર રીતે જે પણ રીત સાચી હોય, સરકાર પોતાના વચન પર કાયમ છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે જો કોઈ પોલીસ અધિકારી જરૂરિયાત કરતાં વધુ બળનો ઉપયોગ કરે છે, તો તેને કારણ વગર બચાવવો ન જોઈએ. અને એવું પણ ન થવું જોઈએ કે વિદ્યાર્થી પ્રદર્શનની આડમાં કોઈ કુખ્યાત અપરાધીને બચાવવામાં આવે. પરીક્ષાઓમાં ગેરરીતિ અને NEET પેપર લીક વિરુદ્ધ કોકરોચ જનતા પાર્ટીનો વિરોધ પ્રદર્શન 36 દિવસ સુધી ચાલ્યો હતો. 25 જુલાઈએ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પછી આ પ્રદર્શન સમાપ્ત કરવામાં આવ્યું હતું.

બેન્ચ પ્રદર્શનકારીઓ અને પેલેટ ગનથી ઘાયલ થયેલાઓના આરોપોની તપાસ કરવા માટે સુપ્રીમ કોર્ટના પૂર્વ જજની અધ્યક્ષતામાં એક SIT બનાવી શકે છે. કોર્ટ એ પણ શોધવાનો પ્રયાસ કરી શકે છે કે પોલીસકર્મીઓ પર હુમલા વિદ્યાર્થીઓએ કર્યા હતા કે વિદ્યાર્થીઓની ભીડમાં ઘૂસી આવેલા તોફાની તત્વોએ.

28 જુલાઈના રોજ થયેલી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે રાજ્યોને પ્રદર્શનકારીઓ વિરુદ્ધ કોઈ પણ કડક કાર્યવાહી કરવાથી રોક્યા હતા. કોર્ટે એમ પણ કહ્યું હતું કે 18 વર્ષથી ઓછી ઉંમરના લોકોનો કોઈ ક્રિમિનલ રેકોર્ડ ન હોય તો તેમને મુક્ત કરી દેવામાં આવે.

અદાલતે મહારાષ્ટ્ર, બિહાર, આસામ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને કેરળ સરકારને નોટિસ જારી કરી હતી અને તેમના એડવોકેટ જનરલને આગામી સુનાવણીની તારીખે ઓનલાઈન હાજર રહેવા જણાવ્યું હતું.

જે રાજ્યોમાં વિરોધ પ્રદર્શનો થયા હતા, ત્યાં અદાલતે સીસીટીવી ફૂટેજ, ડ્રોન રેકોર્ડિંગ, બોડી-કેમેરા ફૂટેજ, વાયરલેસ કમ્યુનિકેશન રેકોર્ડ, PCR લોગ અને વિરોધ પ્રદર્શન સાથે સંબંધિત અન્ય ડિજિટલ પુરાવાઓને સુરક્ષિત રાખવા માટે નિર્દેશો જારી કર્યા હતા. 20 જુલાઈએ દિલ્હીમાં 'કોકરોચ જનતા પાર્ટી' દ્વારા સંસદ માર્ચ દરમિયાન પ્રદર્શનકારીઓ અને સુરક્ષાકર્મીઓ વચ્ચે અથડામણ થઈ હતી. સુરક્ષાકર્મીઓએ સંસદ તરફ આગળ વધવાનો પ્રયાસ કરી રહેલી ભીડને વિખેરવા માટે લાઠીચાર્જ કર્યો અને ટીયર ગેસ છોડ્યા. પ્રદર્શનકારીઓ NEET પેપર લીક કેસને લઈને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા હતા. 25 જુલાઈએ પ્રધાનના રાજીનામા અને જીવ ગુમાવનાર વિદ્યાર્થીઓના પરિવારોને વળતર આપવાની માંગ સ્વીકારવામાં આવતા આંદોલન સમાપ્ત થઈ ગયું હતું. રાજ્યસભાના એક સાંસદે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. આમાં પ્રદર્શન દરમિયાન દિલ્હી પોલીસ દ્વારા ફેશિયલ રિકગ્નિશન ટેકનોલોજી (FRT) અને બાયોમેટ્રિક સર્વેલન્સની અન્ય પદ્ધતિઓના ઉપયોગને પડકારવામાં આવ્યો છે. કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્ક્સવાદી) ના કેરળમથી રાજ્યસભાના સભ્ય એએ રહીમે માંગ કરી છે કે શાંતિપૂર્ણ જાહેર સભાઓમાં કોઈપણ ભેદભાવ વિના બાયોમેટ્રિક સર્વેલન્સનો ઉપયોગ ગેરબંધારણીય જાહેર કરવામાં આવે.

## 'સાંસદ કે ધારાસભ્ય નહીં, મારા તો સરપંચ બનવું છે': અભિજીત દિપકે જણાવ્યું CJP કેવી રીતે કામ કરશે, કહ્યું- રાજકીય પક્ષ નહીં બનાવીએ

**નવી દિલ્હી, તા.03**

કોકરોચ જનતા પાર્ટી (CJP) 5 ઓગસ્ટથી છત્રપતિ સંભાજીનગરમાં બે દિવસીય રણનીતિ બેઠક યોજશે. આ બેઠકમાં પાર્ટીના સ્થાપક, પ્રવક્તા અને સંગઠન સાથે જોડાયેલા લોકો સામેલ થશે. દિલ્હીના જંતર-મંતર પર વિદ્યાર્થીઓના આંદોલનનું નેતૃત્વ કરનાર CJPના સ્થાપક અભિજીત દિપકેએ સ્પષ્ટ કર્યું કે તેમને ચૂંટણી લડવાની કે રાજકારણમાં આવવાની કોઈ ઈચ્છા નથી. તેમનું કહેવું છે કે તેઓ ધારાસભ્ય કે સાંસદ બનવાને બદલે પોતાના ગામના સરપંચ બનીને ત્યાંની વ્યવસ્થા સુધારવા માંગે છે.

દિપકેએ કહ્યું કે તેમનું સંગઠન કોઈ એક રાજકીય પક્ષ વિરુદ્ધ નહીં પરંતુ સિસ્ટમ વિરુદ્ધ સંઘર્ષ કરી રહ્યું છે. જ્યાં પણ વિદ્યાર્થીઓ અને શિક્ષણ સંબંધિત મુદ્દાઓ સામે આવશે, તેમની ટીમ ત્યાં હાજર રહેશે. ન્યૂઝ એજન્સી IANS સાથે વાત કરતા અભિજીત દિપકેએ શિક્ષણના મુદ્દે કહ્યું કે આ ફક્ત કોઈ એક રાજ્યની સમસ્યા નથી પરંતુ લગભગ આખા દેશમાં શિક્ષણ વ્યવસ્થા પડકારોનો સામનો કરી રહી છે. વિદ્યાર્થીઓ નિરાશ છે અને તેમની સમસ્યાઓને ગંભીરતાથી



સાંભળવી જોઈએ. જ્યાં પણ શિક્ષણ સંબંધિત કોઈ મુદ્દો ઉભો થશે, તેમનું સંગઠન વિદ્યાર્થીઓની સાથે ઉભું રહેશે.

અભિજીત દીપકેએ કહ્યું કે તેમને બોસ્ટન યુનિવર્સિટીમાંથી સ્કોલરશિપ મળી હતી અને બાકીના પૈસા માટે લોન લીધી હતી, જે હજુ ચૂકવવાની બાકી છે. આ પહેલાં, સુરતના એક RTI કાર્યકર્તાએ તેમના પિતાની સંપત્તિ અને ફંડની તપાસની માગ કરી હતી. અને સવાલ ઉઠાવ્યા હતા કે દીપકે પાસે અમેરિકા જઈને અભ્યાસ કરવાના પૈસા ક્યાંથી આવ્યા. અભિજીત દીપકે આરોપ લગાવ્યો કે જંતર-મંતર પર શાંતિપૂર્ણ વિદ્યાર્થી વિરોધ પ્રદર્શનમાં બહારના લોકોએ ઘૂસણખોરી કરી હતી, જેના કારણે 20 જુલાઈએ સંસદ માર્ચ દરમિયાન હિંસા થઈ. તેમણે દાવો કર્યો કે વિરોધને બદનામ કરવા માટે બહારથી લોકો મોકલવામાં આવ્યા હતા. આ લોકોની દિલ્હી પોલીસ સાથે મિલીભગત હતી.



## સુરતમાં ખાડીપૂર બાદ પાલિકાની ઘોર બેદરકારી

# 1 કરોડનું ટેન્ડર મંજૂર છતાં ચોથા વર્ગના સફાઈ કર્મચારીઓ માસ્ક અને ગમબૂટ વગર ગંદકી સાફ કરવા મજબૂર

**સુરત, તા.03**

સુરત શહેરમાં દર વર્ષે ચોમાસાની ઋતુ દરમિયાન સર્જાતી ખાડીપૂરની સ્થિતિ નાગરિકો માટે ભારે આફત લઈને આવે છે. પૂરના પાણી નીચાણવાળા વિસ્તારો અને સોસાયટીઓમાં ઘૂસી જતાં લાખો લોકો બેહાલ બને છે. પૂરના પાણી ઓસર્યા બાદ રસ્તાઓ પર જમા થતો ટનબંધ કાદવ, ગંદકી અને દૂષિત કચરો સમગ્ર શહેરમાં ગંભીર રોગચાળો ફેલાવવાનું જોખમ ઊભું કરે છે. આ વિષમ પરિસ્થિતિમાં શહેરને રોગચાળામાંથી બચાવવા માટે સુરત મહાનગરપાલિકાના ચોથા વર્ગના કર્મચારીઓ એટલે કે સફાઈ કર્મીઓ પોતાના જીવના જોખમે ગ્રાઉન્ડ ઝીરો પર ઉતરે છે. પરંતુ, સમગ્ર શહેરને સ્વચ્છ અને નીરોગી બનાવનારા આ જ સ્વચ્છતા દૂતોના પોતાના સ્વાસ્થ્ય અને સુરક્ષા પ્રત્યે મહાનગરપાલિકાનું વહીવટી તંત્ર અસંવેદનશીલ અને ઉપેક્ષિત વલણ દાખવી રહ્યું છે. પૂરના પાણી ઓસર્યા બાદ હાથ ધરાયેલી વ્યાપક સફાઈ ઝુંબેશ વચ્ચે સફાઈ



કામદારોની સુરક્ષાને લઈને ગંભીર ઉપેક્ષા સામે આવી છે.

તાજેતરમાં ભારે વરસાદ અને ખાડીપૂરને કારણે શહેરમાં સર્જાયેલી દયનીય સ્થિતિ બાદ હાલ પાણી ઓસરી રહ્યા છે. શહેરમાં કાદવ-કચરાના કારણે ડેન્ગ્યુ, મલેરિયા અને ચામડીના ચેપી રોગો ન ફેલાય તે માટે પાલિકા દ્વારા યુદ્ધના ધોરણે સાફ-સફાઈની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ માટે સફાઈ કર્મચારીઓ સળંગ રાત-દિવસ એક કરીને કામગીરીમાં જોડાયેલા છે. જોકે, આ કામગીરી વચ્ચે ચોંકાવનારી વાસ્તવિકતા એ સામે આવી છે કે અતિશય દૂષિત કચરો અને કાદવ ઉપાડી રહેલા કર્મચારીઓના ચહેરા પર શ્વાસ સંબંધિત રોગોથી બચાવતા માસ્ક કે પગમાં પહેરવાના રબરના ગમબૂટ જેવા પાયાના સાધનો પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા નથી. મોટાભાગના કર્મચારીઓ માત્ર સામાન્ય ચંપલ પહેરીને, ખુલ્લા હાથે અતિશય અસ્વચ્છ અને જોખમી ગંદકી સાફ કરવા મજબૂર બન્યા છે, જેનાથી તેમના પોતાના જ આરોગ્ય સામે ગંભીર ખતરો ઊભો થયો છે.

બીજી તરફ, સરકારી ચોપડે ચોથા વર્ગના કર્મચારીઓની સલામતી માટે મોટી રકમો મંજૂર કરવામાં આવે છે પરંતુ તેનું અમલીકરણ ક્યારેય સમયસર થતું નથી. તારીખ 4 જુલાઈ 2026ના રોજ સુરત મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ચોથા વર્ગના કર્મચારીઓ માટે બૂટ અને ચપ્પલ ખરીદવા અર્થે 1,00,85,286 રૂપિયાનું ટેન્ડર 'મહેક ઈન્ડસ્ટ્રીઝ' નામના સપ્લાયરને આપવામાં આવ્યું હતું. નિયમ મુજબ ચોમાસાની ઋતુ શરૂ થાય તે પહેલાં જ પાલિકા તંત્ર દ્વારા આ તમામ સાધનોની ખરીદી પ્રક્રિયા પૂર્ણ કરી કર્મચારીઓને વિતરિત કરી દેવાના હોય છે. તેના બદલે, જુલાઈ મહિનામાં ચોમાસું જામ્યું અને પૂરની સ્થિતિ સર્જાઈ ગઈ ત્યારબાદ આ ટેન્ડર પાસ કરવામાં આવ્યું. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઈ હોવા છતાં આજે પણ શેરીઓ અને રસ્તાઓ પર કામ કરતા કર્મચારીઓ સુરક્ષા સાધનો વિના જ કાદવ ઉલેચતા જોવા મળી રહ્યા છે.

શહેરના વિવિધ પૂરગ્રસ્ત વિસ્તારોમાં જ્યાં હાલ સાફ-સફાઈ ચાલી રહી છે, ત્યાં સ્થિતિ દયનીય છે. પૂરના પાણી ઓસર્યા બાદ કાદવ અને કચરો કોહવાઈ જવાથી ત્યાં એટલી અસહ્ય દુર્ગંધ મારી રહી છે કે ત્યાં રિપોર્ટિંગ કરતી ટીમો માટે પણ માસ્ક વગર થોડી મિનિટો સુધી ઊભા રહેવું અત્યંત મુશ્કેલ બની રહ્યું છે. જ્યાં સામાન્ય લોકો માટે ઊભા રહેવું અશક્ય છે, ત્યાં પાલિકાના આ ચોથા વર્ગના કર્મચારીઓ કોઈ પણ પ્રકારના માસ્ક કે ગમબૂટ વગર કલાકો સુધી તે જ દુર્ગંધયુક્ત વાતાવરણમાં કામ કરી રહ્યા છે. પાલિકા તંત્ર દ્વારા માત્ર કાગળ પર ટેન્ડરો પાસ કરવાને બદલે તાત્કાલિક ધોરણે તમામ સફાઈ કર્મચારીઓને ગમબૂટ, ગ્લોવ્ઝ અને ફેસ માસ્ક જેવી પ્રાથમિક સુરક્ષા કીટ પૂરી પાડવામાં આવે તે અત્યંત જરૂરી બન્યું છે, જેથી શહેરને સ્વચ્છ રાખનારા આ કર્મચારીઓ પોતે મહામારીનો ભોગ ન બને.

# અમદાવાદના મનપસંદ કલબમાં હાઈપ્રોફાઈલ જુગાર પર રેડ, 180 જુગારી ઝડપાયા.......

- મુખ્ય સંચાલક ગામો, નિવૃત્ત પોલીસકર્મી અને ડિંગુચા કબૂતરબાજી કેસના બોબી પટેલના કનેક્શનની ચર્ચા

**અમદાવાદ, તા.03**

અમદાવાદના દરિયાપુરમાં આવેલી મનપસંદ કલબમાં ચાલતાં હાઈપ્રોફાઈલ જુગારમાં ગઈકાલે(2 ઓગસ્ટ) બપોરથી SMCની રેડ ચાલી રહી છે. ગઈકાલે રવિવાર હોવાથી મોટી સંખ્યામાં જુગારીઓ કલબમાં હાજર હતા. આ દરમિયાન રેડ થતા તમામને કલબમાં જ રાખવામાં આવ્યા છે. રેડ દરમિયાન SMCના SP અને DIG સહિતના અધિકારીઓ પણ સ્થળ પર દોડી આવ્યા હતા. પોલીસ દ્વારા 20 કલાક વધુથી રેડ ચાલુ છે, હજુ આરોપીના નિવેદન લેવામાં આવી રહ્યા છે.

મનપસંદ જીમખાનાનો મુખ્ય સંચાલક ગામો ઉર્ફે ગોવિંદ ઉર્ફે ગામો ખોડીદાસ પટેલ છે. ગામા સાથે એક નિવૃત પોલીસકર્મી અને ડિંગુચા કબૂતરબાજી કેસનો બોબી પટેલ પણ જોડાયેલા હોવાની ચર્ચા છે. અગાઉ પણ આ ક્લબમાં અનેક રેડ થઈ છે. અગાઉની કેટલીક રેડમાં હાઈકોર્ટનો ઓર્ડર બતાવી ગામો બચી જતો હતો, ત્યારે આ વખતે SMCની રેડમાં પોલીસના સંકજામાં આવી ગયા છે.

દરિયાપુરના વાઘજીપુરામાં આવેલી મનપસંદ ક્લબમાં ગઈકાલે બપોરથી SMCની ટીમે ચોક્કસ



બાતમીના આધારે રેડ કરી હતી. આ રેડ દરમિયાન કલબમાં જુગાર રમતા 180 જુગારીઓ ઝડપાયા હતા. જીમખાનામાં રેડ દરમિયાન ત્રણેય માળ પરના હોલમાં 35થી 40 ટેબલ પર જુગારીઓ જુગાર રમતા હતા.

SMCની ટીમે તમામની અટકાયત કરી મોબાઈલ ફોન, રોકડ રકમ, જુગારના કોઈન, વાહન સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. રેડના 20 કલાક બાદ પણ કલબમાં હજુ આરોપીના નિવેદન નોંધવામાં આવી રહ્યા છે.

રેડ પૂરી થયા બાદ તમામ આરોપીઓને પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવશે. જોકે છેલ્લી રેડમાં પણ મોટી સંખ્યામાં આરોપીઓ હોવાથી તમામ આરોપીઓ એક દરિયાપુર પોલીસ સ્ટેશનમાં આવી શકે તેમ ન્હોતા, જેથી આસપાસના પોલીસ સ્ટેશનમાં આરોપીઓને લઈ જવામાં આવ્યા હતા.આ રેડમાં પણ 150થી 180 જેટલા આરોપીઓ હોવાથી દરિયાપુર પોલીસ સ્ટેશન સિવાય અન્ય પોલીસ સ્ટેશનમાં પણ લઈ જવામાં આવશે.

રેડ દરમિયાન SMCના SP મયુર ચાવડા અને DIG વિશાલ વાઘેલા પણ મનપસંદ કલબ પર મોડી રાતે પહોંચ્યા હતા. ગત વખતે રેડ દરમિયાન દરિયાપુર પીઆઇ અને પીએસઆઈને સસ્પેન્ડ કરાયા હતા. આ રેડ દરમિયાન પણ સ્થાનિક પોલીસ સામે તપાસ કરવામાં આવશે. સ્થાનિક પોલીસ સામે DGP પગલા લઈ શકે છે.

# ઉત્રાણ પોલીસ સ્ટેશનના શૌચાલયની બારી તોડી આરોપી ફરાર: 19 કિમી દૂર કડોદરાથી ઝડપાયો

**સુરત, તા.03**

સુરત શહેરના ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં ફરજ પર તૈનાત પોલીસકર્મીઓને ચકમો આપીને 5 લાખના એમડી ડ્રગ્સ સાથે પકડાયેલો એક આરોપી શૌચાલયની બારીના કાચ તોડીને કસ્ટડીમાંથી ભાગી છૂટતાં પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ હતી. આરોપીએ પેટમાં દુખાવો અને કબ્જિયાત હોવાનું બહાનુ ધરીને આખો પ્લાન ઘડ્યો હતો. જોકે, આ મામલે ઉત્રાણ પોલીસ મથકમાં અ.હે.કો. હિંમતભાઈ ગંધુભાઈની ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીને ગણતરીના કલાકોમાં 19 કિમી દૂર કડોદરા પાસેથી ઝડપી પાડ્યો હતો.

મળતી માહિતી મુજબ, મૂળ જૂનાગઢના વિસાવદરના રાવણી ગામનો અને હાલ ઉત્રાણ સ્થિત રાધે રેસિડેન્સીમાં રહેતો કેતનભાઈ ઉર્ફે વકીલ મનસુખભાઈ પટેલ (ઉં.વ. 29) NDPS એક્ટ હેઠળના ગુનામાં 5 લાખના એમડી ડ્રગ્સ સાથે ઝડપાયા બાદ કસ્ટડીમાં હતો અને તેના રિમાન્ડ ચાલી રહ્યા હતા. વહેલી સવારે આશરે 05:15 વાગ્યે આરોપીએ પોતાની બીપીની બીમારી અને કબ્જિયાતના કારણે ગભરામણ થતી હોવાનું તથા પેટમાં દુખાવો થતો હોવાનું બહાનુ કાઢ્યું હતું. અગાઉ તેની પત્ની મેનાબેન મુકી ગયેલી કબ્જિયાતની



દવા આપવા માટે તેણે પોલીસ કર્મચારીઓ પાસે માગણી કરી હતી.

પોલીસે માનવતા દાખવી તેને દવા આપીને ઈન્વેસ્ટિગેશન રૂમની બાજુમાં આવેલા જાહેર શૌચાલયમાં જવાની છૂટ આપી હતી. જોકે, શૌચાલયમાં ગયા બાદ આરોપી કેતને અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો અને શૌચાલયનો નળ ચાલુ કરી દીધો હતો. થોડી જ વારમાં કાચ તૂટવાનો અવાજ આવતા બહાર ઉભેલા પોલીસ કર્મચારીઓ સતર્ક થઈ ગયા હતા. પોલીસે દરવાજો તોડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ દરવાજો ખૂલ્યો નહોતો.

દરમિયાન, શૌચાલયની પાછળના ભાગેથી કંઈક પડવાનો અવાજ આવતા જ ફરજ પરના પોલીસ કર્મચારીઓ તાત્કાલિક બહાર દોડી ગયા હતા. તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે, આરોપી શૌચાલયની પાછળની બારીના કાચ તોડી, સરકારી મિલકતને નુકસાન પહોંચાડીને કસ્ટડીમાંથી ભાગી છૂટ્યો હતો. રાત્રિના અંધારાનો લાભ લઈને તે પોલીસ સ્ટેશન પાછળની દીવાલ પરથી ફરાર થઈ ગયો હતો.

બનાવ અંગેની જાણ તુર્તજ પી.આઈ. એચ.આર. ગોસ્વામી અને તપાસ અધિકારી પી.એસ. આઈ. આર.ડી. ધાધલને કરવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક આસપાસના રસ્તાઓ અને સંભવિત ઠેકાણાઓ પર નાકાબંધી કરીને આરોપી કેતન પટેલની શોધખોળ શરૂ કરી હતી. સુરત પોલીસે તત્કાલ તમામ એક્ઝિટ પોઈન્ટ્સ પર સઘન નાકાબંધી ગોઠવી દીધી હતી. અલગ-અલગ ટીમો બનાવી બાતમીદારો અને સર્વેલન્સ ટેકનોલોજીની મદદથી આરોપીની શોધખોળ આદરવામાં આવી હતી.

ગણતરીના કલાકોમાં જ ઉત્રાણ પોલીસ સ્ટેશનથી 19 કિમી દૂર કડોદરા ચાર રસ્તા પાસેથી આરોપી મનિષ પટેલને પોલીસે કોર્ડન કરીને ઝડપી પાડ્યો છે અને તેની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના સંદર્ભે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૨૬૨, ૩૨૪(૩) તથા પ્રિવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લિક પ્રોપર્ટી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# 'નેતાઓ આંખે પાટા બાંધી ગાંધારી બનીને બેઠા છે': 25 દિવસમાં 3 વાર પાણી ભરાતા મગોબ જનતા આક્રોશમાં, કોર્પોરેટરના જવાબથી ગુસ્સો ફાટ્યો

**સુરત, તા.03**

સુરત શહેરના મગોબ વિસ્તારમાં છેલ્લા 25 દિવસમાં સતત ત્રીજી વખત ખાડીપૂર આવતાં સ્થાનિક રહીશોની ધીરજ ખૂટી ગઈ છે. ઘર, વેપાર અને રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ જતાં લોકોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. આ વખતે મગોબ વિસ્તારની મહિલાઓએ આગળ આવીને સીધો મોરચો સંભાળ્યો છે અને તંત્ર તેમજ સ્થાનિક રાજકીય નેતાઓ સામે સીધો વિરોધ નોંધાવ્યો છે.

મહિલાઓએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, 'જ્યારે ચૂંટણી આવે ત્યારે નેતાઓ હાથ જોડીને વોટ માગવા આવે છે, પણ પૂરની સ્થિતિમાં કોઈ ડોકાતું પણ નથી. જો આ સમસ્યાનો કાયમી નિકાલ નહીં આવે, તો આગામી 2027ની ચૂંટણીમાં આ વિસ્તારમાંથી એક પણ વોટ નહીં આપવામાં આવે.' પાણી ભરાવાને કારણે માધવબાગ, ઋષિ વિહાર અને આસપાસના વિસ્તારોમાં રોજગાર-ધંધા અને રોજીંદા જીવન પર ગંભીર અસર પડી છે.

સ્થાનિક મહિલાઓએ જ્યારે વ્યથા રજૂ કરવા સ્થાનિક કોર્પોરેટર દિનેશ રાજપુરોહિતને ફોન કર્યો, ત્યારે તેમણે બેજવાબદાર જવાબો



આપીને જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કર્યો હતો. કોર્પોરેટરે દાવો કર્યો હતો કે 'વરસાદની પેટર્ન બદલાઈ ગઈ છે અને આ વખતે ક્યાં પાણી ઘરમાં આવ્યું છે?' આ સાંભળીને આક્રોશિત મહિલાએ તીખો જવાબ આપતા કહ્યું કે, 'ઘરમાં પાણી નથી ઘૂસ્યું પણ રોડ-રસ્તા અને શેરીઓ જળમગ્ન છે. છેલ્લા ત્રણ-ત્રણ દિવસથી સુરતમાં કે ઉપરવાસમાં વરસાદ નથી, છતાં ખાડીના પાણી કેમ નીચે નથી ઉતરતા? શું જનતાને પાગલ સમજો છો કે લોલીપોપ પકડાવી દો છો?' મહિલાએ આક્ષેપ કર્યો હતો કે મનપા દ્વારા ખાડી ડાયવર્ટ કરવાના નામે લોલમલોલ ચલાવવામાં આવી રહી છે.

ખાડીપૂરની ભયાનક સ્થિતિ વર્ણવતાં સ્થાનિક રહીશ અલકાબેન પટેલે જણાવ્યું હતું કે, 'અમે નેતાઓથી થાકી ગયા છીએ. જે નેતાઓ આંખે પાટા બાંધીને ગાંધારી બનીને બેઠા છે, એમને કહો કે હવે પાટા ખોલે અને કાનથી જનતાનો અવાજ સાંભળે. છોકરાઓ, બૈરાઓ અને ઓફિસે જતા પુરુષો હેરાન-પરેશાન થઈ ગયા છે. સુરત મનપા (SMC) આખા ગુજરાતમાં સૌથી ધનિક તંત્ર ગણાય છે, છતાં આ કરોડો રૂપિયા ક્યાં જાય છે? જો પંજાબમાં સિંધુ નદીનું પાણી રોકી શકાતું હોય, તો મગોબની ખાડીનું પાણી કેમ ન રોકી શકાય? આ કોઈ કુદરતી હોનારત નથી પણ મનપાની ઘોર બેદરકારીના કારણે સર્જાયેલી કૃત્રિમ આપદા છે.'

મગોબના અન્ય એક મહિલા રહીશ કલ્પનાબેન પટેલે કોર્પોરેટર સાથેની વાતચીતનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, 'અમે તંત્ર સમક્ષ કાયમી ઉકેલની માગ કરી રહ્યા છીએ. જો 10-15 વર્ષે એકાદ વાર પૂર આવે તો સમજી શકાય કે આ કુદરતી કોપ છે, પરંતુ અહીં તો દર વર્ષે ચોમાસામાં 3-3 વાર પાણી ભરાય છે. લોકો હાસી પાત્ર બની ગયા છે. દોઢ-દોઢ કરોડના મકાનો લોકો કંટાળીને 40-50 લાખમાં મફતના ભાવે વેચવા મજબૂર બન્યા છે. 10 વર્ષથી આ કાયમી મુશ્કેલી બની ગઈ છે. જનતા ક્યાં સુધી આ વેઠ વેઠશે? તંત્ર અને નેતાઓની મિલીભગતને કારણે સામાન્ય જનતા પીસાઈ રહી છે.'

સ્થાનિક વડીલ ભૂપતભાઈ પટેલે મનપાના ખાડી સફાઈ અભિયાન પર સવાલો ઉઠાવતા કહ્યું હતું કે, 'આ સંપૂર્ણ નિષ્ફળતા તંત્ર અને તેની ઉપર બેઠેલા રાજકારણીઓની છે. સફાઈના નામે કરોડો રૂપિયાના ટેન્ડરો મંજૂર થાય છે, પણ કામગીરી માત્ર કાગળ પર હોય છે. ખાડીમાં જેસીબી લાવીને જેમ હાથી સૂંઢ હલાવે એમ થોડી માટી હલાવીને ફૂફાડો મારીને જતા રહે છે. પૂછીએ કે કેટલી ગાડી માટી કાઢી તો કહેશે 3-4 ગાડી! ટ્રેક્ટરમાં માટી ભરે ને ડમ્પર કેમ નથી લાવતા એમ પૂછીએ તો બહાના બતાવે છે કે ડમ્પરમાં પંચર છે. આખી ખાડી સફાઈમાં માત્ર ભ્રષ્ટાચાર જ થઈ રહ્યો છે.'

મગોબ વિસ્તારના સતત અન્યાય સામે હવે 100થી વધુ સોસાયટીના લોકોએ એકત્રિત થઈને બેઠક યોજી છે અને આરપારની લડાઈ લડવાનું એલાન કર્યું છે. રહીશોએ નિર્ણય લીધો છે કે આગામી બે દિવસની અંદર ઢોલ-નગારા સાથે મોટો મોરચો કાઢીને સુરત મનપા કમિશનર કચેરી અને જિલ્લા કલેક્ટર કચેરીનો ઘેરાવ કરવામાં આવશે. રહીશોએ સ્પષ્ટ કર્યું છે કે, જો સ્થાનિક કોર્પોરેટર કે ધારાસભ્યથી કામ નહીં થાય તો તેઓ મેયર, ગાંધીનગર અને દિલ્હી સુધી સાંસદ ગોવિંદભાઈ ભગત સુધી પોતાની રજૂઆત લઈને પહોંચશે. જો તંત્ર તાત્કાલિક કાયમી ઉકેલ નહીં લાવે તો આ આંદોલન વધુ ઉગ્ર બનશે.

# અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા ટ્રાફિક પ્લાનિંગ સેલની રચના

## ડિઝાઇનથી લઈને દબાણો દૂર કરવાની કામગીરી થશે, AMC પ્લાનિંગ કરશે તો પોલીસ અમલ કરાવશે?

**અમદાવાદ, તા.03**

અમદાવાદમાં વધતી જતી વસ્તી અને વાહનોની સંખ્યાને કારણે તેમજ મોટાભાગના લોકોમાં ટ્રાફિક સેન્સ અને ટ્રાફિક અંગેની જાગૃતિના અભાવને કારણે ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ બની ગઈ છે. નાના ચાર રસ્તા ઉપર પણ જો થોડીવાર વાહન ઊભા રહી જાય તો ટ્રાફિક જામની સ્થિતિ ઊભી થઈ જાય છે ત્યારે શહેરમાં ટ્રાફિકની સમસ્યા, વાહન પાર્કિંગની મુશ્કેલી દૂર કરવા તેમજ ટ્રાફિક સાઈનેજ સહિતની કામગીરી કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટ્રાફિક પ્લાનીંગ સેલની રચના કરવામાં આવી છે.

રોડ પર દબાણના કારણે થતા ટ્રાફિકને દૂર કરવા એસ્ટેટ વિભાગ તેમજ અલગ અલગ જગ્યા પર ટ્રાફિક સિગ્નલ બનાવવા અને CCTV કેમેરાની મદદથી લોકોને દંડ ફટકારવા સહિતની હવે કામગીરી માટે અલગ અલગ વિભાગોના અધિકારીઓ કર્મચારીઓ મળી



40 લોકોનો પ્લાનિંગ સેલ બનાવાયો છે. પ્લાનિંગ સેલ ટ્રાફિક દૂર કરવા માટે તમામ પ્લાનિંગ તૈયાર કરશે. જોકે કોર્પોરેશન પાસે માત્ર કામગીરી કેવી રીતે કરવી જોઈએ તેનું પ્લાનિંગ થશે.

પરંતુ ખાસ અમલ ટ્રાફિક પોલીસને કરાવવાનો હોય છે ત્યારે ટ્રાફિક પોલીસ આવા પ્લાનિંગ સેલ દ્વારા કરવામાં આવતા પ્લાનિંગ પર અમલ કરશે કે કેમ તેને લઈને સવાલ છે. કારણ કે કોર્પોરેશનના પ્લાનિંગ સામે ટ્રાફિક પોલીસ પોતાનું જ અલગથી પ્લાનિંગ કરીને કોર્પોરેશનને અમલ કરવા માટે કહેતું હોય છે. ત્યારે હવે આ સેલ દ્વારા આપવામાં આવતા સૂચન ટ્રાફિક પોલીસ માન્ય રાખી અમલ કરાવશે કે કેમ તેના પર સવાલ છે.

મળતી માહિતી મુજબ શહેરમાં ટ્રાફિકની સમસ્યા વધી રહી છે ત્યારે લોકોમાં પણ ટ્રાફિકની સેન્સનો અભાવ જોવા મળી રહ્યો છે. સુચારૂ ટ્રાફિક મેનેજમેન્ટ માટે લેફ્ટ ટર્ન ફ્રી, ટ્રાફિક સાઈનેજ, ઝીબ્રા ક્રોસિંગ, બમ્પ, ટ્રાફિક સિગ્નલ અને છેલ્લે દબાણો હટાવવા સહિત અનેક પ્રકારની કામગીરી કરવા માટે છેલ્લા કેટલાય સમયથી કમિશનર સૂચનાઓ આપતાં રહે છે, પરંતુ મોટાભાગની કામગીરી કોન્ટ્રાક્ટર આધારિત હોવાથી તેમજ અધિકારીઓ ઉપર વધારાની જવાબદારીઓ હોવાથી ટ્રાફિક અંગેની કામગીરીમાં વધુ ધ્યાન આપી શકાતું નહોતું.

ટ્રાફિક પ્લાનિંગ વિભાગમાં માત્ર એક જ એન્જિનિયર અને બીજા ત્રણ અધિકારી કર્મચારીઓ કામ કરી રહ્યા હતા, ત્યારે હવે મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ ટ્રાફિક પ્લાનિંગ સેલની રચના કરી છે. ટ્રાફિક-પ્રોજેક્ટ, એસ્ટેટ, ઈ- ગવર્નન્સ, નાણા અને પબ્લિસિટી વિભાગના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની સીધી દેખરેખ હેઠળ 40 જેટલા અધિકારીઓ અને કર્મચારીઓ વધારાની જવાબદારી સાથે પ્લાનિંગ સેલમાં મૂકવામાં આવ્યા છે. એક એડિશનલ સિટી ઈજનેર બે ડેપ્યુટી સીટી ઈજનેર અને આસિસ્ટન્ટ ઈજનેર સહિતના અધિકારીઓ અને એસ્ટેટ વિભાગના ઈન્સ્પેક્ટર અને સબ ઈન્સ્પેક્ટર સહિતનો સ્ટાફ ફાળવવામાં આવ્યો છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીએ જણાવ્યું હતું કે, વધતા જતા ટ્રાફિકની સમસ્યાને ઘટાડવા માટે યોગ્ય પ્લાનિંગ કરવું જરૂરી છે જેથી રોડ ખુલ્લા કરવા, લેફ્ટ ટર્ન ફ્રી, સાઈનેજ વગેરેની કામગીરી તેમજ ટ્રાફિક માટે જવાબદાર રોડ ઉપર દબાણો ના થાય, કોમર્શિયલ બિલ્ડીંગો અને રહેણાંક બિલ્ડીંગોમાં આવતાં મુલાકાતીઓને રોડ ઉપર પાર્કિંગ કરાવવા જેવી ગેરકાયદે પ્રવૃત્તિને અટકાવવાની જવાબદારી એસ્ટેટ ખાતાની છે. જેથી એસ્ટેટ વિભાગની ટ્રાફિક પ્લાનિંગ સેલમાં વધુ જવાબદારી છે. જેથી ટ્રાફિક પ્લાનિંગ સેલ દ્વારા હવે જ્યાં વધુ દબાણ અને ટ્રાફિક થતા હશે ત્યાં કાર્યવાહી કરવામાં આવશે.

# GTUના કાર્યકારી કુલપતિ તરીકે વૈભવ ભટ્ટની નિયુક્તિ: સર્ચ કમિટીની રચના ન થતાં કાયમીની જગ્યાએ ઇન્ચાર્જ VC મૂકવા પડ્યા

**અમદાવાદ, તા.03**

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU)ના પ્રથમ મહિલા કુલપતિ ડૉ. રાજુલ ગજ્જરનો 3 વર્ષનો કાર્યકાળ આજે (3 ઓગસ્ટ) પૂર્ણ થઈ ગયો છે. જેથી કાર્યકારી કુલપતિ તરીકે GTUના પ્રોફેસર અને સ્કૂલ ઓફ એપ્લાઈડ સાયન્સના ડિરેક્ટર વૈભવ ભટ્ટની નિમણૂંક કરવામાં આવી છે. જો કે ઈન્ચાર્જ કુલપતિ નિમાયા બાદ તેને વહીવટ ચલાવવાની સત્તા સોંપવામાં આવતી હોય છે, પરંતુ ઈન્ચાર્જ કુલપતિ કોઈ મોટો નિર્ણય લઈ શકતા નથી. વૈભવ ભટ્ટ સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી માઈક્રોબાયોલોજીમાં M.Sc. અને બાયોટેકનોલોજીમાં Ph.D.ની પદવી મેળવેલી છે. તેમજ વર્ષ 2020 થી 2022 દરમિયાન GTU ખાતે AIC-GISC ફાઉન્ડેશનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) તરીકે પણ રહી ચૂક્યા છે.

નિયમ મુજબ, મુદત પૂરી થવાના ત્રણ મહિના પહેલાં સર્ચ કમિટીની રચના કરવાની હોય છે, પરંતુ પ્રક્રિયા શરૂ ન થઈ હોવાથી



નવા કાયમી કુલપતિની પસંદગી અટકી પડી છે. પરિણામે, ગુજરાત યુનિવર્સિટીની જેમ GTUમાં પણ ઈન્ચાર્જ કુલપતિની નિમણૂક કરવામાં આવી છે.

ડૉ. રાજુલ ગજ્જરની ઓગસ્ટ, 2023માં રાજ્ય સરકાર દ્વારા ત્રણ વર્ષ માટે કુલપતિ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. રાજુલ ગજ્જર GTUના ઈતિહાસમાં પ્રથમ મહિલા કુલપતિ બન્યા હતા. ભારતીય શિક્ષક શિક્ષણ સંસ્થા (IITE)ના કુલપતિ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. તેઓ 2016માં સાત મહિના માટે GTUના ઈન્ચાર્જ કુલપતિ પણ રહ્યા હતા. વર્ષ 2007માં સ્થાપિત GTU આજે રાજ્યની સૌથી મોટી ટેક્નિકલ યુનિવર્સિટી છે, જેની સાથે 480થી વધુ એન્જિનિયરિંગ, ફાર્મસી, મેનેજમેન્ટ અને ડિપ્લોમા સંસ્થાઓ સંલગ્ન છે અને ચાર લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સામાન્ય રીતે કુલપતિનો કાર્યકાળ પૂર્ણ થાય તે પહેલાં ઓછામાં ઓછા 3 મહિના અગાઉ સર્ચ કમિટી બનાવવામાં આવતી હોય છે. તેમજ કુલપતિનું પદ ખાલી થયા તેની જગ્યા પર નવા કુલપતિની નિમણૂક કરવામાં આવતી હોય છે. પરંતુ હજુ સુધી ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીમાં નવા કુલપતિ માટે સર્ચ કમિટીની રચના કરવામાં આવી નથી. તેમજ સરકાર દ્વારા સર્ચ કમિટીની લઈને નિર્ણય ક્યારે લેવાશે તે પણ હજુ નક્કી નથી. સર્ચ કમિટીની જાહેરાત કર્યા બાદ જાહેરનામું બહાર પાડવામાં આવતું હોય છે. જે બાદ અરજીઓ મંગાવવવામાં આવે છે અને ઉમેદવારોની ચકાસણી કરવામાં આવતી હોય છે, જેથી આ પ્રક્રિયામાં સામાન્ય રીતે બે-ત્રણ મહિનાનો સમય લાગે છે. એટલે સ્પષ્ટ છે કે નવા કાયમી કુલપતિની નિમણૂક શક્ય નથી, જેથી ડૉ. રાજુલ કે. ગજ્જરનો કાર્યકાળ પૂર્ણ થતા ઈન્ચાર્જ કુલપતિ મૂકવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અમેરિકા-ઈરાન વચ્ચે ફરી વાટાઘાટો શરૂ થશે: ટ્રમ્પે કહ્યું- હુમલો કરી શકીએ છીએ, પરંતુ લોકોને મારવા માંગતો નથી

વોશિંગ્ટન, તા.03





અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે સોમવારથી અમેરિકા અને ઈરાન વચ્ચે વાતચીત શરૂ થશે. એરફોર્સ વનમાં પત્રકારો સાથે વાતચીત દરમિયાન તેમણે કહ્યું કે વાટાઘાટો મધ્યસ્થીઓ દ્વારા થશે. ટ્રમ્પે કહ્યું, 'અમે જ્યારે ઈચ્છીએ ત્યારે કાર્યવાહી કરી શકીએ છીએ, પરંતુ હું લોકોને મારવા માંગતો નથી. જો સમજૂતી થઈ જાય તો ઘણા જીવ બચી જશે. જોઈએ વાતચીતનું શું પરિણામ આવે છે.' ટ્રમ્પના મતે, સાઉદી અરબ, કતર, સંયુક્ત અરબ અમીરાત (UAE) અને ઈરાન સાથે થયેલી રાજદ્વારી વાતચીત પછી તેમણે ઈરાન પર પ્રસ્તાવિત મોટો હુમલો ટાળી દીધો. તેમણે દાવો કર્યો કે વાતચીતમાં હોર્મુઝ સ્ટ્રેટ અને ઈરાનના પરમાણુ કાર્યક્રમ જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા થશે. જોકે, ઈરાને ટ્રમ્પના ઘણા દાવાઓનો ઈનકાર કર્યો છે. ઈરાની અધિકારીઓનું કહેવું છે કે હોર્મુઝ સ્ટ્રેટને લઈને હજુ કોઈ ઔપચારિક સમજૂતી થઈ નથી.

ટ્રમ્પે હાલ પૂરતો ઈરાન પર હુમલો ટાળ્યો: ટ્રમ્પે દાવો કર્યો કે ઈરાન અને અન્ય પશ્ચિમ એશિયાઈ દેશો તરફથી સમજૂતીનો પ્રસ્તાવ મળ્યા બાદ અમેરિકાએ હાલ પૂરતો ઈરાન પર પ્રસ્તાવિત હુમલો ટાળી દીધો છે. ઈરાનની ચેતવણી- હુમલો થયો તો અમેરિકી ઠેકાણાઓને નિશાન બનાવશે: ઈરાની સાંસદ ઈબ્રાહિમ રેઝાઈએ કહ્યું કે જો અમેરિકાએ હુમલો કર્યો તો ઈરાન માત્ર ખાડી ક્ષેત્ર જ નહીં, પરંતુ જ્યાં-જ્યાં અમેરિકી સૈન્ય ઠેકાણાં છે, તેમને નિશાન બનાવશે.

ટ્રમ્પ અને સાઉદી ક્રાઉન પ્રિન્સે તણાવ ઓછો કરવા પર વાત કરી: ટ્રમ્પ અને સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને ફોન પર પશ્ચિમ એશિયાના હાલાત પર ચર્ચા કરી. બંને નેતાઓએ વાતચીત અને સીઝફાયર દ્વારા તણાવ ઓછો કરવા પર ભાર મૂક્યો.

અમેરિકાના મિસાઈલ ડિફેન્સ સિસ્ટમનો સ્ટોક ઝડપથી ઘટ્યો: CSISના રિપોર્ટ અનુસાર, સતત સૈન્ય અભિયાનોને કારણે અમેરિકાના પેટ્રિયટ અને THAAD ઈન્ટરસેપ્ટર મિસાઈલોનો ભંડાર ઝડપથી ઘટ્યો છે. રિપોર્ટમાં તેને ભવિષ્યના સંભવિત સંઘર્ષો માટે મોટો પડકાર ગણાવ્યો છે.

રુબિયો બોલ્યા- હોર્મુઝ સ્ટ્રેટનો વિકલ્પ તૈયાર કરવો પડશે: અમેરીકી વિદેશ મંત્રી માર્કો રુબિયોએ કહ્યું કે દુનિયાએ તેલ અને ગેસના સપ્લાય માટે માત્ર હોર્મુઝ સ્ટ્રેટ પર નિર્ભર ન રહેવું જોઈએ. તેના માટે વૈકલ્પિક દરિયાઈ માર્ગો વિકસાવવા પડશે, જોકે નિષ્ણાતો તેને સરળ માનતા નથી. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ દાવો કર્યો છે કે તેણે હોર્મુઝ સ્ટ્રેટ ઉપર ઉડી રહેલા MQ-9 રીપર ડ્રોનને તોડી પાડ્યું છે.

IRGC સાથે સંકળાયેલા સેપાહ ન્યૂઝ અનુસાર, ડ્રોનને હોર્મુઝ સ્ટ્રેટ પર તૈનાત ઈરાની એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા નિશાન બનાવવામાં આવ્યું હતું. જોકે, તે કયા દેશનું ડ્રોન હતું તે જણાવવામાં આવ્યું નથી. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ જણાવ્યું કે હોર્મુઝ સ્ટ્રેટને લઈને ઓમાન સાથે વાતચીત ચાલુ છે અને અસ્થાયી અવરજવર સુનિશ્ચિત કરવાની દિશામાં કેટલીક પ્રગતિ થઈ છે.

જોકે, તેમણે કહ્યું કે માત્ર ઓમાન સાથે સમજૂતી થવાથી સ્ટ્રેટ ખુલશે નહીં. જ્યાં સુધી અમેરિકાની આક્રમક કાર્યવાહી ચાલુ રહેશે, ત્યાં સુધી વર્તમાન સ્થિતિમાં કોઈ ફેરફાર થશે નહીં. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ કહ્યું છે કે હાલમાં અમેરિકા સાથે કોઈ વાતચીત ચાલી રહી નથી. તેમણે કહ્યું કે અત્યારે ન તો ઈરાન કોઈ પ્રતિનિધિમંડળ અમેરિકા મોકલવાની યોજના બનાવી રહ્યું છે અને ન તો કોઈ અમેરિકી પ્રતિનિધિમંડળની મેજબાની કરશે.

ભારત સરકારે 2002 બેચના ભારતીય વિદેશ સેવા (IFS) અધિકારી વિશ્વેશ નેગીને ઈરાનમાં આગામી ભારતીય રાજદૂત તરીકે નિયુક્ત કર્યા છે. તેઓ હાલમાં વિદેશ મંત્રાલયમાં સંયુક્ત સચિવ છે અને ટૂંક સમયમાં તેહરાનમાં કાર્યભાર સંભાળશે. નેગી, વર્તમાન ભારતીય રાજદૂત રુદ્ર ગૌરવ શ્રેષ્ઠનું સ્થાન લેશે. શ્રેષ્ઠને તુર્કીયેમાં ભારતના આગામી રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વિશ્વેશ નેગી 2002 બેચના ભારતીય વિદેશ સેવા (IFS) અધિકારી છે. તેમણે વિદેશ મંત્રાલયમાં ઓશનિયા ડિવિઝનના સંયુક્ત સચિવ તરીકે કામ કર્યું છે. આ ઉપરાંત, તેમણે સંરક્ષણ મંત્રાલયમાં આંતરરાષ્ટ્રીય સંરક્ષણ સહયોગ અને સંયુક્ત રાષ્ટ્રના રાજકીય બાબતો સંબંધિત જવાબદારીઓ પણ સંભાળી છે.

અમેરિકી અખબાર ન્યૂયોર્ક ટાઈમ્સ (NYT) એ દાવો કર્યો છે કે અમેરિકાએ ઈરાનના કિશ ટાપુ પરના હુમલામાં 2,000 પાઉન્ડનો માર્ક-84 બોમ્બ વાપર્યો હતો. રિપોર્ટમાં જણાવાયું છે કે વીડિયો, તસવીરો, સેટેલાઈટ ઈમેજ અને હથિયાર નિષ્ણાતોના વિશ્લેષણમાંથી મળેલા પુરાવા આ બોમ્બના ઉપયોગ તરફ ઈશારો કરે છે. આ અમેરિકી સેનાના સૌથી મોટા પરંપરાગત બોમ્બમાંથી એક ગણાય છે.

# સુપ્રીમ કોર્ટ કોલેજિયમ સિસ્ટમમાં વધુ પારદર્શિતા હોવી જોઈએ: જસ્ટિસ ઉજ્જલ ભુય્યાન.....

નવી દિલ્હી, તા.03

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ ઉજ્જલ ભુય્યાને ન્યાયિક નિમણૂક પ્રક્રિયામાં વધુ પારદર્શિતાની માંગ કરતા, સુપ્રીમ કોર્ટ કોલેજિયમના તાજેતરના ઠરાવોમાં કારણો દર્શાવવામાં ન આવ્યા હોવા સામે સવાલો ઉઠાવ્યા છે. તેમણે ચેતવણી આપી છે કે અપારદર્શક નિર્ણયો ન્યાયતંત્રમાં જનતાના વિશ્વાસને નબળો પાડી શકે છે. શનિવારે વિધિના 'JALDI' ઈનિશિયેટિવના એક રિપોર્ટના લોન્ચિંગ વખતે ઉજ્જલ ભુય્યાને જણાવ્યું હતું કે, કોલેજિયમના છેલ્લા ત્રણ ઠરાવોમાં તેમની ભલામણો માટે કોઈ કારણો આપવામાં આવ્યા ન હતા. આ બાબત એવા સવાલો ઊભા કરે છે કે શું આ સિસ્ટમ ન્યાયિક નિમણૂકોને વધુ પારદર્શક બનાવવાના અગાઉના પ્રયાસોથી દૂર જઈ રહી છે.

'મેં નોંધ્યું છે કે છેલ્લા ત્રણ કોલેજિયમ ઠરાવોમાં કોઈ કારણ આપવામાં આવ્યું નથી. શું આ પારદર્શિતાના સિદ્ધાંતથી પાછળ હટવાનું એક પગલું છે?' જસ્ટિસ ભુય્યાને પૂછ્યું. જજ સાહેબે જણાવ્યું હતું કે જોકે અગાઉના કોલેજિયમ ઠરાવો ક્યારેક એકસરખી ફોર્મ્યુલા જેવા સામાન્ય હતા, પરંતુ તેમાં સામાન્ય રીતે ચોક્કસ ઉમેદવારોની નિમણૂક માટે શા માટે ભલામણ કરવામાં આવી રહી છે તેના કારણો આપેલા હતા. તેમણે દલીલ કરી હતી કે ન્યાયિક પદ માટે કોની વિચારણા કરવામાં આવી રહી છે, તેમના ચુકાદાઓનો રેકોર્ડ શું છે અને કોલેજિયમ કયા આધારે તેના નિર્ણયો પર પહોંચે છે તે જાણવામાં નાગરિકોનો વ્યાજબી રસ હોય છે.

જસ્ટિસ ભુય્યાને ભારતના ભૂતપૂર્વ CJI યુ.યુ. લલિતના કાર્યકાળ દરમિયાન બહાર પાડવામાં આવેલા ૨૦૨૨ના કોલેજિયમ ઠરાવ અને દિલ્હી હાઈકોર્ટના જજ તરીકે સૌરભ કિરપાલની નિમણૂકની ભલામણનો પુનરોચ્ચાર કરતા ૧૮ જાન્યુઆરી, ૨૦૨૩ના ઠરાવનો એવા નિર્ણયોના ઉદાહરણ તરીકે ઉલ્લેખ કર્યો હતો જેમાં નક્કર કારણો આપવામાં આવ્યા હતા. કિરપાલની ભલામણમાં આપવામાં આવેલા કારણોને ગળે ઊતરે તેવા ગણાવતા, જસ્ટિસ ભુય્યાને એ પણ નોંધ્યું હતું કે આ ભલામણ ત્રણ વર્ષથી વધુ સમયથી પેન્ડિંગ છે.

જજ સાહેબે ચેતવણી આપી હતી કે ન્યાયિક નિમણૂકો માટેના કારણો છુપાવવાથી યોગ્ય ઉમેદવારો અને જાહેર હિત બંનેને નુકસાન થઈ શકે છે. તેમણે કહ્યું કે પારદર્શિતાનો અભાવ એવા તોને ન્યાયતંત્રમાં પ્રવેશવા માટે જગ્યા બનાવી શકે છે જેઓ પાછળથી બંધારણીય મૂલ્યો સાથે અસંગત હોય તેવા નિવેદનો આપી શકે છે. જસ્ટિસ ભુય્યાને કહ્યું કે આવી પરિસ્થિતિ વ્યક્તિઓને એવા મંતવ્યો વ્યક્ત કરવાની છૂટ આપી શકે છે જે 'સંપૂર્ણપણે અબંધારણીય અને બંધારણના મૂલ્યોથી વિપરીત' હોય.

'બાર એન્ડ બેન્ચ'ના એક પ્રશ્નનો જવાબ આપતાં જસ્ટિસ ભુય્યાને સ્પષ્ટ કર્યું હતું કે તેમનો સંદર્ભ ૨૦૨૪માં વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના એક કાર્યક્રમમાં અલ્હાબાદ હાઈકોર્ટના ભૂતપૂર્વ જજ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓ તરફ હતો અને ન્યાયતંત્રના કોઈ વર્તમાન સભ્ય તરફ નહોતો. ભૂતપૂર્વ જજે પ્રાણીઓ અને મુસ્લિમો પ્રત્યેના વલણની સરખામણી કરતી વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી, જેની વ્યાપક ટીકા થઈ હતી.

જસ્ટિસ ભુય્યાની આ ટિપ્પણીઓએ કોલેજિયમ સિસ્ટમમાં પારદર્શિતા અને જવાબદારી અંગેની લાંબા સમયથી ચાલી રહેલી ચર્ચા તરફ ફરી ધ્યાન ખેંચ્યું છે, જેના હેઠળ ઉચ્ચ ન્યાયતંત્રના જજો નિમણૂકો અને બદલીઓની ભલામણ કરે છે. કારણો સાથેના ઠરાવોની આ માંગ એવા સમયે આવી છે જ્યારે નિમણૂક પ્રક્રિયા પારદર્શક અને જવાબદાર રહે તે સુનિશ્ચિત કરીને ન્યાયિક સ્વતંત્રતાનું રક્ષણ કેવી રીતે કરી શકાય તે અંગે જાહેર અને કાનૂની ચર્ચા સતત ચાલી રહી છે.

# પાકિસ્તાનમાં આતંકવાદ વિરુદ્ધ શાંતિ રેલીમાં આત્મઘાતી હુમલો, 14નાં મોત

## યુવકે પોલીસ સ્ટેશનમાં જઈને બ્લાસ્ટ કર્યો, 22 લોકો ગંભીર રીતે ઘાયલ, કંપારી છોડાવતા દૃશ્યો

ઈસ્લામાબાદ, તા.03



પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના સ્વાત જિલ્લામાં રવિવારે એક પોલીસ સ્ટેશનની બહાર વિસ્ફોટ થયો. જેમાં 14 લોકોના મોત થયા છે, જ્યારે 22 લોકો ઘાયલ થયા છે.

પાકિસ્તાની મીડિયા ડોન અનુસાર, હુમલા સમયે નજીકના કાબલ ચોક પર આતંકવાદ વિરુદ્ધ શાંતિ રેલી ચાલી રહી હતી. આ દરમિયાન એક યુવક કાબલ પોલીસ સ્ટેશનના ગેટ પર પહોંચ્યો. પોલીસકર્મીઓએ તેને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે રોકાયો નહીં. પોલીસ કોઈ કાર્યવાહી કરે તે પહેલાં, યુવકે પોતાને ઉડાવી દીધો.

જે સમયે વિસ્ફોટ થયો ત્યારે રેલીમાં છેલ્લા વક્તાનું ભાષણ ચાલી રહ્યું હતું. વિસ્ફોટનો અવાજ સાંભળીને રેલીમાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ. ઘાયલોને સૈદુ શરીફ ટીચિંગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

હાલમાં કોઈ સંગઠને હુમલાની જવાબદારી લીધી નથી. તાજેતરના મહિનાઓમાં સ્વાત અને સમગ્ર ખૈબર પખ્તુનખ્વામાં આતંકવાદી ઘટનાઓમાં વધારો થયો છે. થોડા દિવસો પહેલા હંગુ જિલ્લામાં પોલીસ ચોકી પર થયેલા હુમલામાં 9 પોલીસકર્મીઓના મોત થયા હતા.

આતંકવાદ વિરુદ્ધ રેલી કાઢવામાં આવી રહી હતી ધમાકા પહેલા રવિવારે આતંકવાદ વિરુદ્ધ શાંતિ રેલી કાઢવામાં આવી રહી હતી. આ દરમિયાન પ્રદર્શનકારીઓએ સ્વાતમાં વધી રહેલી આતંકવાદી ઘટનાઓની નિંદા કરી. તેમણે સરકાર પાસે વિસ્તારમાં કાયમી શાંતિ સ્થાપિત કરવા અને આતંકવાદ ખતમ કરવાની માંગ કરી.

ડોન અનુસાર, પ્રદર્શનકારીઓએ કહ્યું કે તેમના આંદોલનનો એક જ હેતુ છે, વિસ્તારમાં શાંતિ પાછી લાવવી અને આતંકવાદનો ખાત્મો કરવો. તેમણે કહ્યું કે આ સરકારની જવાબદારી છે. જો અસુરક્ષાનું વાતાવરણ ચાલુ રહેશે તો લોકોમાં મોટો જનઆક્રોશ પેદા થઈ શકે છે.

પ્રદર્શનમાં સામેલ પ્રદર્શનકારીઓએ એવો પણ આરોપ લગાવ્યો કે પ્રશાસન શાંતિપૂર્ણ નાગરિકો વિરુદ્ધ કાર્યવાહી કરે છે, જ્યારે સ્વાતના પહાડી વિસ્તારોમાં આતંકવાદીઓ ખુલ્લેઆમ સક્રિય છે. તેમનું કહેવું હતું કે આતંકવાદીઓ સોશિયલ મીડિયા પર વીડિયો જાહેર કરતા રહ્યા, પરંતુ તેમની વિરુદ્ધ કડક કાર્યવાહી થઈ નહીં.

પહેલા પણ હુમલા થયા, આતંકવાદી ઘટનાઓમાં વધારો રવિવારે જ આ પહેલા પેશાવર-ઈસ્લામાબાદ મોટરવેના ટોલ પ્લાઝા પાસે IED વિસ્ફોટમાં બે પોલીસકર્મી ઘાયલ થયા હતા. જ્યારે 30 જુલાઈએ હંગુમાં એક પોલીસ ચોકી પર થયેલા આતંકવાદી હુમલામાં નવ પોલીસકર્મીઓના મોત થયા હતા.

પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ફોર કોન્ફ્લિક્ટ એન્ડ સિક્યુરિટી સ્ટડીઝના માસિક સુરક્ષા રિપોર્ટ અનુસાર, ખૈબર પખ્તુનખ્વામાં આતંકવાદી ગતિવિધિઓમાં તેજી આવી છે. રિપોર્ટ અનુસાર, જુલાઈમાં પ્રાંતના વિલય ન કરાયેલા જિલ્લાઓમાં આતંકવાદ સંબંધિત 154 મૃત્યુ નોંધાયા હતા, જ્યારે જૂનમાં આ સંખ્યા 75 હતી. એટલે કે એક મહિનામાં 105 ટકાનો વધારો થયો. આ માહિતી રિપોર્ટ અને પોલીસ અધિકારીઓના હવાલેથી સામે આવી છે.

# દુનિયાના ત્રીજા સૌથી નાના દેશે પોતાનું નામ બદલ્યું: હવે 'નૌરુ' નહીં 'નાઓએરો' કહેવાશે, UN રેકોર્ડ્સમાં આજથી નવું નામ લાગુ

યારેન, તા.03

પ્રશાંત મહાસાગરમાં આવેલા દુનિયાના ત્રીજા સૌથી નાના દેશ નૌરુએ આવો જ એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. હવે આ દેશ સત્તાવાર રીતે 'રિપબ્લિક ઓફ નાઓએરો' કહેવાશે. સંયુક્ત રાષ્ટ્ર (UN) એ પણ તેના રેકોર્ડમાં નવું નામ લાગુ કરી દીધું છે.

લગભગ 12 હજારની વસ્તી ધરાવતા આ દ્વીપ દેશનું કહેવું છે કે 'નાઓએરો' તેનું અસલી નામ છે, જ્યારે 'નૌરુ' વિદેશી લોકોની સુવિધા માટે પ્રચલનમાં આવ્યું હતું. હવે સરકારનું માનવું છે કે સમય આવી ગયો છે કે દેશ દુનિયા સામે પોતાની મૂળ ઓળખ સાથે ઓળખાય.

નામ બદલવાનો આ નિર્ણય માત્ર ઔપચારિકતા નથી. સરકાર તેને પોતાની ભાષા, સંસ્કૃતિ અને ઈતિહાસને સન્માન આપવાની પહેલ માની રહી છે. આ જ વિચારસરણી હેઠળ દેશે દાયકાઓ જૂનું નામ છોડીને પોતાની પરંપરાગત ઓળખને સત્તાવાર રીતે પાછી અપનાવી લીધી છે.

નાઓએરોનું કહેવું છે કે 'નૌરુ' તેની પસંદ નહોતું, પરંતુ વિદેશીઓની સુવિધા માટેનું નામ હતું. સાચું નામ હંમેશા 'નાઓએરો' જ રહ્યું, પરંતુ તેનો ઉચ્ચાર સરળ ન હોવાને કારણે દુનિયાએ ધીમે ધીમે તેને 'નૌરુ' કહેવાનું શરૂ કરી દીધું. સમય જતાં આ જ નામ સત્તાવાર ઓળખ પણ બની ગયું.



રાષ્ટ્રપતિ ડેવિડ એડિયાંગે જાન્યુઆરીમાં સંસદમાં પ્રસ્તાવ રજૂ કરતાં કહ્યું કે હવે સમય આવી ગયો છે કે દેશ દુનિયા સમક્ષ તે જ નામથી ઓળખાય, જે તેના પોતાના લોકો પેઢીઓથી બોલતા આવ્યા છે. તેમના મતે, આ માત્ર નામ બદલવાનો નિર્ણય નથી, પરંતુ પોતાની ભાષા, સંસ્કૃતિ અને ઈતિહાસને તેની વાસ્તવિક ઓળખ પાછી આપવાનો પ્રયાસ છે.

સંસદે બે તબક્કામાં આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી. સરકારે પહેલા આના પર જનમત સંગ્રહ કરાવવાની યોજના બનાવી હતી, પરંતુ બાદમાં નિર્ણય બદલવામાં આવ્યો. સરકારનો તર્ક હતો કે 'નાઓએરો' કોઈ નવું નામ નથી. તે પહેલાથી જ બંધારણ, રાષ્ટ્રીય પ્રતીક અને સ્થાનિક ભાષાનો ભાગ છે. તેથી તેને ઔપચારિક રીતે અપનાવવું એ લોકોની ઈચ્છા વિરુદ્ધ નથી, પરંતુ તેમની જૂની ઓળખને સન્માન આપતું પગલું છે.

19મી સદીના અંત સુધીમાં નૌરુ એક નાનો ટાપુ હતો, જ્યાં 12 સ્થાનિક જનજાતિઓ રહેતી હતી. અહીં કોઈ આધુનિક સરકાર કે સેના નહોતી. લોકોનું જીવન માછલી પકડવા, નાળિયેરની ખેતી અને સમુદ્રમાંથી મળતા સંસાધનો પર નિર્ભર હતું.

1870ના દાયકામાં યુરોપિયન વેપારીઓ નૌરુ પહોંચવા લાગ્યા. તેઓ અહીં નાળિયેર અને અન્ય સામાનનો વેપાર કરતા હતા. બદલામાં, તેમણે સ્થાનિક લોકોને દારૂ અને બંદૂકો વેચવાનું શરૂ કર્યું. આનાથી ટાપુનું સામાજિક સંતુલન બગડવા લાગ્યું.

1878માં એક લગ્ન સમારોહ દરમિયાન રીતિ-રિવાજને લઈને દલીલ થઈ. દલીલની વચ્ચે એક વ્યક્તિએ પિસ્તોલ કાઢીને ગોળી ચલાવી દીધી, જેનાથી એક કબીલાના પ્રમુખના પુત્રનું મૃત્યુ થયું. નૌરુની પરંપરાગત સંસ્કૃતિમાં આવી હત્યાનો બદલો લેવો એ સામાજિક જવાબદારી માનવામાં આવતી હતી. અહીંથી બદલાનો સિલસિલો શરૂ થયો, જે ધીમે ધીમે આખા ટાપુના 12 કબીલાઓ વચ્ચે ગૃહયુદ્ધમાં ફેરવાઈ ગયો.

આ સંઘર્ષ લગભગ 10 વર્ષ સુધી ચાલ્યો, જેને નૌરુ સિવિલ વોર તરીકે ઓળખવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન મોટી સંખ્યામાં લોકો માર્યા ગયા, ઘણા ગામો ઉજ્જડ થઈ ગયા અને લગભગ દરેક પરિવાર કોઈને કોઈ રીતે આ હિંસાથી પ્રભાવિત થયો. પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે આખરે 1888માં જર્મનીએ હસ્તક્ષેપ કરીને ટાપુ પર નિયંત્રણ સ્થાપિત કર્યું, હથિયારો જપ્ત કર્યા અને આ લાંબા લોહિયાળ સંઘર્ષનો અંત લાવ્યો.

આર્થિક પડકારો વચ્ચે હવે નાઓએરો સામે સૌથી મોટો સંકટ આબોહવા પરિવર્તન છે. સમુદ્રનું વધતું જળસ્તર આ દ્વીપ દેશ માટે સતત ખતરો બની રહ્યું છે. ઘણા વૈજ્ઞાનિકો ચેતવણી આપી ચૂક્યા છે કે જો આ જ સ્થિતિ રહી તો આવનારા દાયકાઓમાં દેશના ઘણા ભાગો રહેવા લાયક નહીં રહે.

આ જ ખતરાનો સામનો કરવા માટે સરકારે વિદેશી નાગરિકોને રોકાણના બદલામાં નાગરિકતા આપવાની યોજના શરૂ કરી છે. આનાથી મળનારી રકમનો ઉપયોગ લોકોને અને જરૂરી માળખાકીય સુવિધાઓને સુરક્ષિત ઊંચા વિસ્તારોમાં વસાવવા અને આબોહવા પરિવર્તન સંબંધિત પ્રોજેક્ટ્સ પર કરવામાં આવશે.

નાઓએરોનો નિર્ણય દુનિયામાં વધી રહેલા તે પ્રચલનનો ભાગ માનવામાં આવી રહ્યો છે, જેમાં દેશો પોતાની સ્થાનિક ભાષા અને ઐતિહાસિક ઓળખને ફરીથી પ્રાધાન્ય આપી રહ્યા છે.

આ પહેલા 2018માં આફ્રિકી દેશ સ્વાઝીલેન્ડે પોતાનું નામ બદલીને ઈસ્વાતિની કરી લીધું હતું. જ્યારે 2022માં તુર્કીએ સંયુક્ત રાષ્ટ્રને વિનંતી કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનું સત્તાવાર નામ તુર્કીયે કરાવી લીધું હતું.

નાઓએરોનું માનવું છે કે કોઈપણ દેશની ઓળખ ફક્ત તેની સીમાઓથી જ નહીં, પરંતુ તેની ભાષા, સંસ્કૃતિ અને ઈતિહાસથી પણ નક્કી થાય છે. આ જ વિચાર સાથે તેણે દુનિયા સામે પોતાની મૂળ ઓળખને સત્તાવાર રીતે ફરીથી સ્થાપિત કરવાનો નિર્ણય કર્યો છે.

# બ્રિજભૂષણ સિંહ મહિલા કુસ્તીબાજ યૌન શોષણ કેસમાં નિર્દોષ છૂટ્યા

## પૂર્વ સાંસદે કહ્યું- મારી વિરુદ્ધ ષડયંત્ર રચાયું હતું, વિનેશ ફોગાટે કહ્યું- 'આખી સિસ્ટમ બ્રિજભૂષણને બચાવવામાં લાગી હતી'

નવી દિલ્હી, તા.03

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે સોમવારે મહિલા કુસ્તીબાજો સાથે સંકળાયેલા યૌન શોષણ કેસમાં ભાજપના નેતા બ્રિજભૂષણ શરણ સિંહને નિર્દોષ જાહેર કર્યા છે. એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અશ્વિની પંવારે સવારે 10 વાગ્યે ચુકાદો સંભળાવ્યો. આ દરમિયાન કૈસરગંજના પૂર્વ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ અને ભારતીય કુસ્તી સંઘ (WFI)ના પૂર્વ સચિવ વિનોદ તોમર કોર્ટમાં હાજર રહ્યા હતા. 2 જુલાઈ 2026ના રોજ બંને પક્ષોની દલીલો પૂર્ણ થયા બાદ કોર્ટે ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો. આ મામલો જાન્યુઆરી 2023માં સામે આવ્યો હતો. ત્યારથી અત્યાર સુધીમાં કુલ 1133 દિવસમાં કોર્ટમાં 127 સુનાવણી થઈ છે. જેમાં 2023માં 24, 2024માં 37, 2025માં 30 અને 2026માં 36 સુનાવણીનો સમાવેશ થાય છે.

બ્રિજભૂષણ 20 જુલાઈ 2023થી નિયમિત જામીન પર હતા. 10 મે 2024ના રોજ કોર્ટે દિલ્હી પોલીસની ચાર્જશીટના આધારે આરોપો ઘડ્યા હતા, ત્યારબાદ ટ્રાયલ શરૂ થઈ હતી.

જજે કહ્યું કે બ્રિજભૂષણ અને વિનોદ તોમર, તમને સન્માનપૂર્વક નિર્દોષ જાહેર કરવામાં આવે છે. મેં પહેલા કહ્યું હતું કે જો કોઈ આરોપ સાબિત થશે તો હું ફાંસી પર લટકી જઈશ. મારા માટે ખુશીનો દિવસ છે. કોર્ટની કોપી મળ્યા પછી આગળ કહીશ. ધારાસભ્ય પુત્ર અને જમાઈ છે. બધા આવ્યા છે.

ખરેખરમાં, મે 2023માં સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપ બાદ પોલીસે ભાજપના પૂર્વ સાંસદ બ્રિજભૂષણ વિરુદ્ધ FIR નોંધી હતી. 6 ખેલાડીઓએ ફરિયાદ નોંધાવી હતી. એક સગીર કુસ્તીબાજે બાદમાં પોતાની ફરિયાદ પાછી ખેંચી લીધી હતી અને નિવેદન બદલી નાખ્યું હતું. આરોપો નક્કી કરવા પર સુનાવણી દરમિયાન



બ્રિજભૂષણ સિંહે કહ્યું હતું કે આ મામલો 'ખોટો અને પ્રેરિત' છે.

ચુકાદા બાદ પૂર્વ સાંસદ જ્યારે પોતાના નિવાસસ્થાને પહોંચ્યા, ત્યારે સમર્થકોએ તેમના પર ફૂલો વરસાવ્યા. અબીલ-ગુલાલ લગાવીને તેમનું સ્વાગત કર્યું. રિપોર્ટરે પૂછ્યું કે તમારા માટે આ કેટલી મોટી ખુશીની ક્ષણ છે? આના પર બ્રિજભૂષણ બોલ્યા- જે રામે રચ્યું હશે તે જ થશે.

પુત્ર કરણ ભૂષણે ફેસબુક પર પોસ્ટ કર્યું. લખ્યું- ષડયંત્ર નિષ્ફળ ગયું, સત્યનો વિજય થયો. પિતાજી સન્માનપૂર્વક નિર્દોષ છૂટ્યા. સત્યમેવ જયતે! ત્યાં જ, WFIના અધ્યક્ષ સંજય કુમાર સિંહે કહ્યું- 'બ્રિજભૂષણ પર ખોટા આરોપો લગાવવામાં આવ્યા હતા. આજે તેમને સન્માનપૂર્વક નિર્દોષ છોડી દેવામાં આવ્યા છે. આનાથી સમગ્ર કુસ્તી જગતમાં ખુશીનો માહોલ છે.' બ્રિજભૂષણ શરણ સિંહ નિર્દોષ છૂટ્યા બાદ ભારતીય પહેલવાન વિનેશ ફોગાટે નારાજગી વ્યક્ત કરી છે. તેણે કહ્યું કે મહિલા પહેલવાનો આ ચુકાદાથી નિરાશ છે, પરંતુ તેમની લડાઈ પૂરી થઈ નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે કોર્ટના આ ચુકાદા સામે ટૂંક સમયમાં જ હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવશે. સોશિયલ મીડિયા પર જાહેર કરેલા નિવેદનમાં વિનેશ ફોગાટે આરોપ લગાવ્યો કે શરૂઆતથી જ સત્તા અને વ્યવસ્થાએ બ્રિજભૂષણ શરણ સિંહને બચાવવાનો પ્રયાસ કર્યો. તેમણે કહ્યું, 'સત્તાધારી પક્ષના એક શક્તિશાળી નેતા સામે FIR નોંધાવવા માટે અમારે રસ્તા પર ઊતરવું પડ્યું. બ્રિજભૂષણે પોતાના રાજકીય પ્રભાવ અને તાકાતનો ઉપયોગ કરીને ઘણી મહિલા પહેલવાનો પર ફરિયાદ પાછી ખેંચવા દબાણ કર્યું.'

તેણે વધુમાં કહ્યું, 'આમ છતાં ઘણી મહિલા પહેલવાનો અડગ રહી અને કોર્ટમાં કાનૂની લડાઈ ચાલુ રાખી. અમને અત્યંત નિરાશા છે કે કોર્ટે મહિલા પહેલવાનો દ્વારા મૂકવામાં આવેલા જાતીય સતામણીના આરોપોમાં બ્રિજભૂષણ શરણ સિંહને દોષિત ન માન્યા.' વિનેશે વ્યવસ્થા સામે સવાલ ઉઠાવતા કહ્યું, 'શરૂઆતથી જ આખી સિસ્ટમ, સરકાર અને આખું તંત્ર બ્રિજભૂષણને બચાવવામાં લાગેલું હતું.' વિનેશ ફોગાટે કહ્યું કે મહિલા પહેલવાનોએ પોતાના વકીલોને ચુકાદા સામે અપીલ કરવાનો નિર્દેશ આપી દીધો છે અને ટૂંક સમયમાં જ ઉપલી કોર્ટમાં અપીલ કરવામાં આવશે. અમે આશા છોડી નથી અને અમારી લડાઈ ચાલુ રહેશે.'

# રામમંદિરમાં દાન ચોરી મામલે સંસદમાં પ્રદર્શન: લોકસભામાં સુપ્રીમ કોર્ટના જજોની સંખ્યા વધારતું બિલ પસાર, રાજ્યસભામાં MSME સંશોધન બિલ પસાર

નવી દિલ્હી, તા.03

રામ મંદિરમાં દાન ચોરીના મુદ્દે લોકસભામાં વિપક્ષી સભ્યોના સતત હોબાળાને કારણે સદનની કાર્યવાહી મંગળવાર સુધી સ્થગિત કરવામાં આવી છે. આ પહેલા લોકસભાએ સુપ્રીમ કોર્ટના જજોની સંખ્યા (CJI સહિત) 34 થી વધારીને 38 કરવા સંબંધિત બિલ ચર્ચા વિના પસાર કરી દીધું.

જ્યારે રાજ્યસભાએ MSME વિકાસ (સુધારા) બિલ પસાર કરી દીધું. આ પછી સંસદની કાર્યવાહી મંગળવાર સુધી સ્થગિત કરી દેવામાં આવી. વિપક્ષી સાંસદોએ પ્રશ્નકાળ શરૂ થતાં જ નીટ પેપર લીકના વિરોધમાં પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી અને રામ મંદિર દાન ચોરીના મુદ્દે હોબાળો શરૂ કરી દીધો. વિપક્ષે વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહીના મુદ્દે ગૃહમંત્રી અમિત શાહને ગૃહમાં આવવા અને તેમના નિવેદનની માંગ કરતા સૂત્રોચ્ચાર કર્યા હતા.



સંસદ સત્ર માટે 8 બિલ લિસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાંથી વંદે માતરમ અને પબ્લિક એક્ઝામિનેશન સુધારા બિલ (પેપર લીક) બંને ગૃહોમાં પસાર થઈ ચૂક્યા છે. જ્યારે, જન્મ-મૃત્યુ નોંધણી (સુધારા) બિલ, સુપ્રીમ કોર્ટ (જજની સંખ્યા) સુધારા બિલ, આવકવેરા (સુધારા) બિલ, MSME વિકાસ (સુધારા) બિલ, વિદેશી યોગદાન (FCRA) સુધારા બિલ અને વિકસિત ભારત શિક્ષણ અધિષ્ઠાન બિલને હજુ સંસદની મંજૂરી મળી નથી.

સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવે કહ્યું કે આ માત્ર વાસ્તવિક મુદ્દાઓ પરથી ધ્યાન ભટકાવવાનો પ્રયાસ છે. લોકો સરકારથી સંપૂર્ણપણે નિરાશ છે. રામ જન્મભૂમિ સંબંધિત જમીન કૌભાંડ અને દાનની ચોરીના કેસ માટે સરકાર સંપૂર્ણપણે જવાબદાર છે. તેમણે રાહુલ ગાંધી, પપ્પુ યાદવ અને અવધેશ પ્રસાદ વિરુદ્ધ સનાતન ધર્મના અપમાનના કેસમાં નોંધાયેલી FIR પર પ્રતિક્રિયા આપતા આ વાત કહી.

## તંત્રી લેખ

# ભાજપ સામે બળવો, રાજકીય હલચલ અને દેશમાં મહત્વપૂર્ણ બદલાવો

આ સમાચાર જુદા જુદા રાજકીય, સામાજિક અને વહીવટી પ્રવાહો પર પ્રકાશ પાડે છે. સૌથી પહેલા કોકરોચ જનતા પાર્ટી દ્વારા દિલ્હીના જંતર મંતર ખાતે કરવામાં આવેલા આંદોલનની વાત કરીએ તો, તેમાં વિરોધ પક્ષો ઉપરાંત ભાજપના કેટલાક નેતાઓના સંતાનો પણ સમર્થનમાં આવ્યા હતા. ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ ભાજપ ધારાસભ્ય વિક્રમ સિંહની પુત્રી અને કન્ટેન્ટ ક્રિએટર યશસ્વીની રાજે ભાજપ સરકાર સામે ખુલ્લેઆમ વિરોધ નોંધાવ્યો છે. તેણે નવા નિમાયેલા શિક્ષણ મંત્રી વિરુદ્ધ આકરા પ્રહારો કર્યા છે અને પ્રહલાદ જોષીની નિમણૂકને ગંદી મજાક ગણાવી છે. સાથોસાથ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામામાં વપરાયેલી ભાષાની પણ તેણે ટીકા કરી છે, કારણ કે તેના મતે એ પત્રમાં પોતાના કૃત્ય પ્રત્યે કોઈ પસ્તાવો દેખાતો નહોતો. બીજી તરફ, પેપર લીકના મુદ્દે આ જ આંદોલન દરમિયાન ચુપ રહેવા બદલ રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢા ભારે ટ્રોલ થયા હતા. વિરોધ પક્ષો અને યુવાનોએ તેમની આકરી ટીકા કરી હતી, કારણ કે આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા પછી તેઓ આ મુદ્દે મૌન રહ્યા હતા. જોકે, આંદોલન સમાપ્ત થયાના પાંચમા દિવસે તેમણે સંસદમાં પોતાનું મૌન તોડતા કહ્યું કે પહેલાં તેઓ વિપક્ષમાં રહીને સવાલો પૂછતા હતા, પણ હવે સત્તા પક્ષ તરફથી બોલતા હોવાથી ઉકેલ લાવવાની જવાબદારી તેમની છે.

આ દરમિયાન બિહારના રાજકારણમાં પણ મોટી હલચલ જોવા મળી રહી છે. ભાજપના સિનિયર નેતા અને ભૂતપૂર્વ પત્રકાર દેવેશ કુમારે એમએલસી પદેથી અકાળે રાજીનામું આપી દીધું છે, જ્યારે તેમનો કાર્યકાળ માર્ચ ૨૦૨૭ સુધીનો હતો. બિહારના રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે આ ખાલી પડેલી બેઠક રાષ્ટ્રીય લોક મોરચાના પ્રમુખ ઉપેન્દ્ર કુશવાહાના પુત્ર અને વર્તમાન પંચાયત રાજ મંત્રી દિપક પ્રકાશને આપવામાં આવશે. દેવેશ કુમાર સ્વતંત્રતા સેનાનીના પરિવારમાંથી આવે છે અને સંગઠનમાં મજબૂત પકડ ધરાવે છે, જોકે ૨૦૨૨માં પાટલી પુત્ર પોલીસ સ્ટેશન ખાતે એક અકસ્માત બાદ તેમના પર દારૂબંધીના કાયદાના ભંગનો આરોપ પણ લાગ્યો હતો. આ બધા રાજકીય ઘટનાક્રમ વચ્ચે દેશની એક મહત્વપૂર્ણ સંસ્થા જીઓલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયા (જીએસઆઇ) એ પોતાના ૧૭૬ વર્ષના ઈતિહાસમાં પહેલી વખત કોઈ મહિલાને ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા છે. પૌલીયંટોલોજીના નિષ્ણાંત અને ભુસ્તરશાસ્ત્ર ક્ષેત્રે ૩૦ વર્ષથી વધુનો અનુભવ ધરાવતા વર્ષા અશોક અગ્રવાલે ૫૪મા ડિરેક્ટર તરીકે અસિત સાહાનું સ્થાન લીધું છે. તેઓ ૧૯૯૨થી જીએસઆઇ સાથે જોડાયેલા છે અને હવે તેમના શીરે દેશના પેટાળમાં છૂપાયેલા મહત્વપૂર્ણ ખનીજોની શોધ તેમજ તેના શુદ્ધીકરણ માટેની લેબોરેટરીઓનું સંચાલન કરવાની મોટી જવાબદારી આવી પડી છે. ઉત્તર પ્રદેશના રાજકારણમાં બહુજન સમાજ પાર્ટીના સુપ્રિમો માયાવતીના ભત્રીજા આકાશ આનંદની સક્રિયતા વધતા આઝાદ સમાજ પાર્ટીના પ્રમુખ ચંદ્રશેખર આઝાદ પણ હરકતમાં આવી ગયા છે. ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને તેમણે ૪૫ ઉમેદવારો અને પ્રભારીઓની પહેલી યાદી જાહેર કરી દીધી છે, જેમાં પશ્ચિમ ઉત્તર પ્રદેશની ૨૨ બેઠકોનો સમાવેશ થાય છે. દલિત વોટબેન્ક અને દલિત જેન ઝી યુવાનોને પોતાની તરફ આકર્ષવા માટે બીએસપી અને એએસપી વચ્ચે તીવ્ર સ્પર્ધા જોવા મળી રહી છે. આ યાદીમાં સામાજિક સમીકરણો જાળવીને ૧૮ દલિત, ૧૬ ઓબીસી, ૧૦ મુસ્લિમ અને ૧ શીખ નેતાને સ્થાન આપવામાં આવ્યું છે, જ્યારે એક પણ સવર્ણને સ્થાન મળ્યું નથી. દેશના ખેડૂતો માટે એક રાહતના સમાચાર આપતા કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાને ૨૦૩૦-૩૧ સુધી લંબાવવાનો અને તેના માટે ૩.૧૫ લાખ કરોડનું બજેટ ફાળવવાનો નિર્ણય કર્યો છે. ૨૦૧૯થી શરૂ થયેલી આ યોજના હેઠળ ખેડૂત પરિવારને વાર્ષિક ૬ હજાર રૂપિયા સહાય આપવામાં આવે છે, જે અંતર્ગત અત્યાર સુધીમાં ૪.૪૩ લાખ કરોડ રૂપિયા જમા થઈ ચૂક્યા છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે ભારપૂર્વક જણાવ્યું છે.

**ઓનલાઈન ચુકવણી વધવા છતાં પણ રોકડનો ઉપયોગ ઓછો થઈ રહ્યો નથી. માર્ચ૨૦૨૫ માં પૂરા થયેલા નાણાકીય વર્ષમાં કાગળની નોટ છાપવા માટે રૂા. ૬,૩૭૨.૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જેનો ખર્ચ એક વર્ષ પહેલા સુધી રૂા. ૫,૧૦૧.૪ કરોડ રહ્યો હતો. આ ખર્ચ રોકડની માગ વધવાના કારણે આવ્યો છે. અહેવાલો પ્રમાણે છેલ્લાં એક દાયકામાં કાગળની નોટો છાપવા પાછળ પર હજારો કરોડ કરતા વધારે રૂપિયાનો ખર્ચ થયો છે**

# પોલિમર નોટ : 10 રૂપિયાની એક નોટ છાપવાનો ખર્ચ 96 પૈસા છે

## ૨૦૧૬માં નોટબંધી આવ્યા બાદ હવે એક દાયકા બાદ ૨૦૨૬માં પોલિમરની નોટો લાવવાનું કામ મોદી સરકાર દ્વારા કરવામાં આવ્યું છે

ઓનલાઈન ચુકવણી વધવા છતાં પણ રોકડનો ઉપયોગ ઓછો થઈ રહ્યો નથી. માર્ચ૨૦૨૫ માં પૂરા થયેલા નાણાકીય વર્ષમાં કાગળની નોટ છાપવા માટે રૂા. ૬,૩૭૨.૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જેનો ખર્ચ એક વર્ષ પહેલા સુધી રૂા. ૫,૧૦૧.૪ કરોડ રહ્યો હતો. આ ખર્ચ રોકડની માગ વધવાના કારણે આવ્યો છે. અહેવાલો પ્રમાણે છેલ્લાં એક દાયકામાં કાગળની નોટો છાપવા પાછળ પર હજારો કરોડ કરતા વધારે રૂપિયાનો ખર્ચ થયો છે : ૨૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૯૫ પૈસાનો ખર્ચ જ્યારે ૫૦ રૂપિયાની એક નોટ છાપવાનો ખર્ચ ૧ રૂપિયો ૧૩ પૈસા થાય છે. ૧૦૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૧ રૂપિયો ૭૭ પૈસાનો જ્યારે ૨૦૦ રૂપિયાની એક નોટ છાપવી હોય તો તેના માટે ૨ રૂપિયા ૩૭ પૈસાનો ખર્ચ કરવો પડે તેમ છે. ૫૦૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૨ રૂપિયા ૨૯ પૈસાનો ખર્ચ આવે છે

ડિજિટલ પેમેન્ટના ઝડપથી વધતા યુગમાં પણ કૅશ એટલે કે નોટોનો ચલણ ઓછો થયો નથી. ખિસ્સામાં રાખેલી કાગળની નોટ અવારનવાર પરસેવો થવાથી, વરસાદમાં પલળવાથી કે વારંવાર ઉપયોગ કરવાથી જલ્દી ફાટી કે ગંદી થઈ જાય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે દુનિયાના ઘણા દેશોએ પ્લાસ્ટિક એટલે કે પોલિમરની બેંક નોટો અપનાવવાનું શરૂ કરી દીધું છે. સામાન્ય બોલચાલની ભાષામાં લોકો તેને 'પ્લાસ્ટિકની નોટ' કહે છે, પરંતુ ટેકનિકલ રીતે તે એક ખાસ પ્રકારના પોલીપ્રોપીલીન પ્લાસ્ટિકમાંથી બને છે, જે સ્પર્શ કરવામાં વળી શકે તેવી અને ખૂબ જ મજબૂત હોય છે. ભારતે પણ હવે આ દિશામાં કામગીરી શરૂ કરી છે. ૨૦૧૬માં નોટબંધી આવ્યા બાદ હવે એક દાયકા બાદ ૨૦૨૬માં પોલિમરની નોટો લાવવાનું કામ મોદી સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, સંસદમાં નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ લોકસભામાં એક લેખિત જવાબમાં માહિતી આપતા જણાવ્યું હતું કે ૧૦ અને ૨૦ રૂપિયાની ૨૦૦ કરોડ નોટ્સનું પ્રિન્ટિંગ થશે. આ નોટોની કુલ વેલ્યુ ૩ હજાર કરોડ રૂપિયા થશે. સરકારે પોલિમર કરન્સી નોટોના ફિલ્ડ ટ્રાયલ માટે ભારતીય રિઝર્વ બેંકના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આ પહેલાં ઈમૈં એ પોતાના સેન્ટ્રલ બોર્ડની ભલામણ પર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૪ની કલમ ૨૫ હેઠળ સરકારને આ અંગે એક પ્રસ્તાવ મોકલ્યો હતો.

ખાસ વાત એ છે કે, આ પહેલી વખત નથી કે આરબીઆઈ પ્લાસ્કિટ અથવા તો પોલિમરની નોટો છાપીને તેને ચલણમાં લાવવા માગે છે. આ પહેલાં ૨૦૧૨-૧૩માં પણ યુપીએ સરકારના કાર્યકાળમાં આરબીઆઈ દ્વારા ૧૦ રૂપિયાની પોલિમરની નોટો જારી કરવામાં આવી હતી. તે વખતે પોલિમરની નોટોનું ટ્રાયલ કરવા માટે ૧ અબજ નોટને સર્ક્યુલેશનમાં મુકવામાં આવી હતી. તે સમયે કોચી, જયપુર, મૈસુર, શિમલા, ભુવનેશ્વર જેવા શહેરોમાં આ નોટો ટ્રાયલ માટે ફરતી કરવામાં આવી હતી. જો કે, સરકારે ત્યારબાદ ટ્રાયલ અટકાવી દીધી હતી. હવે ૧૫ વર્ષ બાદ ફરી એક વખત કેન્દ્ર સરકારે આ દિશામાં કામગીરી શરૂ કરી છે. જાણકારોના મતે નકલી નોટોનું નેક્સસ રોકવા માટે અને પ્રિન્ટિંગ ખર્ચ બચાવવા માટે જ સરકાર દ્વારા આ પગલું ભરાયું હોય તેમ લાગી રહ્યું છે.

સૌથી રસપ્રદ બાબત એ છે કે, આ નોટોની પ્રિન્ટિંગનો ખર્ચ કેટલો થાય છે. સામાન્ય રીતે લોકોને લાગે છે કે પ્લાસ્ટિક સસ્તું હશે તો નોટ પણ સસ્તી છપાતી હશે, પરંતુ હકીકત આનાથી ઊલટી છે. ભારતની વાત કરીએ તો અહીં પ્લાસ્ટિક નોટનું છાપકામ હજુ સત્તાવાર રીતે શરૂ થયું નથી અને ના તો આનો ખર્ચ સામે આવ્યો છે. જોકે દુનિયાના જે દેશોમાં આ છપાય છે, ત્યાં કોટન પેપરની નોટની સરખામણીમાં ૩૦ ટકાથી ૫૦ ટકા સુધી વધુ ખર્ચ આવે છે.



કેટલાક જાણકારો નામે છે કે, આમાં શરૂઆતી ખર્ચથી લઈને લાંબા ગાળાની બચત સુધીનું મહત્વ રહેલું છે.

વર્ષ ૨૦૨૧-૨૨માં એક ઈમૈં થી મળેલી માહિતી અનુસાર ૧૦ રૂપિયાથી લઈને ૫૦૦ રૂપિયા સુધીની દરેક નોટ છાપવામાં કેટલો ખર્ચ આવતો હતો તેની વિગતો સામે આવી છે. સામાન્ય રીતે ૧૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૯૬ પૈસાનો ખર્ચ આવે છે. તેવી જ રીતે ૨૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૯૫ પૈસાનો ખર્ચ જ્યારે ૫૦ રૂપિયાની એક નોટ છાપવાનો ખર્ચ ૧ રૂપિયો ૧૩ પૈસા થાય છે. મોટી ચલણી નોટોની વાત કરીએ તો ૧૦૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૧ રૂપિયો ૭૭ પૈસાનો ખર્ચ આવે છે. તેવી જ રીતે ૨૦૦ રૂપિયાની એક નોટ છાપવી હોય તો તેના માટે ૨ રૂપિયા ૩૭ પૈસાનો ખર્ચ કરવો પડે તેમ છે. હાલમાં ચલણમાં રહેલી સૌથી મોટી નોટ એટલે કે, ૫૦૦ રૂપિયાની એક નોટ છાપવામાં ૨ રૂપિયા ૨૯ પૈસાનો ખર્ચ આવે છે. આમ સરેરાશ આ નોટો છાપવાનો ખર્ચ ઘણો વધારે છે.

એક અહેવાલ પ્રમાણે સરકાર દ્વારા ૧૦ અને ૨૦ રૂપિયાની જે ૨૦૦ કરોડ નોટ છાપવાનો આદેશ અપાયો છે તેની પાછળ હાલમાં ૧૯ કરોડનો ખર્ચ આવે તેવું દેખાઈ રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, પરંપરાગત કાગળની વાત કરીએ તો તે કપાસ અને લિનનમાંથી બને છે. તેની સરખામણીમાં પ્લાસ્ટિક કે પોલિમર સબસ્ટ્રેટના પ્રિન્ટિંગનો ખર્ચ શરૂઆતી તબક્કામાં વધુ હોય છે. આરબીઆઈના રિપોર્ટ અનુસાર, સર્ક્યુલેશનમાંથી બહાર કાઢવામાં આવતી ખરાબ નોટોમાં સૌથી વધુ ભાગીદારી ૫૦૦ની નોટોની છે, જેની પછી ૧૦૦ની નોટોનો નંબર આવે છે. ઓનલાઈન ચુકવણી વધવા છતાં પણ રોકડનો ઉપયોગ ઓછો થઈ રહ્યો નથી. ૧૫ મે સુધીના આંકડા જોઈએ તો સર્ક્યુલેશનમાં કુલ રૂા. ૪૨.૮૬ લાખ કરોડની કરન્સી હતી. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ૬ અઠવાડિયામાં જ કરન્સીનું સર્ક્યુલેશન રૂા. ૧.૫ લાખ કરોડ વધી ગયું છે.

જાણખારોના મતે આરબીઆઈએ આ પગલું કરન્સી છાપવાના વધતા ખર્ચને ઓછો કરવા અને નોટનું આયુષ્ય વધારવા માટે ઉઠાવ્યું છે. એક અહેવાલ અનુસાર, માર્ચ ૨૦૨૫ માં પૂરા થયેલા નાણાકીય વર્ષમાં નોટ છાપવા માટે રૂા. ૬,૩૭૨.૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જેનો ખર્ચ એક વર્ષ પહેલા સુધી રૂા. ૫,૧૦૧.૪ કરોડ રહ્યો હતો. આ ખર્ચ રોકડની માગ વધવાના કારણે આવ્યો છે.

અહેવાલો પ્રમાણે છેલ્લાં એક દાયકામાં કાગળની નોટો છાપવા પાછળ ૫૨ હજારો કરોડ કરતા વધારે રૂપિયાનો ખર્ચ થયો છે. તે ઉપરાંત દર વર્ષે મોટી સંખ્યામાં ખરાબ થઈ ગયેલી અને જૂની તથા ફાટેલી નોટો પાછી લઈને ડિસ્પોઝ કરવાનું પ્રમાણ પણ ઘણું વધી ગયું છે. આની સાથે જ નોટ ખરાબ થવાનું પ્રમાણ પણ પાછલા વર્ષ કરતા ૧૨.૩ ટકા વધી ગયું છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ૨૩.૮ અબજ નોટોને સર્ક્યુલેશનમાંથી બહાર કરવામાં આવી હતી, જે એક વર્ષ પહેલા સુધી ૨૧.૨૪ અબજ નોટો હતી.

ભારતમાં ઈમૈં જે પોલિમરનો ઉપયોગ નોટ છાપવા માટે કરવા જઈ રહી છે, તેને ટેકનિકલ ભાષામાં બાયએક્સિયલી ઓરિએન્ટેડ પોલીપ્રોપીલીન (મ્રૈં) કહેવામાં આવે છે. આ પ્લાસ્ટિક તો છે, પરંતુ સામાન્ય કેરી બેગ જેવું તો બિલકુલ નથી હોતું. આ મ્રૈં ની વાત કરીએ તો તે ખાસ પ્રકારની પ્લાસ્ટિક શીટ હોય છે, જેને બંને દિશાઓમાં એટલે કે લંબાઈ અને પહોળાઈમાં ખેંચીને મજબૂત અને પારદર્શક બનાવવામાં આવે છે. તે ખૂબ જ પાતળી એટલે કે લગભગ ૯૦ માઈક્રોન હોવા છતાં સરળતાથી ફાટતી કે વળતી નથી. જાણકારો માને છે કે, પ્લાસ્ટિક-પોલિમરનો નોટો લાંબી રેસનો ઘોડો છે. આ જ કારણ છે કે સરકાર અને બેંકોને વારંવાર નવી નોટો છપાવવા અને જૂની ફાટેલી નોટો નષ્ટ કરવાના ખર્ચમાંથી મોટી રાહત મળે છે. તેથી લોંગ-ટર્મ ફાયદાના દ્રષ્ટિકોણથી પ્લાસ્ટિક નોટનો આ સોદો સસ્તો સાબિત થાય છે. પ્લાસ્ટિકની નોટોના ઉપયોગથી કાગળ, ઈંક, પાણી જેવા સંસાધનોનો ઉપયોગ ઘટી જશે. તે સિવાય પ્લાસ્ટિકની નોટો રિસાઈકલ કરી શકાય છે અને તેમાંથી અન્ય સંસાધનો બનાવી શકાય છે. આમ સરેરાશ પર્યાવરણનો બચાવ થશે અને યોગ્ય કામગીરી પણ થઈ શકશે.

પ્લાસ્ટિકની નોટોનો ઈતિહાસ ઓસ્ટ્રેલિયા સાથે જોડાયેલો છે. એંસીના દશકમાં ઓસ્ટ્રેલિયામાં નકલી નોટોનો કારોબાર ખૂબ વધી ગયો હતો. આનાથી નિપટવા માટે ત્યાંની રિઝર્વ બેંક ઓફ ઓસ્ટ્રેલિયાએ વૈજ્ઞાનિક સંશોધન સંસ્થાઓ સાથે મળીને પ્લાસ્ટિકની નોટો તૈયાર કરી હતી.

દુનિયામાં સૌથી પહેલી પ્લાસ્ટિક નોટ વર્ષ ૧૯૮૮માં ઓસ્ટ્રેલિયામાં બહાર પાડવામાં આવી હતી, જે દેશની આઝાદી અથવા કહીએ કે બ્રિટિશરોના આગમનની ૨૦૦મી જન્મજયંતિના પ્રસંગે એક કોમોડિટી નોટ તરીકે આવી હતી. આ પછી વર્ષ ૧૯૯૬ સુધીમાં ઓસ્ટ્રેલિયાએ પોતાની તમામ કાગળની નોટોને સંપૂર્ણપણે પ્લાસ્ટિકની નોટોમાં બદલી નાખી હતી. ઓસ્ટ્રેલિયા પછી દુનિયાના ૭૦થી વધુ દેશો પ્લાસ્ટિકની નોટો અપનાવી ચૂક્યા છે અથવા તો તેનો આંશિક રીતે ઉપયોગ કરી રહ્યા છે. આમાંથી ઘણા દેશોએ પોતાની સંપૂર્ણ કરન્સીને કાગળમાંથી પ્લાસ્ટિકમાં શિફ્ટ કરી લીધી છે. આ નોટોનો ઉપયોગ કરનારા મોટા દેશોમાં બ્રિટનનું નામ આવે છે. બ્રિટને પોતાની તમામ નોટો એટલે કે ૫, ૧૦, ૨૦ અને ૫૦ પાઉન્ડને સંપૂર્ણપણે પ્લાસ્ટિક પોલિમરમાં બદલી નાખી છે.

આના પર ત્યાંની જાણીતી હસ્તીઓના ફોટો છપાયેલા છે. તેવી જ રીતે વર્ષ ૨૦૧૧થી કેનેડિયન ડોલરને પ્લાસ્ટિકમાં બદલવાની શરૂઆત થઈ હતી અને આજે ત્યાં સંપૂર્ણપણે પોલિમર નોટો ચલણમાં આવી ગઈ છે. આ ઉપરાંત ઓસ્ટ્રેલિયાના પડોશી દેશ ન્યૂઝીલેન્ડ પણ પોતાની સંપૂર્ણ કરન્સીને પોલિમરમાં ઢાળી ચૂક્યો છે.

યુરોપની વાત કરીએ તો રોમાનિયા યુરોપનો પહેલો દેશ હતો જેણે ૧૯૯૯માં પ્લાસ્ટિક નોટો છાપી હતી અને ૨૦૦૩ સુધીમાં સંપૂર્ણપણે અપનાવી લીધી હતી.

આ સિવાય વિયેતનામ, બ્રુનેઈ, પાપુઆ ન્યુ ગિની, માલદીવ, નાઈજીરિયા અને સિંગાપોર જેવા ઘણા દેશોમાં પ્લાસ્ટિકની નોટોનો મોટા પાયે ઉપયોગ થઈ રહ્યો છે.

# પ્રામાણિકતા,પવિત્રતા અને ઈશ્વર પ્રાપ્તિનો માર્ગ બહારની સ્વચ્છતા નહીં, અંદરની નિર્મળતા જ સાચું મંદિર છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આપણું જીવન નાની નાની આદતોનું સરવાળો છે. આપણે મોટા મોટા સિદ્ધાંતોની વાતો કરીએ છીએ, મોટા ધર્મગ્રંથો વાંચીએ છીએ, મોટા ઉપવાસ અને યાત્રાઓ કરીએછીએ પણ ઈશ્વર કદાચ આપણને રોજિંદી એક ચપટી મીઠા જેટલી નાની વાત માં ચકાસે છે.

ગામડાની વાડીએ બેઠેલા અમથા કાકાની વાતથી માંડીને મનની અંદરની સ્વચ્છતા સુધીની યાત્રા એ જ સાચી આધ્યાત્મિકતા છે. આધ્યાત્મિકતા એટલે માત્ર મંદિરે જવું નહીં,એટલે દરરોજના વ્યવહારમાં સત્યને જીવવું. બહારથી સ્વચ્છ કપડાં પહેરવા સાથે અંદરથી મનને પણ નિર્મળ રાખવું.

આજે આપણે બે વાતોને સાથે જોડીને સમજીશું. પહેલી, રોજિંદા જીવનમાં પ્રામાણિકતા કેમ જરૂરી છે.અને બીજી, અંદર અને બહારની પવિત્રતા સાથે ઉપાસના અને સાધનાનું સંતુલન કેમ જરૂરી છે.

એક ચપટી અપ્રમાણિકતાથી ગામ કેમ બરબાદ થાય?અમથાકાકા આખા ગામમાં તેમની પ્રામાણિકતા માટે જાણીતા હતા. એક દિવસ મિત્રો જમવા આવ્યા હતા. વાતો ચાલતી હતી, હાસ્ય ગુંજતું હતું. રસોઈ બનતી વખતે ખ્યાલ આવ્યો કે મીઠું ખતમ થઈ ગયું છે.

કાકાએ દીકરાને પૈસા આપીને કહ્યું, 'જા બેટા, બજારમાંથી મીઠું લઈ આવ. અને હા, વાજબી ભાવે જ લાવજે.ન ઓછું,ન વધારે.'દીકરાને નવાઈ લાગી.'પિતાજી,જો હું સોદો કરીને સસ્તું મીઠું લાવું અને થોડા પૈસા બચાવું તો શું ખોટું?'

કાકાનો જવાબ સાંભળીને બધા મિત્રો ચૂપ થઈ ગયા. 'ના દીકરા. કોઈ મીઠું સસ્તું કેમ વેચે? કદાચ તેને પૈસાની બહુ જરૂર હશે. અને જો આપણે તેની મજબૂરીનો લાભ લઈશું તો તે મજૂરનું અપમાન થશે જેણે પરસેવો પાડીને એ મીઠું બનાવ્યું છે.'

મિત્રોમાંથી એકે હસીને કહ્યું, 'કાકા, આટલી નાની વાતથી ગામ કેવી રીતે બરબાદ થાય?'ત્યારે કાકાએ જે કહ્યું તે આજે પણ આપણા સમાજ ને અરીસો બતાવે છે. 'શરૂઆતમાં સમાજમાં કોઈ અપ્રમાણિકતા ન હોતી.પણ ધીમે ધીમે આપણે અહીં એક ચપટી,ત્યાં એક ચપટી અપ્રમાણિકતા ઉમેરતા ગયા.અને મનને એમ જ સમજાવતા રહ્યા કે આટલી નાની વાતથી શું ફરક પડે છે.જુઓ આજે આપણે ક્યાં પહોંચ્યા.હવે આપણે એક ચપટી પ્રામાણિકતા માટે પણ તરસીએ છીએ.'

આ વાર્તા માત્ર મીઠાની નથી.આ વાર્તા આપણા રોજિંદા સમાધાનોની છે. ઓટોમાં મીટર પ્રમાણે પૈસા ન આપવા,દુકાનદારને બે રૂપિયા ઓછા આપવા,ઓફિસમાં કામ ચોરી કરવી,ટેક્સમાં થોડી હેરાફેરી કરવી.આપણે દરેક વખતે કહીએ છીએ 'આટલું કરવાથી શું થવાનું છે'પણ આધ્યાત્મિક દૃષ્ટિએ દરેક નાનું ખોટું કાર્યઆપણા આત્મા પર એક ડાઘ મૂકે છે.એક ડાઘથી કશું ન થાય,પણ રોજ એક ડાઘ પડે તો આખો કપડો કાળો થઈ જાય. સમાજ પણ એમ જ બને છે. જ્યારે બધા 'એક ચપટી' છૂટ આપવા લાગે, ત્યારે પ્રામાણિક માણસને જીવવું મુશ્કેલ થઈ જાય.

અમથા કાકા આપણને શીખવે છે: સંવેદનશીલતા. સામેના માણસની મહેનતની કદર કરવી. વાજબી ભાવ આપવો એ દાન નથી,એ ન્યાય છે. અને ન્યાયથી જીવવું એ જ સૌથી મોટી ઈશ્વર ઉપાસના છે.

અંદરની અને બહારની પવિત્રતા*

પ્રામાણિકતા એ પવિત્રતાનું પહેલું પગલું છે. શાસ્ત્રો કહે છે કે પવિત્રતા બે પ્રકારની હોય છે: અંદરની અને બહારની.બહારની પવિત્રતા સહેલી છે. સ્નાન કરવું, સ્વચ્છ કપડાં પહેરવા, ઘર સાફ રાખવું.પણ અંદરની પવિત્રતા? મન છળ,કપટ, નિંદા,અસત્ય અને દંભથી ગંદુ થાય છે.આપણે બહાર થી બહુ સારા દેખાઈએ,મોઢા પર સ્મિત રાખીએ, પણ અંદર બીજા માટે ઈર્ષ્યા, ક્રોધ કે લોભ રાખીએ. આને જ કહેવાય અંદર કંઈક અને બહાર કંઈક.આવી બેવડી જિંદગી જીવવાથી મનમાં દુર્ગંધ ભરાઈ જાય છે.અને એ દુર્ગંધના કારણે ચોરી, વ્યભિચાર, શોષણ,અનીતિ,લોભ,મદ,મોહ, ક્રોધ જેવા શત્રુઓઆપણા પર સહેલાઈથી હુમલો કરે છે.

ઈશ્વર તત્ત્વની વૃદ્ધિ થાય એટલે આ અંદરની ગંદકી આપોઆપ ધોવાઈ જાય. ત્યારે સ્વભાવ બાળક જેવો સરળ, કોમળ અને નિષ્કપટ બને. જે અંદર હોય એ જ બહાર દેખાય. આવો માણસ ગમે ત્યાં રહે,તેનું હૃદય નિર્મળ રહે. અને નિર્મળ હૃદય જ ઈશ્વરનું સાચું મંદિર છે. આજે લોકો કહે છે 'મારું મન સાફ છે'પણ વિચારો તપાસો. કોઈની પીઠ પાછળ વાત કરીએ છીએ? કોઈની સફળતાથી બળીએ છીએ?નાનો ફાયદો કરવા માટે જૂઠું બોલીએ છીએ?જો હા,તો મન સાફ નથી. અમથા કાકાએ મીઠામાં પણ પ્રામાણિકતા માંગી, કારણ કે તેઓ જાણતા હતા કે બહારની ક્રિયા અંદરના ભાવથી જ શુદ્ધ બને છે.

આત્મિક પ્રગતિના બે પગ ઉપાસના અને સાધના માણસ બે પગે ચાલે છે. ગાડી બે પૈડે ચાલે છે. એક પૈડું કાઢી નાખો તો ગાડી પડી જાય. બરાબર એવી જ રીતે આત્મિક પ્રગતિ માટે પણ બે વસ્તુ જરૂરી છે: ઈશ્વર ઉપાસના અને આત્મ સાધના.

ઉપાસના એટલે ઈશ્વર સાથે જોડાણ પ્રાર્થના, ભજન, ધ્યાન, નામસ્મરણ. આનાથી આપણને શક્તિ મળે છે,દિશા મળે છે, શાંતિ મળે છે. સાધના એટલે જીવનમાં એ શક્તિને ઉતારવી. રોજિંદા વ્યવહારમાં સત્ય બોલવું,મહેનત કરવી,સંયમ રાખવો સેવા કરવી. અમથા કાકાએ જે કર્યું તે સાધના જ હતી.

આજે ઘણા લોકો સરળ રસ્તા શોધે છે. 'કોઈ મંત્ર આપો જેથી રાતોરાત કરોડપતિ બની જાઉં' 'કોઈ યંત્ર આપો જેથી બધી સમસ્યા દૂર થાય'.'કુંડળી બદલી આપો'. પણ સત્ય એ છે કે આપણો ખોરાક આપણે જાતે જ ખાવો અને પચાવવો પડે.કોઈ બીજો આપણા માટે ખાઈ ન શકે.એવી જ રીતે આત્માની પ્રગતિ પણ આપણે જાતે જ કરવી પડે.ઉપાસના વગરની સાધના કોરા આચાર બની જાય. અને સાધના વગરની ઉપાસના માત્ર ઢોંગ બની જાય.

જે માણસ સવારે કલાક ભજન કરે,પણ દુકાનમાં ગ્રાહકને છેતરે, તેની ઉપાસના વ્યર્થ છે. અને જે માણસ દિવસભર પ્રામાણિક કામ કરે, પણ અંદરથી કૃતજ્ઞતા વગર, ઈશ્વરને યાદ કર્યા વગર જીવે, તેની સાધનાને આધાર નથી.

ચપટી બદલવાની શરૂઆત અમથા કાકાની વાત અને પવિત્રતાનો સિદ્ધાંત એક જ જગ્યાએ મળે છે: નાનામાં નાની વસ્તુમાં પણ સંપૂર્ણતા

આપણે બધા મોટા બદલાવની રાહ જોઈએ છીએ.'સમાજ બદલાય તો હું બદલાઈશ''લોકો પ્રમાણિક બને તો હું બનીશ'પણ કાકા કહે છે, શરૂઆત આપણાથી થાય. આજથી એક નક્કી કરીએ.બજારમાં સોદો કરતી વખતે સામેના મજૂરનોવિચાર કરીશું.ઓફિસમાં દશ મિનિટ વધારે મહેનત કરીશું. ઘરે આવીને દશ મિનિટ મનને શાંત કરીને ઈશ્વરને યાદ કરીશું. મનમાં કોઈના માટે ખરાબ વિચાર આવે તો તરત તેને પ્રાર્થનાથી બદલીશું. એક ચપટી અપ્રમાણિકતાને બદલે જો આપણે એક ચપટીપ્રામાણિકતા ઉમેરીશું,એક ચપટી દયા ઉમેરીશું, એક ચપટી સત્ય ઉમેરીશું,તો ધીમે ધીમે આપણું જીવન,આપણો પરિવાર અને આપણું ગામ બદલાઈ જશે.

# દર્શન એટલે આંખ સામે જે છે, એનાં ગુણ દોષનું વિશ્લેષણ કર્યા વગર એની ગરિમાને આત્મસાત કરવી

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સાંપ્રત સમયમાં સમાજ સામે ઘણી બધી સમસ્યા છે, અને એને સુલઝાવવામાં માનવી કેટલુંય ચૂકે છે! માનવતાનાં સાચાં ધર્મને ચૂકીને, ધર્મનાં ખોટાં ચકરડામાં ફસાઈ જાય છે! અને એટલે ઈશ્વર ને ઈશ્વર સમજવું પણ કઠિન પડે છે, કારણ કે ક્યાંક વિજ્ઞાન પડકારે, અને શ્રદ્ધા નબળી પડે! તો ક્યારેક અંધશ્રદ્ધા ખેલ ખેલી જાય, અને ઈશ તત્વ દૂર ચાલ્યું જાય! ઉપરાંત માનવીને ઈશ્વર નિરાકાર છે કે સાકાર? એની દ્વિધા પણ થાય છે! હાં જાણવાં ખાતર તો વેદ, ઉપનિષદ, અને પુરાણો ઉથલાવી નાખ્યાં, પણ અનુભવને નામે કંઈ જ પામ્યા નહીં. એટલે કે જગતની માયા ઈશ્વર છે કે, આ ઈશ્વરની માયાને લીધે જગત છે, એ સમજવું અઘરું છે! એટલું સુક્ષ્મ છે, આ બધું! જીવન ભર આવી અસમંજસમાં સમય જાય છે, જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ તો એમ કહે છે કે સંપૂર્ણ જગતનું કારણ હું છું, અને આખું જગત દોરામાં પરોવાયેલાં મણિ પેઠે મારી આસપાસ ગૂંથાયેલુ છે! પછી એ પ્રકૃતિ રચિત જગત હોય કે માનવી રચિત એનું વ્યક્તિગત જગત ( સંસાર) હોય, સર્વત્ર મારો જ વ્યાપ છે. આમ જીવ જ્ઞાન, વિજ્ઞાન, અને યોગનાં ત્રાજવે તોળાતો રહે છે. આજે મંગળવાર એટલે ગીતા જ્ઞાનનો દિવસ! આપણે ભગવત્ ગીતાનાં સાતમા અધ્યાયનો ૮/૯ શ્લોક પર ચિંતન કરીશું



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

* ભગવત્ ગીતા* રસોઙહમપ્સુ કૌન્તેય પ્રભાસ્મિ શશિ-સૂર્યયોઃ । પ્રણવઃ સર્વવેદેષુ શબ્દઃ ખે પૌરુષં નૃષુ ॥ ૮ ॥

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે,

હે કુંતીપુત્ર અર્જુન! પાણીમાં જે રસ (માધુર્ય, તૃપ્તિ આપતો ગુણ) છે, તે હું છું.

ચંદ્ર અને સૂર્યનું તેજ હું છું. બધા વેદોમાં રહેલો 'ૐ' (પ્રણવ) હું છું. આકાશમાં રહેલો શબ્દનો ગુણ હું છું. મનુષ્યોમાં રહેલું પૌરુષ, શક્તિ, સાહસ અને ઉત્તમ પુરુષાર્થ હું છું. પુણ્યો ગન્ધઃ પૃથિવ્યાં ચ તેજશ્ચાસ્મિ વિભાવસૌ. જીવનં સર્વભૂતેષુ તપશ્ચાસ્મિ તપસ્વિષુ ॥ ૯ ॥ પૃથ્વીમાં રહેલી પવિત્ર સુગંધ હું છું.અગ્નિનું તેજ હું છું.બધાં જીવમાત્રમાં રહેલું જીવન હું છું.

તપસ્વીઓના તપમાં પણ હું જ રહેલો છું.

આ બંને શ્લોકોમાં ભગવાન એક અગત્યનું તત્ત્વ સમજાવે છે કે ઈશ્વર માત્ર મંદિરમાં કે મૂર્તિમાં જ નથી, પરંતુ સમગ્ર સૃષ્ટિના દરેક ઉત્તમ ગુણમાં પ્રગટ છે. જ્યારે પાણી પીએ અને તેની તૃપ્તિ અનુભવીએ તો ભગવાનને યાદ કરો.

સૂર્યોદય કે ચંદ્રપ્રકાશ જોઈ તેમાં ભગવાનનું તેજ દેખાય છે! ૐ નો નાદ સાંભળીને અથવા જપ કરીએ ત્યારે એ પરમાત્માનો સ્વર છે.પૃથ્વી પર વરસાદ પછી આવતી સુગંધમાં પણ ભગવાનનો સ્પર્શ છે. દરેક જીવમાં ધબકતું જીવન એ પરમાત્માની જ હાજરી છે. કોઈ સાધક તપ, સંયમ અને સાધના કરે છે, તો તે શક્તિ પણ ભગવાન પાસેથી જ મેળવે છે.આ રીતે ભગવાન અર્જુનને શીખવે છે કે, ઈશ્વરની વિભૂતિ સમાન દિવ્યતાને જીવનની સામાન્ય લાગતી વસ્તુઓમાં પણ ઓળખવાની દ્રષ્ટિ વિકસાવવી જોઈએ.આ શ્લોકોનો સંદેશ એ કે માનવીય જીવન માત્ર ભૌતિક દ્રષ્ટિએ એ નહીં, પણ એક એક ઘટના ઈશ્વરની અભિવ્યક્તિ તરીકે જોવી પડે. દરેક સારા ગુણમાં ભગવાનનું દર્શન કરવું, અને જીવનના દરેક ક્ષણને ઈશ્વરસ્મરણ સાથે જોડવું. બહાર ભગવાનને શોધતાં પહેલાં, પોતાની આસપાસ અને પોતાની અંતરમાં રહેલાં દિવ્ય તત્ત્વને ઓળખવાનો પ્રયત્ન કરવો.આ બંને શ્લોકોનો સાર એ છે કે જગતમાં જ્યાં જ્યાં શ્રેષ્ઠતા, પવિત્રતા, જીવન, પ્રકાશ અને શક્તિ દેખાય છે, ત્યાં, કેવળ ભગવાનનું જ પ્રગટીકરણ છે. તેથી સાધક માટે સમગ્ર જગત કે જેને યોગીઓ મિથ્યા કહે છે, એ જ જગત કે સજીવ નિર્જીવ સૃષ્ટિ ભગવાનનાં દર્શનનું સાધન બની જાય છે. પરંતુ ભગવાન શ્રીકૃષ્ણ એ કહ્યું એમ સહજતાથી આપણે ઈશ્વરની દિવ્યતાને અનુભવી શકતાં નથી, કારણકે જ્ઞાન બાબત આપણી પાસે માત્ર માહિતી છે, કોઈ ઠોસ અનુભૂતિ નથી! અને ઉપરથી આ જાણકારી અહંકારનું આવરણ રચે છે, જ્ઞાન જ આત્મ તત્વને ઉજાગર કરે છે, અને મોહ માયા અહંમના તાંતણા હટતાં જાય તેમ બહાર જેમ સૂર્યોદય થતાં આખું જગત પ્રકાશથી ઝળહળી ઉઠે છે, એમ આત્મ તત્વનું તેજ અંતરમાં એટલું ઓજસ પાથરે છે કે, ક્યાંય મેલ રહેતો નથી, અને એ તેજ ની કાંતિ માત્ર લલાટ પૂરતી સિમિત રહેતી નથી, એક આભા વલયનુ નિર્માણ કરે છે. પરંતુ કેન્દ્રમાં 'હું ' અને 'મારું' આ બે ભાવ ઈશ્વરને કારણે જ બધું છે, એ સત્યને જાણવાં છતાં, જ્ઞાન અધૂરું રહી જાય, અને અંતે આ બધીય શાસ્ત્રીય વાત આપણી માટે માત્ર કલ્પના બની રહે છે.

સદગુરુ કૃપા કહે છે કે પરમાત્મ તત્વ સુધી પહોંચવા માટે માયાને સમજવી બહુ જરૂરી છે, અને એની માટે પોતાનાં જ જાળાંમાં ફસાયેલાં કરોળિયાથી ઉત્તમ કોઈ ઉદાહરણ નથી! માનવી આ જ રીતે પોતાનો સંસાર ગૂંથે છે, અને પછી ખુદ એમાં જ પૂરાઈ જાય છે. ભગવાન જળમાં માધુર્યની વાત કરે છે, જ્યારે જીવને હવે કેરીનાં રસમાં પણ માધુર્ય અનુભવાતું નથી! પહેલાં એવું હતું કે ભોગ ભોગવતી વખતે તો આનંદ રહેતો, પરંતુ હવે એવું નથી! કાલે મળશે કે નહીં! કેસરનો રસ હોત તો! કેસર હોય તો તાલાળા જૂનાગઢની હોત તો! આટલું વિચારે ત્યાં રસ પૂરો, પછી માધુર્ય ક્યાંથી અનુભવાય! ટૂંકમાં આપણી આંખો સ્થૂળ અને ભૌતિક દર્શનથી આગળ વધે તો એ પ્રાકૃતિક અંગોમાં ઈશ્વર અનુભવી શકાય! સૂર્યને આપણે સૌ જોઈએ છીએ! દર્શન કોણ કરે છે? દર્શન એટલે આપણી આંખ સામે જે છે, એનાં ગુણ દોષનું વિશ્લેષણ કર્યા વગર, એને જજ કર્યા વગર, એની ગરિમાને આત્મસાત કરવી. મંદિરમાં મૂર્તિ સામે ઉભાં રહીએ તો, કેવાં વાઘા પહેરાવ્યા છે! આભૂષણ ખોટાં હશે કે સાચાં! શિલ્પકાર મૂર્તિનાં ભાવને બરોબર અંકિત કરી શક્યો નથી! આટલી કાળી મૂર્તિ? શું આ દર્શન છે? વેદનો ૐ કાર, એટલે ધ્વનિનો રણકો કે સ્વરની સચ્ચાઈ ! જે ભાગ્યે જ અનુભવાય. આકાશનો શબ્દ, કોઈ ને કોઈ ઘોંઘાટ અને અપ શબ્દો વચ્ચે એનું મૂળ ક્યાં દેખાય! પૃથ્વી તત્વની ગંધ! આસપાસ વિષય વૃત્તિ કે વાંસનાની દુર્ગંધમાં સમાધિની સુગંધ નાસિકમાં પહોંચે એટલું ધૈર્ય કોને છે? અને હવે તો વરસાદ પણ એવાં આવે છે કે, પ્રથમ વરસાદની ભીની સુગંધ ભાગ્યે જ આવે! પુરુષની શક્તિ એટલે માત્ર પૌરુષત્વ નહીં, પરિવર્તન માટે સાહસ પણ જરૂરી ! સંન્યાસીનું તપ! કળિયુગમાં પહેલાં સંન્યાસી સાચો છે કે ખોટો ? એ પારખવું કઠિન! આપણાં જીવનની સચ્ચાઈ એ છે કે આપણે સિદ્ધ તો છીએ, પણ શુદ્ધ નથી, પવિત્ર નથી, અને એટલે આપણે આસપાસના જગતની દિવ્યતામાં ઈશ્વરને અનુભવી શકતાં નથી! સદગુરુનો બોધ એ છે.

# માંજલપુરે યોગેશ કાકાની લાજ રાખી, વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપની જીત

## સતિષ પટેલ 30,499ની લીડથી જીત્યા, કોંગ્રેસના ઉમેદવારે કહ્યું- આ ઈલેક્શન ફેર નથી

**વડોદરા, તા.03**

વડોદરાની માંજલપુર વિધાનસભાએ યોગેશ કાકાની લાજ રાખી છે. પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર 30,499ની લીડથી જીત્યા છે. તો કોંગ્રેસના ઉમેદવારને 24,585 મત મળ્યા છે. આશ્ચર્યજનક રીતે નોટામાં 2223 મત પડ્યા હતા. વિજય બાદ ભાજપના ઉમેદવારની ભવ્ય વિજયયાત્રા નીકળી હતી.



ભાજપના ઉમેદવાર સતિષ પટેલે કહ્યું હતું કે માંજલપુરની જનતાએ યોગેશ કાકાને સહકાર આપ્યો તે જ રીતે મને પણ આપ્યો છે. તો કોંગ્રેસના ઉમેદવાર ભીખા રબારીએ હાર સ્વીકારીને આ ચૂંટણીને અનફેર ગણાવી હતી. ઉલ્લેખનીય છે કે માંજલપુર વિધાનસભા બેઠક પર 30 જુલાઈએ પેટાચૂંટણી યોજાઈ હતી, જેમાં 37.05 ટકા મતદાન બાદ આજે 19 રાઉન્ડની મતગણતરી કરાઈ હતી.

માંજલપુર વિધાનસભા બેઠક એ ભાજપનો ગઢ રહી છે. વર્ષ 2008માં માંજલપુર વિધાનસભા નવી બની હતી ત્યારથી સ્વ. યોગેશ પટેલ આ બેઠક ઉપર ધારાસભ્ય તરીકે ચૂંટાતા હતા. તેઓના નિધન બાદ પેટા ચૂંટણી યોજવામાં આવી હતી. જો કે પેટા ચૂંટણી સાવ નિરસ રહી હતી. ભાજપ પોતાના પરંપરાગત મતદારોને પણ મતદાન મથક સુધી પહોંચાડવામાં નિષ્ફળ રહ્યું હતું, જેથી 37.5 ટકા જ મતદાન નોંધાયું હતું.

વર્ષ 2022માં 60 ટકા મતદાન નોંધાયું હતું જેમાં સ્વ. યોગેશ પટેલને 1,20,133 મત મળ્યા હતા. તો કોંગ્રેસના ઉમેદવાર તશ્વીનસિંહને 19,379 મત મળ્યા હતા. જો કે આ વખતે મતદાન ઓછું હતું તેમ છતાં કોંગ્રેસના ઉમેદવારને વધુ મત મળ્યા છે. ભાજપની આખેઆખી ફોજ મતદાન પહેલા ચૂંટણી પ્રચારમાં ઉતરી હતી. જેમાં કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલથી માંડી મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, ભાજપના પ્રદેશ અધ્યક્ષ સહિતના સ્ટાર પ્રચારકો પણ મેદાનમાં ઉતરી ગયા હતા. મતદાનના દિવસે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મારામારી પણ થઈ હતી અને કોંગ્રેસ દ્વારા આચાર સંહિતાના ભંગની ફરિયાદ કરવામાં આવી હતી.

કોંગ્રેસના ઉમેદવાર ભીખા રબારીએ આક્ષેપ કર્યા હતા કે ભાજપના આગેવાનો ગુંડાગર્દી ઉપર ઉતરી આવ્યા હતા. મતદારોને ભયભીત કર્યા હોવાના પણ આક્ષેપ કર્યા હતા.

વડોદરાના છાણી વિસ્તારના વતની અને ભાજપના વરિષ્ઠ રાજકીય અગ્રણી સતિષ ગોવિંદભાઈ પટેલ વડોદરાના સ્થાનિક રાજકારણમાં અને સહકારી ક્ષેત્રે એક જાણીતો ચહેરો છે. તેઓ વડોદરા મહાનગરપાલિકામાં પૂર્વ કોર્પોરેટર અને કોર્પોરેશનની સૌથી મહત્વની ગણાતી સ્થાયી સમિતિના પૂર્વ અધ્યક્ષ તરીકે જવાબદારી નિભાવી ચૂક્યા છે. તેઓ ભાજપના સંગઠનમાં મજબૂત પકડ ધરાવવાની સાથે છાણી અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય ભૂમિકા ભજવતા આવ્યા છે.

તેઓ છાણી વિસ્તારમાં આવેલા સેવાભાવી 'છાણી ધર્માદા ટ્રસ્ટ' ના મુખ્ય વહીવટકર્તા અને સંચાલક તરીકે પણ સેવાઓ આપે છે. આ ટ્રસ્ટ છેલ્લા ઘણા દાયકાઓથી છાણી સ્મશાન ગૃહનું સંચાલન અને અન્ય લોકકલ્યાણના કાર્યો કરે છે. વડોદરા કોર્પોરેશન દ્વારા સ્મશાનોના ખાનગીકરણના મુદ્દે ઉભા થયેલા વિવાદ દરમિયાન છાણી સ્મશાનના લાકડા અન્ય જરૂરિયાતમંદ ગ્રામ્ય સ્મશાનોમાં દાન કરવાના નિર્ણયને પગલે તેઓ સ્થાનિક રાજકારણમાં ભારે ચર્ચામાં આવ્યા હતા. આ સિવાય, વડોદરાના સહકારી માળખામાં પણ તેઓ મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને પક્ષના વિવિધ સંગઠનાત્મક કાર્યો તેમજ સ્થાનીય પ્રશ્નોના નિરાકરણ માટે સતત કાર્યરત રહે છે.

# મનપાની વ્યાજમાફી યોજનાને જબરો પ્રતિસાદ: એક જ દિવસમાં 95 મિલકતધારકોએ રૂ. 14.30 લાખનો ટેક્સ ભર્યો

**રાજકોટ, તા.03**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાના મિલકતધારકો અને પાણીવેરાના બાકીદારો માટે 1 ઓગસ્ટથી બે મહિના માટે વ્યાજમાફી યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજનાના પ્રથમ દિવસે જ 95 મિલકતધારકોએ રૂ. 14.30 લાખનો બાકી વેરો ભરપાઈ કર્યો હતો, જેની સામે મનપાએ રૂ. 2.02 લાખનું વ્યાજ માફ કર્યું છે. બંને ટેક્સમાં મળીને કુલ રૂ. 10,000 સુધીની વ્યાજમાફી આપતી આ યોજનાથી 1.40 લાખથી વધુ આસામીઓને સીધો લાભ થવાની ધારણા છે.




વેરા વિભાગનાં મેનેજર વત્સલ પટેલનાં જણાવ્યા મુજબ, આ યોજના હેઠળ 1 ઓગષ્ટથી 30 સપ્ટેમ્બર સુધી મિલકત અને પાણીવેરાનાં વ્યાજમાં રૂ. 5000-5000નું વ્યાજ માફ કરવાનું જાહેર કરવામાં આવ્યું હતું. આ યોજનાનો પ્રથમ દિવસ શનિવારે હતો. માત્ર આ એક જ દિવસમાં કુલ 95 મિલકત ધારકોએ રૂ. 14.30 લાખ બાકીવેરો ભર્યો છે. વ્યાજમાફી યોજનાનાં નિયમ મુજબ આ કરદાતાઓને રૂ. 2,02,340નું વ્યાજ માફ કરવામાં આવ્યું છે.

મહાનગરપાલિકા દ્વારા વેરા ભરપાઈનો વ્યાપ વધારવાના આશયથી આ વ્યાજ રાહત યોજના શરૂ કરાઈ છે. શહેરમાં નોંધાયેલા અંદાજે 6.10 લાખ કરદાતાઓમાંથી નિયમિત વેરો ભરનારાઓની સંખ્યા 5.20 લાખ સુધી પહોંચવાની તંત્રને આશા છે. વરસતા વરસાદ વચ્ચે પણ પ્રથમ દિવસે મળેલા સાનુકૂળ પ્રતિસાદને જોતાં આગામી દિવસોમાં વધુ લોકો આ યોજનાનો લાભ લેશે તેમ મનાઈ રહ્યું છે.

ચાલુ વર્ષના રૂ. 520 કરોડના ટાર્ગેટ સામે અત્યાર સુધીમાં 3.64 લાખ કરદાતાઓએ રૂ. 255.78 કરોડની રકમ ભરી દીધી છે. બીજી તરફ, 2.46 લાખ બાકીદારો પાસે રહેણાંક અને બિન-રહેણાંક મિલકતોના મળીને રૂ. 376.93 કરોડનું લેણું બાકી છે. ગત વર્ષે આ યોજના હેઠળ રૂ. 79.06 કરોડની વસૂલાત સામે મનપાએ રૂ. 12.76 કરોડનું વ્યાજ માફ કર્યું હતું.

હાલ શહેરના 18 વોર્ડની મિલકતોનું કુલ માંગણું રૂ. 1,403.96 કરોડ સુધી પહોંચી ગયું છે, જેમાં 30 ટકાથી વધુ એટલે કે રૂ. 423.29 કરોડ માત્ર ચડત વ્યાજ છે. એક તરફ નાના અને મધ્યમ વર્ગ માટે આ યોજના રાહતરૂપ બની છે, ત્યારે બીજી તરફ કરોડો રૂપિયા બાકી રાખતા મોટા આસામીઓ, રેલવે સહિતની સરકારી કચેરીઓ અને મોબાઈલ ટાવર કંપનીઓ પાસેથી કડક રિકવરી માટે નક્કર નીતિ ઘડવાની માંગ પણ ઉઠી રહી છે.

# ગતરાડ ખાતે મહિલા સુરક્ષા દિને દીકરીઓને સ્વરક્ષણ તાલીમ અને સરકારી યોજનાઓનું માર્ગદર્શન અપાયું

- **અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરી દ્વારા ગાત્રેશ્વરી વિદ્યાવિહાર અને આદર્શ પ્રાથમિક શાળાની દીકરીઓ માટે સ્વરક્ષણ કાર્યક્રમ યોજાયો**
- **દસ્ક્રોઈમાં દીકરીઓને આત્મનિર્ભર બનાવવા કરાટે કોચ દ્વારા સ્વરક્ષણની પ્રાયોગિક તાલીમનું આયોજન**



**અમદાવાદ, તા.03**

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા 'નારી વંદન સપ્તાહ 2026'ની ઉજવણી અંતર્ગત 'મહિલા સુરક્ષા દિન' નિમિત્તે દસ્ક્રોઈ તાલુકાના ગતરાડ ગામની આદર્શ પ્રાથમિક શાળા ખાતે ગાત્રેશ્વરી વિદ્યાવિહાર તથા આદર્શ પ્રાથમિક શાળાની દીકરીઓ માટે સ્વરક્ષણ તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ દીકરીઓમાં આત્મવિશ્વાસ, સ્વરક્ષણ કૌશલ્ય, માનસિક સજ્જતા અને શારીરિક સક્ષમતા વિકસાવવાનો તેમજ સમાજમાં સુરક્ષિત અને સશક્ત જીવન જીવવા માટે જરૂરી પ્રાથમિક તાલીમ પૂરી પાડવાનો હતો.

આ કાર્યક્રમમાં જાણીતા કરાટે કોચ શ્રી રજતસિંહ ગોહિલ દ્વારા દીકરીઓને સ્વરક્ષણની વિવિધ પ્રાથમિક અને અસરકારક ટેકનિકોનું પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તાલીમ દરમિયાન દીકરીઓને જોખમી પરિસ્થિતિમાં ગભરાયા વિના આત્મવિશ્વાસપૂર્વક પોતાની સુરક્ષા કેવી રીતે કરવી, સતર્કતા કેવી રીતે રાખવી તથા સ્વરક્ષણના કૌશલ્યોનો યોગ્ય ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે જીવંત નિદર્શન સાથે સમજાવવામાં આવ્યું હતું. આ તાલીમ દરમિયાન શાળાની દીકરીઓએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લઈ સ્વરક્ષણની વિવિધ કળાઓ શીખી હતી. કાર્યક્રમ દરમિયાન જિલ્લા મિશન કોઓર્ડિનેટર શ્રી જીતેશ સોલંકી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અમલી વિવિધ મહિલા અને બાળ કલ્યાણ યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ ઉપરાંત સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા અમલી 'પાલક માતા-પિતા યોજના' વિશે પણ વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું, જેથી જરૂરિયાતમંદ બાળકોને ઉપલબ્ધ સરકારી સહાય અને સુરક્ષા સેવાઓ અંગે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોમાં જાગૃતિ ફેલાય.

આ પ્રસંગે દસ્ક્રોઈ કારોબારી સમિતિના સભ્ય શ્રીમતી સુમનબહેન વાઘેલા, સંકલ્પ હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન (DHEW) યોજનાની ટીમ, બાળ સુરક્ષા એકમના પ્રોટેક્શન ઓફિસર (NIC) શ્રી નરેશભાઈ રાઠોડ, શાળાના આચાર્યશ્રી, શિક્ષકગણ તથા મોટી સંખ્યામાં ગાત્રેશ્વરી વિદ્યાવિહાર અને આદર્શ પ્રાથમિક શાળાની દીકરીઓ ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમના અંતે દીકરીઓને નિયમિત સ્વરક્ષણ તાલીમ મેળવવા, આત્મવિશ્વાસ સાથે આગળ વધવા, શિક્ષણ અને રમતગમત ક્ષેત્રે ઉત્તમ પ્રદર્શન કરવા તેમજ પોતાની સાથે અન્ય દીકરીઓને પણ સુરક્ષા પ્રત્યે જાગૃત કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# રક્ષાબંધનના 25 દિવસ પહેલા બે બહેનોએ એકનો એક ભાઈ ગુમાવ્યો: વડોદરામાં એસટી બસની અડફેટે 15 વર્ષીય વિદ્યાર્થીનું મોત

**વડોદરા, તા.03**

વડોદરાના મકરપુરા ડેપો પાસે ST બસની ટક્કરે ધો.10માં અભ્યાસ કરતા 15 વર્ષીય સ્ટુડન્ટનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત થયું છે. બે બહેનો વચ્ચે એકના એક પુત્રના મોતને પગલે પરિવારજનો શોકમાં ગરકાવ થઈ ગયા છે. અકસ્માતમાં મૃતકના બે મિત્રો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. મૃતકના પિતાની ફરિયાદના આધારે પોલીસે એસટી બસના ચાલક સામે ગુનો નોંધીને માંજલપુર પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.



વડોદરાના જામ્બુવા વિસ્તારમાં રહેતા ધનશ્યામભાઈ સોમાભાઈ વસાવા (ઉં.વ.37) એ માંજલપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમનો 15 વર્ષીય પુત્ર હેમંત માંડવી ગેટ ખાતે દશામાની મૂર્તિ જોવા ગયો છે. ત્યારબાદ તેઓ જમ્યા બાદ સૂઈ ગયા હતા. આ દરમિયાન તા. 03 ઓગસ્ટના રોજ રાત્રે આશરે 3 વાગ્યે એક અજાણ્યા વ્યક્તિએ તેમના ઘરે આવી જાણ કરી કે, તેમના પુત્ર હેમંત અને તેના મિત્રો એક્ટિવા પર જતા હતા, ત્યારે મકરપુરા ડેપો પાસે સરકારી એસટી બસ સાથે અકસ્માત થયો છે.

ઘટનાની જાણ થતાં તેઓ મકરપુરા ડેપો પાસે પહોંચ્યા હતા, જ્યાં તેમનો પુત્ર હેમંત રોડ પર મૃત હાલતમાં પડેલો હતો અને તેના માથાના પાછળના ભાગેથી લોહી નીકળતું હતું. સ્થળ પર હાજર લોકોએ જણાવ્યું હતું કે, હેમંત તેના મિત્રો અનીકેત સુરેશભાઈ પરમાર અને મિલન વિજયભાઈ તડવી (બંને રહે. જાંબુવા વુડાના મકાન, જી.ઈ.બી. સ્ટેશન પાછળ, મકરપુરા) સાથે એક્ટિવા પર સુસેન સર્કલથી મકરપુરા જીજીમાતાના મંદિર તરફ જઈ રહ્યા હતા.

રાત્રે આશરે 2 વાગ્યે મકરપુરા જીજીમાતાના મંદિર તરફથી મકરપુરા ડેપો તરફ આવી રહેલી સરકારી એસટી બસ નં. GJ-18-ZT-3401ના ચાલકે બસને પૂરઝડપે બેદરકારીપૂર્વક હંકારીને મકરપુરા ડેપો પાસે એકટીવાને ટક્કર મારી હતી.

અકસ્માતમાં હેમંતને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થતાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે અનીકેત સુરેશભાઈ પરમારને માથા અને હોઠના ભાગે તેમજ મિલન વિજયભાઈ તડવીને બંને હાથ અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. બંને ઈજાગ્રસ્તોને 108 એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે મૃતકના પિતા ધનશ્યામભાઈ વસાવાની ફરિયાદના આધારે પોલીસે એસટી બસના ડ્રાઈવર શુકનભાઈ નટવરભાઈ દેવદા, રહે. રાજપૂર ફળિયું, મુણધા ગામ, તા.લીમડી, જી. દાહોદ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મૃતક હેમંતના પિતા ઘનશ્યામ વસાવાએ જણાવ્યું હતું કે, કાલે રાત્રે મારો છોકરો બહાર સિટીમાં ફરવા ગયો હતો. છોકરો માતાજીના દર્શન કરવા ગયો ત્યારે તેની સાથે તેના 2 મિત્રો પણ હતા. ત્યાં માતાજીના દર્શન કરીને પાછા આવતા સમયે અકસ્માત થયો હતો. એસટી બસે એકટીવા ને ટક્કર મારતા મારો દીકરાનો મોત થયું હતું જ્યારે તેના બે મિત્રો ઈજાગ્રત થયા હતા. મારો દીકરો લાલ બહાદુર શાસ્ત્રી સ્કૂલમાં ધોરણ 10માં અભ્યાસ કરતો હતો. મારા દીકરાને ન્યાય મળવો જોઈએ અને આરોપી સામે કડક કાર્યવાહી જવી જોઈએ.

ઈજાગ્રસ્ત અનિકેતના માતા મનીષાબેન પરમારે જણાવ્યું હતું કે, દશામાનું આગમન હતું, તો મારા છોકરાઓ ગયા હતા. એક છોકરો આવ્યો ને કીધું કે 'માસી ચાવી આપો', મેં પૂછ્યું શું કરવા? તો કહે 'આવીએ છીએ અમે જઈને'. બહાર ગયા અને માતાજીના આગમનમાંથી પાછા આવતા હતા, ત્યારે રાત્રે મકરપુરા ડેપો પાસે એમનું એક્સિડન્ટ થઈ ગયું હતું . મારો છોકરો અને બીજા બે છોકરા, એમ ત્રણ જણા હતા. એમાં એક છોકરો તો ત્યાં જ મૃત્યુ પામ્યો હતો.

તેઓએ કહ્યું હતું કે, મારા છોકરાનો પગ તૂટી ગયો છે. બીજો છોકરો મિલન છે, એ બોલતો પણ નથી, એ તો ICUમાં એડમિટ છે. એનું સીટી સ્કેન ને બધું કરાવે છે, અત્યારે લઈ ગયા છે. મારા પતિનું અગાઉ મૃત્યુ થયું હતું.

મારા ઘરમાં કમાનાર કોઈ નથી, હું એકલી જ કમાઉં છું. આ છોકરાને હમણાં જ નોકરી મળી હતી, જેથી થોડોક સહારો બનત, પણ હવે છોકરાની આવી હાલત થઈ ગઈ છે. હવે શું અમારે કરવાનું?

ઉલ્લેખનીય છે કે, એક અઠવાડિયા પહેલા જ STની વોલ્વો બસની અડફેટે એક્ટીવા પર સવાર એમ.એસ. યુનિવર્સિટીની વિદ્યાર્થીની તૃપ્તિ મહાડીકનું કરુણ મોત થયું હતું. 2 વિદ્યાર્થીની ઈજાગ્રસ્ત થઇ હતી. ઘટનાની જાણ થતાં ફતેગંજ પોલીસ સ્થળ પર દોડી આવી હતી અને અકસ્માત સર્જી ફરાર થયેલા બસ ચાલકને શોધવા માટે કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઉપરાંત બે દિવસ પહેલા જ વડોદરા શહેરમાં રોડ રોલર અને એક્ટિવા વચ્ચે સર્જાયેલા વિચિત્ર અકસ્માતમાં એક યુવતીનો મોત નિપજ્યું હતું. જ્યારે બે યુવતીઓનો ચમત્કારિક બચાવ થયો હતો. શહેરની કિસ્મત ચોકડી પાસે વરસાદના કારણે રસ્તો ભીનો હોય એક્ટિવા પર સવાર ત્રણ યુવતીઓ રસ્તા પર પટકાઈ હતી. આ જ સમયે બાજુમાંથી પસાર થઈ રહેલા રોડ રોલરનું તોતિંગ વ્હિલ માહિનબાનું નામની યુવતી પર ફરી વળતા ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય બે યુવતીનો ચમત્કારિક બચાવ થયો હતો. અકસ્માતનો બનાવ નજીકમાં લાગેલા સીસીટીવીમાં કેદ થયો હતો.

# અમદાવાદ મંડળના તબીબી વિભાગ દ્વારા જુલાઈ મહિનામાં વ્યાપક જનસ્વાસ્થ્ય અને સ્વાસ્થ્ય જાગૃતિ અભિયાનનું આયોજન

**અમદાવાદ, તા.03**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના તબીબી વિભાગ દ્વારા જુલાઈ-2026 દરમિયાન જનસ્વાસ્થ્ય, રોગ નિવારણ, આરોગ્ય જાગૃતિ તથા કર્મચારી કલ્યાણના ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરી હતી. મંડળની વિવિધ રેલવે હોસ્પિટલો, આરોગ્ય એકમો, રેલવે કોલોનીઓ, સ્ટેશનો તથા કચેરીઓમાં આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારતા અનેક વિશેષ અભિયાનો અને આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવ્યું.

મલેરિયા નિયંત્રણ અને સ્વચ્છતા પર વિશેષ ભાર

ચોમાસાને ધ્યાનમાં રાખીને રેલવે કોલોનીઓ, સ્ટેશનો, કચેરીઓ, રનિંગ રૂમ, લોબી તથા બેરેકોમાં મચ્છરના પ્રજનન સ્થળોનું વ્યાપક સર્વેક્ષણ કરવામાં આવ્યું. સાથે જ ફોગિંગ, લાર્વીસાઇડલ સારવાર તથા મલેરિયા નિવારક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. રેલવે કોલોનીઓમાં પોસ્ટર અને પેમ્ફલેટનું વિતરણ કરીને લોકોને જાગૃત કરવામાં આવ્યા. આ ઉપરાંત, ઘન કચરો વ્યવસ્થાપન નિયમો-2026 હેઠળ મુખ્ય રેલવે કોલોનીઓને બલ્ક વેસ્ટ જનરેટર (BWG) તરીકે ઓળખી પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં નોંધણીની પ્રક્રિયા પણ પૂર્ણ કરવામાં આવી.

વિશ્વ જનસંખ્યા દિવસ અને વિશ્વ હેપેટાઈટિસ દિવસ નિમિત્તે જાગૃતિ અભિયાન

11 જુલાઈના રોજ વિશ્વ જનસંખ્યા દિવસ તથા 28 જુલાઈના રોજ વિશ્વ હેપેટાઈટિસ દિવસ નિમિત્તે મંડળની હોસ્પિટલો, આરોગ્ય એકમો અને રેલવે કોલોનીઓમાં વ્યાખ્યાનો, આરોગ્ય શિક્ષણ કાર્યક્રમો, પોસ્ટર પ્રદર્શન અને જાગૃતિ રેલીઓનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમોમાં તબીબો, આરોગ્ય કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં લાભાર્થીઓએ ભાગ લીધો.

આરોગ્ય તપાસ શિબિરો દ્વારા સેંકડો લાભાર્થીઓને મળ્યો લાભ

જુલાઈ મહિના દરમિયાન મંડળના વિવિધ આરોગ્ય કેન્દ્રો તથા રનિંગ રૂમોમાં અનેક આરોગ્ય તપાસ શિબિરો યોજાઈ. પાટણ, પાલનપુર, ગાંધીધામ, વટવા, મહેસાણા તથા અન્ય સ્થળોએ યોજાયેલી શિબિરોમાં સેંકડો રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનોની આરોગ્ય તપાસ કરવામાં આવી. મહેસાણા આરોગ્ય એકમમાં ટીબી સ્ક્રીનિંગ માટે 75 વ્યક્તિઓના છાતીના એક્સ-રે કરવામાં આવ્યા, જેમાં કોઈપણ ટીબીનો દર્દી મળી આવ્યો નહોતો.

'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ

12 જુલાઈના રોજ 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત સાબરમતી રેલવે કોલોનીમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે મંડળ રેલ પ્રબંધક સહિત શાખાના અધિકારીઓ તથા મોટી સંખ્યામાં કર્મચારીઓએ ભાગ લઈને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો.

વિશેષ સિદ્ધિઓ અને આરોગ્ય દિવસોનું સફળ આયોજન

જુલાઈ મહિના દરમિયાન કાંકરિયા આરોગ્ય એકમમાં હ્યુમન પેપિલોમા વાયરસ (HPV) રસીકરણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું. ઉપરાંત રાષ્ટ્રીય ચિકિત્સક દિવસ, વિશ્વ જનસંખ્યા દિવસ, વિશ્વ હેપેટાઈટિસ દિવસ, એન્ટી મલેરિયા પ્રવૃત્તિઓ તેમજ '100 દિવસ ટીબી મુક્ત અભિયાન' અંતર્ગત વિવિધ કાર્યક્રમો સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવ્યા, જેમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ તથા લાભાર્થીઓએ ભાગ લીધો.

પ્રશિક્ષણ અને ક્ષમતા વિકાસ

તબીબી અધિકારીઓ તથા કર્મચારીઓના કૌશલ્ય વિકાસ માટે એડવાન્સ્ડ મેનેજમેન્ટ પ્રોગ્રામ (AMP-III), બાયો-મેડિકલ વેસ્ટ મેનેજમેન્ટ, હોસ્પિટલ ઈન્ફેક્શન કંટ્રોલ કમિટી તથા HMIS મોડ્યુલ સંબંધિત તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

વેલનેસ કેમ્પ અને આયુષ સેવાઓ

જુલાઈ મહિના દરમિયાન કુલ 11 વેલનેસ કેમ્પો યોજાયા, જેમાં 844 લાભાર્થીઓએ આરોગ્ય સેવાઓનો લાભ લીધો. આ દરમિયાન ઉચ્ચ રક્તચાપ (Hypertension) ના 36 નવા તથા મધુમેહ (Diabetes) ના 20 નવા દર્દીઓની ઓળખ કરવામાં આવી. આયુષ ઓપીડી હેઠળ આયુર્વેદમાં 372 તથા હોમિયોપેથીમાં 204 દર્દીઓની સારવાર કરવામાં આવી.

તબીબી પરીક્ષણ અને આધુનિક સારવાર

જુલાઈ મહિના દરમિયાન 124 ઉમેદવારો તથા 231 રેલવે કર્મચારીઓના તબીબી પરીક્ષણો કરવામાં આવ્યા. મંડળ રેલવે હોસ્પિટલમાં બે સફળ ટોટલ ની રિપ્લેસમેન્ટ (TKR) સર્જરી, શોલ્ડર રોટેટર કફ રિપેર, URSL તથા સિસ્ટોલિથોટ્રિપ્સી જેવી આધુનિક તબીબી પ્રક્રિયાઓ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી.

પશ્ચિમ રેલવેનું અમદાવાદ મંડળ પોતાના તબીબી વિભાગ દ્વારા રેલવે કર્મચારીઓ, તેમના પરિવારજનો તથા મુસાફરોને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પૂરી પાડવા ઉપરાંત નિવારક સ્વાસ્થ્ય, સ્વચ્છતા અને જનજાગૃતિ અભિયાનોને સતત ગતિ આપી રહ્યું છે.

# 'તે મને મારે તે પહેલા જ તેને પતાવી દીધો': ભાભી સાથેના આડા સંબંધ મુદ્દે યુવકને પિતરાઈ ભાઈએ છરીના 7 ઘા ઝીંકી પતાવી દીધો

**રાજકોટ, તા.03**

એક સમયનું શાંત અને સલામત ગણાતું રાજકોટ શહેર હાલ ગુનાખોરીના વિષચક્રમાં હોમાઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી હોય તેમ છેલ્લા 22 દિવસમાં જ બે સગા ભાઈઓ સહિત કુલ 6 લોકોની હત્યાના બનાવો સામે આવ્યા છે. તાજેતરમાં જલારામ ચોકથી ભક્તિનગર સર્કલ તરફ જવાના રસ્તા પર આવેલા ધર્મજીવન એપાર્ટમેન્ટ પાસે બનેલી ખૂની હુમલાની ઘટનામાં ક્ષત્રિય યુવકનું મોત થતાં મામલો હત્યામાં પલટાયો છે.



બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટના સહકાર મેઈન રોડ પર રઘુવીર સોસાયટી-3માં રહેતા અનુપસિંહ કેશુભા વાઘેલા (ઉ.વ. 70)એ આ અંગે ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ગત શનિવારે (1 ઓગસ્ટ, 2026) બપોરે ફરિયાદી જ્યારે મેડિકલ સ્ટોરે ગયા ત્યારે માલૂમ પડ્યું હતું કે, કૃષ્ણનગરમાં રહેતો તેમનો ભત્રીજો ધર્મેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ વાઘેલા અન્ય એક શખ્સ સાથે એક્ટિવા પર તેમના પુત્ર ઘનશ્યામસિંહની શોધખોળ કરી રહ્યો હતો.

ત્યારબાદ સાંજે 6 વાગ્યાના સુમારે ધર્મજીવન એપાર્ટમેન્ટ સામે કારમાં બેઠેલા ઘનશ્યામસિંહને આરોપીઓએ બહાર બોલાવ્યા હતા. 'આજે તો તને પતાવી જ દેવો છે' તેમ કહી ધર્મેન્દ્રસિંહે તેના પર છરી વડે આડેધડ 6થી 7 ઘા ઝીંકી દીધા હતા. ગંભીર રીતે ઘવાયેલા ઘનશ્યામસિંહને તાત્કાલિક ગોકુલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન મધ્યરાત્રિએ 12:30 વાગ્યે તેમણે દમ તોડ્યો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ભક્તિનગર પોલીસે ત્વરિત તપાસ હાથ ધરી હતી. હુમલો કર્યા બાદ આરોપી ધર્મેન્દ્રસિંહ વાઘેલા પ્રથમ અમદાવાદ અને ત્યાંથી પરત લીંબડી તરફ ભાગ્યો હતો. ભક્તિનગર પોલીસે ગણતરીના કલાકોમાં લીંબડી હાઈવે પરથી ધર્મેન્દ્રસિંહની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ કેસમાં તેને મદદ કરનાર અન્ય એક અજાણ્યા શખ્સની પોલીસે શોધખોળ શરૂ કરી છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. મૃતક ઘનશ્યામસિંહ અને આરોપી ધર્મેન્દ્રસિંહ સગા પિતરાઈ ભાઈઓ થાય છે. આરોપીએ કબૂલાત આપતાં જણાવ્યું હતું કે, તેમના વચ્ચે જૂની અદાવત અને આડા સંબંધોને લઈને મનદુઃખ ચાલી રહ્યું હતું. મૃતક ઘનશ્યામસિંહ છેલ્લા બે વર્ષથી આરોપી અને તેના ભાઈને ફોન કરીને ધમકી આપતો હતો.

બનાવના આગલા દિવસે પણ ઘનશ્યામસિંહે આરોપીને 40થી 50 જેટલા મિસ્ડ કોલ કર્યા હતા. જેથી 'ઘનશ્યામસિંહ મારી હત્યા કરી નાખશે' તેવી દહેશત હેઠળ આવી જઈને આરોપી ધર્મેન્દ્રસિંહે સામો હુમલો કરી પિતરાઈ ભાઈને પતાવી દેવાનું કાવતરું ઘડી કાઢ્યું હતું. હાલ ભક્તિનગર પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કરી ફરાર મદદગારને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ટીમ ઈન્ડિયાની મુશ્કેલી વધી, બુમરાહ બાદ સ્ટાર ઓપનર પણ 'અનફિટ', BCCIની લેટેસ્ટ અપડેટ



**નવી દિલ્હી, તા.03**

ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના અંતર્ગત રમાનારી આગામી શ્રીલંકા સામેની 2 મેચોની ટેસ્ટ સીરિઝ પહેલાં ભારતીય ક્રિકેટ ટીમની ચિંતાઓ અને મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ ઈજાના કારણે ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થઈ ગયા બાદ હવે વધુ એક ખરાબ સમાચાર સામે આવી રહ્યા છે. ટીમ ઈન્ડિયાના આશાસ્પદ ડાબોડી બેટર સાઈ સુદર્શન હજુ પણ સંપૂર્ણ રીતે ફિટ થઈ શક્યો નથી. આના કારણે 4 ઓગસ્ટે શ્રીલંકા રવાના થઈ રહેલી ભારતીય ટીમની ફ્લાઈટમાં તે સામેલ થશે કે નહીં, તેને લઈને હજુ પણ સસ્પેન્સ યથાવત છે.

જ્યારે BCCI દ્વારા શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણી માટે 15 સભ્યોની ટીમની જાહેરાત કરવામાં આવી હતી, ત્યારે સાઈ સુદર્શનનું નામ ટીમમાં રાખવામાં આવ્યું હતું, પરંતુ બોર્ડે સ્પષ્ટ કર્યું હતું કે તેનું સિલેક્શન ફિટનેસ ક્લિયરન્સને આધીન રહેશે.

મળતી માહિતી મુજબ, અફઘાનિસ્તાન સામેની છેલ્લી ટેસ્ટ શ્રેણી બાદ સાઈ સુદર્શનને એડીમાં ગંભીર ઈજા થઈ હતી. આ ઈજામાંથી બહાર આવવા માટે તે હાલમાં બેંગલુરુ સ્થિત BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE)માં કમબેક કરવા માટે સખત મહેનત કરી રહ્યો છે. તાજેતરના અહેવાલો અનુસાર, તેની રિકવરી ઘણી સારી થઈ રહી છે અને તેણે નેટ્સમાં બેટિંગ કરવાની પ્રેક્ટિસ પણ શરૂ કરી દીધી છે. મેનેજમેન્ટને આશા છે કે તે સમયસર ફિટ થઈ જશે, પરંતુ જ્યાં સુધી મેડિકલ ટીમ લીલી ઝંડી નહીં આપે ત્યાં સુધી તેના પ્રવાસ પર સસ્પેન્સ રહેશે. જો સુદર્શન સમયસર રિકવર નહીં થાય તો ટીમમાં બેકઅપ તરીકે સામેલ દેવદત્ત પડિક્કલને નંબર 3 પર રમવાની તક મળી શકે છે.

ભારતીય ટીમ 4 ઓગસ્ટે શ્રીલંકા જવા રવાના થશે. ત્યારબાદ ટીમ ઈન્ડિયા 7 ઓગસ્ટથી 9 ઓગસ્ટ દરમિયાન કોલંબોના એનસીસી ગ્રાઉન્ડ પર ત્રણ દિવસીય પ્રેક્ટિસ મેચ રમશે. અગાઉ આ મેચ 4 દિવસની રમાવાની હતી, પરંતુ હવે તેમાં ફેરફાર કરીને તે 3 દિવસની કરવામાં આવી છે. આ વોર્મ-અપ મેચ બાદ શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચ 15થી 19 ઓગસ્ટ દરમિયાન ગૉલ આંતરરાષ્ટ્રીય સ્ટેડિયમમાં રમાશે, જ્યારે શ્રેણીની બીજી અને અંતિમ ટેસ્ટ મેચ 23થી 27 ઓગસ્ટ દરમિયાન કોલંબોમાં રમાશે.

# કોમનવેલ્થ ગેમ્સ 2026: કુલ 13 ગોલ્ડ મેડલ છતાં ભારતનો છેલ્લા 24 વર્ષમાં સૌથી ખરાબ દેખાવ

**નવી દિલ્હી, તા.03**



સ્કોટલૅન્ડના ગ્લાસગો ખાતે 23 જુલાઈથી શરૂ થયેલી કોમનવેલ્થ ગેમ્સ 2026નું 2 ઑગસ્ટના રોજ સમાપન થયું છે. આ રમતોત્સવમાં ઓસ્ટ્રેલિયાએ સૌથી વધુ 170 મેડલ જીતીને પ્રથમ સ્થાન મેળવ્યું છે, જ્યારે ઈંગ્લૅન્ડ પણ મેડલની સેન્ચુરી ફટકારવામાં સફળ રહ્યું છે. બીજી તરફ, ભારતે આ વખતે 39 મેડલ પોતાના નામે કર્યા છે, જે છેલ્લા 24 વર્ષમાં ભારતનું સૌથી નબળું પ્રદર્શન માનવામાં આવી રહ્યું છે. જોકે, આ મેડલ ઓછા આવવા પાછળ એક ખાસ આયોજનાત્મક કારણ જવાબદાર છે.

ભારતે ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં કુલ 39 મેડલ જીત્યા છે, જેમાં 13 ગોલ્ડ, 17 સિલ્વર અને 9 બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. ભારતીય રમતવીરોએ સૌથી વધુ મેડલ એથ્લેટિક્સમાં મેળવ્યા છે, જ્યારે બોક્સિંગમાં બીજા અને વેઈટલિફ્ટિંગ ત્રીજા સ્થાને રહ્યું છે. ભારતીય બોક્સરોએ શાનદાર પ્રદર્શન કરતાં 7 ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે.

મેડલની સંખ્યા ઘટીને 39 થવા પાછળનું મુખ્ય કારણ આયોજન સંબંધિત એક મોટી મજબૂરી હતી. મૂળ યોજના મુજબ 2026ની કોમનવેલ્થ ગેમ્સ ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયામાં યોજાવાની હતી. પરંતુ, 2023માં આયોજનનો ખર્ચ 6થી 7 બિલિયન ડૉલર સુધી વધી જતાં વિક્ટોરિયા સરકારે ખર્ચ વધુ હોવાનું કહીને યજમાની પાછી ખેંચી લીધી હતી. આશરે એક વર્ષ સુધી કોઈ નવો યજમાન ન મળ્યા બાદ, 2024માં ગ્લાસગો આ રમતોનું આયોજન કરવા માટે આગળ આવ્યું હતું.

ગ્લાસગો પાસે આયોજન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ખૂબ ઓછો સમય હોવાથી કુશ્તી, બેડમિન્ટન, ટેબલ ટેનિસ અને હોકી જેવી રમતને આ વખતથી હટાવી દેવામાં આવી હતી. આ બધી એ જ રમતો હતી જેમાં ભારત દર વખતે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સૌથી વધુ મેડલ જીતતું હતું. 2022ની બર્મિંગહામ ગેમ્સમાં ભારતે કુશ્તીમાં 12, ટેબલ ટેનિસમાં 7, બેડમિન્ટનમાં 6 અને હોકીમાં 2 મેડલ મેળવ્યા હતા. જો આ રમતો રદ ન થઈ હોત, તો ભારત આ વખતે પણ સરળતાથી 70થી વધુ મેડલ જીતી ગયું હોત.

# ભારતીય હોકી ટીમે જર્સી વિવાદ છોડી રમત પર ધ્યાન આપવું જોઈએ : પી.આર. શ્રીજેશ

**નવી દિલ્હી, તા.03**



ભારતીય હોકી ટીમની જર્સીનો કલર બ્લ્યૂને બદલે ઓરેન્જ કરાતાં વિવાદ સર્જાયો છે ત્યારે આ મામલે ભારતના પૂર્વ હોકી ગોલકીપર પી.આર. શ્રીજેશે ભારતીય પુરુષ હોકી ટીમને સલાહ આપી છે કે તેઓ બિનજરૂરી જર્સી વિવાદ અને મેદાનની બહારની વાતોને પાછળ છોડી દે અને આવતા મહિને નેધરલેન્ડ અને બેલ્જિયમમાં યોજાનારા વર્લ્ડ કપ પર ધ્યાન આપી દેશના 50 વર્ષના વર્લ્ડ કપ મેડલ દુષ્કાળને સમાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે. શ્રીજેશે કહ્યું કે, જર્સીનો કલર બદલવો એ કોઈ આશ્ચર્યજનક બાબત નથી. તેણે કહ્યું કે, ભારતે ૨૦૧૪ અને ૨૦૧૮માં પણ અલગ-અલગ કિટ પહેરી હતી. જોકે, તેણે એ તર્ક પર સવાલ ઉઠાવ્યો કે, બ્લ્યૂ જર્સી બ્લ્યૂ ટર્ફ પર યોગ્ય રીતે દેખાતી નથી. જોકે, શ્રીજેશે ભારપૂર્વક કહ્યું કે, જો ખેલાડીઓએ આ નિર્ણયને મંજૂરી આપી છે તો ચર્ચા અહીં પૂર્ણ થવી જોઈએ.શ્રીજેશે કહ્યું કે, શરૂઆતમાં મને સમજાયું નહોતું કે, શું સમસ્યા છે. કારણ કે, ૨૦૧૪ અને ૨૦૧૮માં જર્સીનો રંગ બદલાયો હતો. અમેરી એક ટ્રેનિંગ કિટ પણ ઓરેન્જ કલરની હતી. આ વખતે વર્લ્ડ કપ અગાઉ આટલી ચર્ચા કેમ થઈ રહી છે. મને જર્સીનો રંગ બદલવામાં આવ્યો તેમાં કોઈ મુશ્કેલી નથી પરંતુ જે કારણ આપવામાં આવી રહ્યું છે તે વિચિત્ર છે. જો રમત દરમિયાન જોવામાં મુશ્કેલી પડતી હોવાના કારણે રંગ બદલવામાં આવ્યો હોય તો બ્લ્યૂ જર્સી ક્યારેય ન પહેરવી જોઈએ. જર્સી વિવાદે રાજકિય રંગ પકડતાં શ્રીજેશે કહ્યું કે, મારા મતે રમતને રાજનીતિથી દૂર રાખવી જોઈએ. ૧૫મી ઓગસ્ટથી શરૂ થનારા વર્લ્ડ કપમાં ભારતીય પુરુષ અને મહિલા ટીમો પોતાની પારંપરિક બ્લ્યૂ જર્સીને બદલે ઓરેન્જ જર્સી પહેરશે.

# બુમરાહ બહાર થતાં આકીબ નબીને મળી ગયો મોકો! 104 વિકેટનું ઈનામ, ટીમ ઈન્ડિયાનું તેડું

**નવી દિલ્હી, તા.03**



ભારતીય ક્રિકેટ ટીમ આગામી શ્રીલંકા પ્રવાસની ટેસ્ટ સીરિઝની શરૂઆત કરે તે પહેલાં જ ટીમને એક મોટો આંચકો લાગ્યો છે. ભારતીય ટીમના મુખ્ય અને ઘાતક ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ ઈજાના કારણે શ્રીલંકા સામેની ટેસ્ટ સીરિઝમાંથી સંપૂર્ણપણે બહાર થઈ ગયો છે. ઈંગ્લેન્ડ સામે રમાયેલી વનડે સીરિઝ દરમિયાન બુમરાહના ડાબા ઘૂંટણમાં ગંભીર ઈજા થઈ હતી. આ ઈજામાંથી તે હજુ સુધી સંપૂર્ણ રીતે સાજો થઈ શક્યો નથી, જેના કારણે ફિટનેસ ટેસ્ટ પાસ ન થતાં તેને ટીમમાં પસંદગી માટે યોગ્ય માનવામાં આવ્યો નથી. BCCIની મેન્સ સિલેક્શન કમિટીએ જસપ્રિત બુમરાહના સ્થાને જમ્મુ-કાશ્મીરના 24 વર્ષીય યુવા અને પ્રભાવશાળી ફાસ્ટ બોલર આકિબ નબીને ભારતીય ટેસ્ટ ટીમમાં સામેલ કર્યો છે. આકિબ નબી માટે સિનિયર ભારતીય ક્રિકેટ ટીમમાં આ પ્રથમ જબરદસ્ત બુલાવો છે, જેને પગલે તેનું ભારતીય ટીમ વતી રમવાનું સપનું સાકાર થવા જઈ રહ્યું છે. આકિબ નબીને ભારતીય ટીમમાં સ્થાન મળવા પાછળ તેનું સ્થાનિક ક્રિકેટનું શાનદાર પ્રદર્શન જવાબદાર છે. તેણે રણજી ટ્રોફીની છેલ્લી બે સિઝનમાં અત્યંત ઘાતક બોલિંગ પ્રદર્શન કરીને કુલ 104 વિકેટો ઝડપી છે. ખાસ કરીને 2025-26ની સિઝનમાં તેણે એકલા હાથે 60 વિકેટો ચટકાવીને જમ્મુ-કાશ્મીરની ટીમને ઈતિહાસમાં પ્રથમ વખત રણજી ટ્રોફીનું ચેમ્પિયન બનાવવામાં સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત, તાજેતરમાં જ શ્રીલંકાના પ્રવાસે ગયેલી India A ટીમમાં પણ તે સામેલ હતો, જ્યાં તેણે બે ફર્સ્ટ ક્લાસ મેચોમાં 6 વિકેટો પોતાના નામે કરી હતી. આ શાનદાર ફોર્મના કારણે જ પસંદગીકારોએ તેના પર ભરોસો મૂક્યો છે.શુભમન ગિલ (કેપ્ટન), કેએલ રાહુલ (વાઈસ કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, ઋષભ પંત (વિકેટકીપર), સાઈ સુદર્શન (ફિટનેસ ક્લિયરન્સને આધીન), ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, માનવ સુથાર, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ણા, ગુરનૂર બ્રાર, દેવદત્ત પડિક્કલ, સારાંશ જૈન અને આકિબ નબી.

# ભારતમાં સ્પાઈડરમેન ફિલ્મનું ધમાકેદાર પ્રદર્શન, 4 દિવસમાં કરી 300 કરોડની કમાણી, અનેક રેકોર્ડ ધ્વસ્ત

**મુંબઈ, તા.03**



માર્વેલ સિનેમેટિક યુનિવર્સ (MCU)ના સૌથી લોકપ્રિય સુપરહીરો સ્પાઈડરમેનનો ક્રેઝ અત્યારે ભારતીય બોક્સ ઓફિસ પર માથું ફાડીને બોલી રહ્યો છે. હોલીવૂડ સુપરસ્ટાર ટોમ હોલેન્ડ અને ઝેન્ડાયા અભિનીત નવી ફિલ્મ 'સ્પાઈડરમેન: બ્રાન્ડ ન્યૂ ડે' ભારતીય સિનેમાઘરોમાં કમાણીના તમામ જૂના રેકોર્ડ ધ્વસ્ત કરી રહી છે. આ ફિલ્મને લઈને ભારતીય દર્શકોમાં એટલો જબરદસ્ત ક્રેઝ જોવા મળી રહ્યો છે કે જેની કલ્પના કદાચ ફિલ્મના નિર્માતાઓએ પણ નહીં કરી હોય. બોક્સ ઓફિસ પર ફિલ્મ જે ઝડપે આગળ વધી રહી છે તે જોતાં ટૂંક સમયમાં જ ટોમ હોલેન્ડનો સ્પાઈડરમેન ભારતમાં સૌથી વધુ કમાણી કરનારો સુપરહીરો બની જશે.

'સ્પાઈડરમેન: બ્રાન્ડ ન્યૂ ડે' એ ભારતમાં પ્રદર્શિત થતાની સાથે જ પોતાની તાકાત બતાવી દીધી હતી. ફિલ્મે તેના ઓપનિંગ ડે એટલે કે પ્રથમ દિવસે જ MCUની અત્યાર સુધીની સૌથી મોટી બ્લોકબસ્ટર ફિલ્મ 'એવેન્જર્સ: એન્ડગેમ'નો રેકોર્ડ તોડી નાખ્યો હતો. ભારતીય બોક્સ ઓફિસ પર ફિલ્મે પહેલા જ દિવસે 60 કરોડ રૂપિયાથી વધુનું નેટ કલેક્શન મેળવ્યું હતું. ત્યારબાદ, વર્કિંગ ડેઝ હોવા છતાં ફિલ્મે માત્ર બે જ દિવસમાં ભારતમાં 100 કરોડ રૂપિયાથી વધુનું નેટ કલેક્શન કરીને ટ્રેડ એનાલિસ્ટ્સને ચોંકાવી દીધા હતા.

અસલી ધમાકો વિકેન્ડ દરમિયાન એટલે કે શનિવાર અને રવિવારે જોવા મળ્યો હતો. ફિલ્મે તેના ત્રીજા દિવસે એટલે કે શનિવારે 70 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી, જેના કારણે પ્રથમ 3 દિવસમાં જ ફિલ્મની કુલ કમાણી 180 કરોડ રૂપિયા નેટ કલેક્શનની નજીક પહોંચી ગઈ હતી. એક રિપોર્ટ મુજબ, ચોથો દિવસ એટલે કે રવિવાર ફિલ્મ માટે અગાઉના તમામ દિવસો કરતાં ઘણો મોટો સાબિત થયો છે. રવિવારે ફિલ્મે બોક્સ ઓફિસ પર અંદાજે 76થી 80 કરોડ રૂપિયાનું અધધધ નેટ કલેક્શન કર્યું છે. આ સાથે જ ફિલ્મનું કુલ નેટ બોક્સ ઓફિસ કલેક્શન 250 કરોડ રૂપિયાને પાર થઈ ગયું છે, જ્યારે ગ્રોસ કલેક્શનનો આંકડો 300 કરોડ રૂપિયાથી વધુ થઈ ચૂક્યો છે.

પોતાની આ શાનદાર કમાણી સાથે 'સ્પાઈડરમેન: બ્રાન્ડ ન્યૂ ડે'એ ભારતમાં MCUની બીજી સૌથી મોટી ફિલ્મ 'એવેન્જર્સ: ઈન્ફિનિટી વોર'ના કલેક્શનને પણ પાછળ છોડી દીધું છે. હવે આ ફિલ્મની આગળ ભારતમાં માત્ર 'એવેન્જર્સ: એન્ડગેમ' અને 'અવતાર: ધ વે ઓફ વોટર'નું લાઈફટાઈમ કલેક્શન જ બાકી રહ્યું છે. ટ્રેડ નિષ્ણાતોના મતે, આ રેકોર્ડ તોડવા માટે સ્પાઈડરમેન પાસે હજુ 10 દિવસ જેટલો લાંબો સમય છે, કારણ કે 14 ઓગસ્ટ પહેલા ભારતમાં એવી કોઈ મોટી ફિલ્મ રિલીઝ થવાની નથી જે બોક્સ ઓફિસ પર સ્પાઈડરમેનને ટક્કર આપી શકે. હવે જોવાનું એ રહેશે કે પીટર પાર્કરની આ નવી વાર્તા ભારતીય દર્શકોને હજુ કેટલી ઘેલી કરે છે અને કમાણીના કયા નવા શિખરો સર કરે છે.

# 'અહીં તો બધું ચકાચક છે..., જાપાનમાં એક પણ ડસ્ટબિન ના મળતા દંગ રહી ગયો દિલજીત દોસાંઝ, સફાઈ જોઈને વીડિયો કર્યો વાયરલ

**મુંબઈ, તા.03**



પંજાબી રોકસ્ટાર અને એક્ટર દિલજીત દોસાંઝ હાલમાં જાપનમાં વેકેશન માણી રહ્યો છે. જાપાનના પ્રવાસે પહોંચેલા દિલજીત દોસાંઝનો એક ખૂબ જ રસપ્રદ વીડિયો સામે આવ્યો છે, જેમાં તે હાથમાં કચરો લઈને રસ્તા પર ફરી રહ્યો છે. તે ઘણા સમય સુધી ડસ્ટબિન શોધવાનો પ્રયાસ કરે છે, પરંતુ તેને આખા રસ્તા પર એક પણ ડસ્ટબિન ન મળ્યું. જાપાનની આ અનોખી અને ચકાચક સફાઈ જોઈને દિલજીત દંગ રહી ગયો. તેણે જાપનની પ્રશંસા કરતા કહ્યું કે આ દેશ એટલો સ્વચ્છ છે કે અહીં રસ્તાઓ પર ગંદકીનો એક નાનો ટુકડો પણ શોધવો અશક્ય છે.

જાપાનની સુંદરતા અને સ્ટ્રીટ ફૂડની મજા માણતા દિલજીતે એક મજેદાર વીડિયો બનાવ્યો છે, જેમાં તે બેકગ્રાઉન્ડમાં વોઈસ ઓવર પણ આપી રહ્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા આ વીડિયોને જોઈને લોકોને સમજાયું કે, દિલજીત દોસાંઝની જાપાનનો પ્રવાસ ખૂબ જ રસપ્રદ રહી. દિલજીત દોસાંઝે માત્ર ડસ્ટબિન જ નહીં, પરંતુ ત્યાંની ખાણી-પીણીની પણ ચર્ચા કરી છે. તેણે ખાવા-પીવા અંગેનો પણ એક વીડિયો બનાવીને ક્લિપમાં મૂક્યો છે. આ વીડિયો લોકોને ખૂબ જ પસંદ આવી રહ્યો છે.

પોતાના આગામી 'ઓરા વર્લ્ડ ટૂર 2026' પહેલા દિલજીત જાપાનના રંગમાં પૂરી રીતે રંગાયેલો નજર આવી રહ્યો છે. ટોક્યોની જીવંત ગલીઓમાં ફરતાં તેણે ત્યાંના ફેમસ લોકલ જાપાનીઝ ફૂડ અને ટેસ્ટી આઈસ્ક્રીમની ભરપૂર મજા માણી હતી. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી તસવીરો અને વીડિયોમાં તે શોપિંગ કરતો અને જાપાનની સુંદરતાને કેમેરામાં કેદ કરતા જોવા મળી રહ્યો છે. ફેન્સને તેની આ બેફિકર ટ્રાવેલ ડાયરી ખૂબ જ પસંદ આવી રહી છે.

પોતાના 'ઓરા વર્લ્ડ ટૂર 2026' પહેલા દિલજીત જાપાનને સંપૂર્ણ રીતે એક્સપ્લોર કરી રહ્યો છે. તેમણે ટોક્યોની ગલીઓમાંથી કેટલીક તસવીરો અને વીડિયો શેર કર્યા છે. આ પોસ્ટ શેર કરતાં દિલજીતે લખ્યું કે યુરોપ ટૂર પહેલા હું સુંદર જાપાનની મુલાકાત લઈ રહ્યો છું અને ટૂંક સમયમાં જ પોતાના ફેન્સને મળીશ.

# બોલિવૂડની હાલત જોઈ દુઃખી થયો સંજય દત્ત! કહ્યું- હવે ઈન્ડસ્ટ્રીમાં પરિવાર જેવો પ્રેમ અને એકતા નથી

**મુંબઈ, તા.03**



હિન્દી સિનેમામાં સંજય દત્ત વર્ષ 1981થી એક્ટિવ છે. તે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણા દાયકાઓથી કામ કરી રહ્યો છે. હવે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં સંજય દત્તે ફિલ્મ ઈન્ડસ્ટ્રી કેટલી બદલાઈ ગઈ છે તે અંગે વાત કરી છે. આ દરમિયાન સંજય દત્તે બોલિવૂડ અંગે દુ:ખ વ્યક્ત કર્યું. સંજય દત્તે જણાવ્યું કે, 'કરિયરની શરૂઆતમાં મેં અનુભવ્યું હતું કે, બોલિવૂડ ઈન્ડસ્ટ્રી એક પરિવાર છે. તમામ લોકો એક-બીજા સાથે મળીને અને ભાઈચારા સાથે કામ કરતા હતા. જ્યારે હું ઈન્ડસ્ટ્રીમાં આવ્યો ત્યારે ફિલ્મ ઈન્ડસ્ટ્રી પરિવાર જેવી હતી. તમામ લોકો એક-બીજાની મદદ કરતા હતા, એક-બીજાનો સાથ આપતા હતા. પરંતુ આજે અહીં ખૂબ જ તીવ્ર સ્પર્ધા આવી ગઈ છે, જે ખૂબ જ દુ:ખદ છે. મને આશા છે કે એવો સમય ફરીથી પાછો આવશે.' સંજય દત્તે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની તુલના હોલિવૂડ સાથે કરી છે. તેનું કહેવું છે કે, હોલિવૂડ ઈન્ડસ્ટ્રીના સ્ટાર્સ એકબીજા સાથે રહે છે અને એકબીજાની મદદ કરે છે. રાઈટર્સ હોય કે એક્ટર્સ, તમામ લોકો એકસાથે રહે છે અને એકબીજાને સપોર્ટ કરે છે. ઓસ્કાર એવોર્ડ મળવા પર કોઈને કોઈનાથી અદેખાઈ થતી નથી, તેઓ દિલથી એકબીજા માટે ખુશ થાય છે, જે ખૂબ જ સુંદર બાબત છે. સંજય દત્ત પોતાના કરિયરમાં ઘણી હિટ ફિલ્મોમાં કામ કરી ચૂક્યો છે.

# 'આવા પૈસાનું શું કરીશ...' આ દિગ્ગજ અભિનેત્રીએ ગોરા થવાની ક્રીમની 2 કરોડની એડ ફગાવી હતી

**મુંબઈ, તા.03**



નિતેશ તિવારીની બહુચર્ચિત ફિલ્મ 'રામાયણ'માં સીતાની ભૂમિકા ભજવી રહેલી દક્ષિણ ભારતની અભિનેત્રી સાઇ પલ્લવી અભિનયની સાથે તેની સાદગી અને નેચરલ લુક માટે પણ જાણીતી છે. આજકાલ સેલેબ્સ કરોડો રૂપિયાની બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ સાઈન કરવા માટે આતુર હોય છે, ત્યારે સાઈ પલ્લવીએ વર્ષ 2019 માં 2 કરોડ રૂપિયાની ફેરનેસ ક્રીમની જાહેરાત ફગાવીને સમાજ સામે દાખલો બેસાડ્યો હતો.

હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં સાઈ પલ્લવીએ એક જૂનો કિસ્સો વાગોળ્યો હતો. સાઈ પલ્લવીને એક ફેરનેસ ક્રીમની એડ ઓફર થઈ હતી. ત્યારે તેણે કહ્યું હતું કે 'હું એવી કોઈ બ્યુટી પ્રોડક્ટનો પ્રચાર કરવા નથી માંગતી જે લોકોને પોતાની ત્વચાના રંગ પ્રત્યે અસુરક્ષિત કે ઓછો આત્મવિશ્વાસ અનુભવ કરાવે.' સાઈ પલ્લવી વાસ્તવિક જીવનમાં પણ ખૂબ જ ઓછો અથવા નહીંવત મેકઅપ કરે છે. તેમનું માનવું છે કે દરેક વ્યક્તિએ તેમની ચામડીના કુદરતી રંગ અને દેખાવ પ્રત્યે આત્મવિશ્વાસ રાખવો જોઈએ.

આ નિર્ણય પાછળ સાઈ પલ્લવીએ તેની નાની બહેનનો પણ ઉલ્લેખ કર્યો હતો. સાઈ પલ્લવી તેની બહેન કરતાં થોડી વધુ ગોરી હતી. બહેન પણ ગોરી થઈ જાય તે માટે તેની માતા તેને ન ગમતાં શાકભાજી અને ફળો ખાવા માટે દબાણ કરતી હતી. બહેનને રંગના ભેદભાવના કારણે મુશ્કેલીમાં મૂકાતી જોઈને સાઈ પલ્લવીનું દિલ દુભાઈ ગયું હતું. તેણે વિચાર્યું કે જો તે પોતે જ ફેરનેસ ક્રીમની એડ કરશે, તો તે પોતાની બહેન અને સમાજના લાખો લોકો સાથે અન્યાય કરશે. આ જ લાગણી સાથે તેણે કહ્યું હતું કે, 'આવી એડ કરીને હું, 2 કરોડ રૂપિયાનું શું કરીશ?'

સાઈ પલ્લવી કારકિર્દીની શરૂઆતમાં ચહેરા પરના ખીલના કારણે ખૂબ સંકોચ અનુભવતી હતી. વર્ષ 2015માં આવેલી તેની સુપરહિટ મલયાલમ ડેબ્યૂ ફિલ્મ 'પ્રેમમ' પહેલાં તે ચહેરાના ખીલ દૂર કરવા સેંકડો ક્રીમ વાપરતી હતી. પરંતુ 'પ્રેમમ' રિલીઝ થયા પછી દર્શકોએ તેને તેના ખીલ સાથે જ સ્વીકારી અને ભરપૂર પ્રેમ આપ્યો. આ અનુભવે તેને સમજાવ્યું કે સુંદરતા માટે પરફેક્ટ સ્કીન જરૂરી નથી, પણ આત્મવિશ્વાસ જરૂરી છે.

સાઈ પલ્લવી ટૂંક સમયમાં જ નિતેશ તિવારીના નિર્દેશનમાં બની રહેલી ભવ્ય ફિલ્મ 'રામાયણ: પાર્ટ 1'માં રામની ભૂમિકા ભજવી રહેલા રણબીર કપૂર સાથે સીતાના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ 8 November 2026ના રોજ રિલીઝ થવાની છે.

# સોના-ચાંદીના ભાવમાં વધારો: 10 ગ્રામ સોનું ₹1.43 લાખમાં વેચાઈ રહ્યું છે, એક કિલો ચાંદી ₹2.18 લાખ પર પહોંચી

**મુંબઈ, તા.03**

બુલિયન માર્કેટમાંથી સોના અને ચાંદીના ભાવ અંગે મહત્વના સમાચાર સામે આવ્યા છે. આજે એટલે કે ૩ ઓગસ્ટના રોજ ભારતીય બજારમાં સોના અને ચાંદી બંનેની કિંમતોમાં સામાન્ય વધારો નોંધાયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) ના તાજેતરના આંકડા મુજબ, એક કિલો ચાંદીની કિંમતમાં ૧૦૫ રૂપિયાનો વધારો થતાં તે ૨.૧૭ લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. બીજી તરફ, ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાનો ભાવ પણ ૩ રૂપિયા વધીને ૧.૪૩ લાખ રૂપિયાના મજબૂત સ્તર પર પહોંચ્યો છે. જુદા જુદા કેરેટ મુજબ જોવામાં આવે તો, ૨૪ કેરેટ સોનાનો દર પ્રતિ ૧૦ ગ્રામ ૧,૪૨,૮૬૩ રૂપિયા, ૨૨ કેરેટ સોનાનો દર ૧,૩૦,૮૬૩ રૂપિયા, ૧૮ કેરેટનો દર ૧,૦૭,૧૪૭ રૂપિયા અને ૧૪ કેરેટ સોનાનો દર ૮૩,૫૭૫ રૂપિયા રહ્યો છે.



દેશના વિવિધ મોટા શહેરોમાં ૨૪ કેરેટ સોનાના દરમાં આંશિક તફાવત જોવા મળી રહ્યો છે. દિલ્હી, જયપુર અને લખનઉ જેવા શહેરોમાં ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૧,૪૪,૩૭૦ રૂપિયા નોંધાયો છે, જ્યારે મુંબઈ, કોલકાતા અને રાયપુરમાં તે ૧,૪૪,૨૨૦ રૂપિયા પર ટ્રેડ થઈ રહ્યો છે. આ સિવાય અમદાવાદ, ભોપાલ અને પટનામાં સોનાની કિંમત ૧,૪૪,૨૭૦ રૂપિયા બોલાઈ રહી છે.

વર્ષ ૨૦૨૬ના વાર્ષિક ટ્રેન્ડ પર નજર કરીએ તો સોના અને ચાંદીની કિંમતોમાં મોટો ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. આ વર્ષે સોનું અત્યાર સુધીમાં ૧૦ હજાર રૂપિયા મોંઘું થઈ ચૂક્યું છે, જે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ૧.૩૩ લાખ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામથી વધીને હવે ૧.૪૩ લાખ રૂપિયા પર પહોંચી ગયું છે. આનાથી વિપરીત, ચાંદીના ભાવમાં આ સમયગાળા દરમિયાન ૧૨ હજાર રૂપિયાનો ઘટાડો થયો છે, જે વર્ષના અંતે ૨.૩૦ લાખ રૂપિયા પ્રતિ કિલો હતી અને હાલ ૨.૧૮ લાખ રૂપિયા આસપાસ ટ્રેડ થઈ રહી છે. નોંધનીય છે કે આ જ વર્ષે ૨૯ જાન્યુઆરીના રોજ સોનાએ ૧.૭૬ લાખ રૂપિયા અને ચાંદી ૨.૮૬ લાખ રૂપિયાના ઓલ ટાઈમ હાઈ એટલે કે સર્વોચ્ચ સ્તરને સ્પર્શ કર્યો હતો.

કોમોડિટી એક્સપર્ટ્સનું માનવું છે કે સોના અને ચાંદીના ભાવ હાલ પોતાના સર્વોચ્ચ સ્તરથી ઘણા નીચે આવી ગયા હોવાથી નવા રોકાણકારો માટે રોકાણ કરવાની આ એક ઉત્તમ તક બની શકે છે, જોકે એકસાથે મોટી રકમનું રોકાણ કરવાને બદલે તબક્કાવાર રોકાણ સલાહભર્યું છે. નિષ્ણાતોના અંદાજ મુજબ વર્ષના અંત સુધીમાં સોનું ફરી એકવાર ૧.૬૦ લાખ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ અને ચાંદી ૨.૮૦ લાખ રૂપિયા પ્રતિ કિલોની સપાટી સુધી પહોંચી શકે છે.

જે લોકો ભૌતિક સોનું ખરીદવા માગતા નથી, તેઓ ગોલ્ડ અથવા સિલ્વર ETF (એક્સચેન્જ ટ્રેડેડ ફંડ) ના માધ્યમથી પણ રોકાણ કરી શકે છે. આ ફંડ્સ શેરબજારમાં ટ્રેડ થાય છે અને તેને ખરીદવા માટે ડીમેટ ખાતાની જરૂર પડે છે. જેમાં ગ્રાહકને ફિઝિકલ સોનાને બદલે યુનિટ્સ મળે છે અને વેચાણ વખતે તે સમયના બજાર ભાવ મુજબ પૈસા બેંક ખાતામાં જમા થાય છે. આમાં માત્ર ૫૦૦ રૂપિયાથી પણ રોકાણ શરૂ કરી શકાય છે.

જ્વેલર્સ પાસેથી સોનાના દાગીના ખરીદતી વખતે ગ્રાહકોએ હંમેશા BIS હોલમાર્કવાળું સર્ટિફાઈડ સોનું જ ખરીદવું જોઈએ, જેમાં રહેલો આલ્ફાન્યુમેરિક કોડ સોનાની શુદ્ધતાની ખાતરી આપે છે. આ ઉપરાંત ખરીદી કરતા પહેલા ૨૪, ૨૨ કે ૧૮ કેરેટ મુજબ વર્તમાન બજાર ભાવ ક્રોસ ચેક કરી લેવો હિતાવહ છે. બીજી તરફ, ઘરે બેઠા અસલી ચાંદીની ઓળખ કરવા માટે કેટલીક સરળ ટેસ્ટ કરી શકાય છે. અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી, તેના પર બરફ રાખવાથી તે ઝડપથી પીગળવા લાગે છે, તેમાં કોઈ પણ જાતની ગંધ હોતી નથી અને સફેદ કપડાથી ઘસવાથી કાળો નિશાન પડે છે.

# ટ્રમ્પના એક નિર્ણયથી શેરબજારમાં ફરી ધૂમ તેજી, સેન્સેક્સમાં 700, નિફ્ટીમાં 180થી વધુ પોઈન્ટનો ઉછાળો

**મુંબઈ, તા.03**



સપ્તાહના પ્રથમ કારોબારી દિવસે જ ભારતીય શેરબજારમાં રોકાણકારો માટે ભારે ખુશીનો માહોલ જોવા મળ્યો છે અને બજારમાં તુફાની તેજી નોંધાઈ છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) નો બેન્ચમાર્ક સેન્સેક્સ ૭૦૦ થી પણ વધુ પોઈન્ટના તોતિંગ ઉછાળા સાથે ખૂલ્યો હતો અને જોતજોતામાં ૭૮,૮૦૦ ની મજબૂત સપાટી કુદાવી ગયો હતો. આ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) ના નિફ્ટીએ પણ પાછલા બંધની સરખામણીએ બુલંદ તેજી દર્શાવતા ૨૪,૫૦૦ ના મહત્વપૂર્ણ સ્તરને સફળતાપૂર્વક વટાવી દીધું હતું. બજારમાં આ અચાનક આવેલી જોરદાર તેજી પાછળ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈરાનને લઈને લેવાયેલો એક મોટો અને રાહત આપનારો નિર્ણય મુખ્ય કારણ માનવામાં આવી રહ્યો છે.

સવારના કારોબારની શરૂઆતથી જ ભારતીય શેરબજાર ગ્રીન ઝોનમાં ધમધમી રહ્યું હતું. શુક્રવારના બંધ ૭૮,૦૯૪ ની સામે BSE સેન્સેક્સ ૭૮૯ પોઈન્ટના મોટા ગેપ-અપ ઉછાળા સાથે ૭૮,૮૮૩ પર ખૂલ્યો હતો અને ક્ષણવારમાં વધુ વધીને ૭૮,૮૯૫ ના ઊંચા સ્તરે પહોંચી ગયો હતો. બીજી તરફ, NSE નિફ્ટી પણ શુક્રવારના ૨૪,૩૮૩ ના સ્તર સામે તોતિંગ વધારા સાથે ૨૪,૫૭૨ ની મજબૂત સપાટી પર ટ્રેડ કરવા લાગ્યો હતો, જેનાથી આખા બજારનું સેન્ટિમેન્ટ સકારાત્મક બની ગયું હતું.

બજારની આ વ્યાપક તેજીમાં લાર્જકેપ, મિડકેપથી લઈને સ્મોલકેપ તમામ ક્ષેત્રના શેરોમાં ખરીદીનો જોરદાર માહોલ જોવા મળ્યો હતો. લાર્જકેપ વિભાગમાં બજાજ ફાઈનાન્સ લગભગ ૩ ટકા, ઈન્ડિગો ૨.૯૦ ટકા, બજાજ ફિનસર્વ ૨.૭૦ ટકા અને આઈટીસી (ITC) ૨ ટકા જેટલા વધીને ટ્રેડ થઈ રહ્યા હતા. મિડકેપ કેટેગરીમાં અશોક લેલેન્ડ ૨.૯૫ ટકા, પેટીએમ ૧.૯૫ ટકા અને સુઝલોન ૧.૯૦ ટકાની તેજી સાથે આગળ વધી રહ્યા હતા. તે જ સમયે સ્મોલકેપ ક્ષેત્રમાં રેડિંગટન ૪.૯૦ ટકા, જીઈ શિપિંગ ૪.૨૦ ટકા અને રિલાયન્સ પાવર ૩.૯૦ ટકાના ભવ્ય ઉછાળા સાથે કારોબાર કરી રહ્યા હતા.

શેરબજારમાં જોવા મળેલી આ હરિયાળી પાછળનું મુખ્ય કારણ 'ટ્રમ્પ કનેક્શન' છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે વધી રહેલા યુદ્ધના તણાવ વચ્ચે શાંતિના સંકેત આપ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેહરાન સાથે સોમવાર બપોરથી જ રાજદ્વારી વાટાઘાટો શરૂ થઈ રહી છે. જોકે આ સમજૂતી માટે તેમણે કોઈ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરી નથી. ઈરાનનો પરમાણુ કાર્યક્રમ, હોર્મુઝ સ્ટ્રેટ વિવાદ અને પ્રાદેશિક સુરક્ષા જેવા મુદ્દાઓ હજુ પણ જટિલ છે, પરંતુ ટ્રમ્પે વધુ જાનમાલની ખુવારી અટકાવવા કૂટનીતિનો માર્ગ અપનાવ્યો છે, જેની સકારાત્મક અસરથી વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેરબજારમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે.

# સેન્સેક્સ 800 અંક વધીને 78,895 પર ખુલ્યો: નિફ્ટી પણ 200 અંક વધ્યો, 24,576 પર ટ્રેડિંગ

**મુંબઈ, તા.03**

આજના શેરબજારના સમાચાર દેશ અને દુનિયાના આર્થિક ક્ષેત્રે એક અગત્યની હલચલ દર્શાવે છે. ભારતીય શેરબજારમાં આજે એટલે કે ૩ ઓગસ્ટે શાનદાર તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. કારોબાર દરમિયાન સેન્સેક્સમાં ૮૦૦ અંકનો મોટો ઉછાળો નોંધાયો છે, જેના કારણે તે ૭૮,૮૯૫ ના સ્તર પર પહોંચીને કારોબાર કરી રહ્યો છે. તેની સાથે જ નિફ્ટીમાં પણ મજબૂત વધારો જોવા મળ્યો છે. નિફ્ટી ૨૦૦ અંક ચઢીને ૨૪,૫૭૬ ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે, જે ભારતીય રોકાણકારો માટે ખુશીના સમાચાર છે.



જોકે, વૈશ્વિક સ્તરે એશિયન બજારોની પરિસ્થિતિ થોડી અલગ અને મિશ્ર જોવા મળી રહી છે. એક તરફ જ્યાં ભારતીય બજારમાં ઉછાળો છે, તો બીજી તરફ દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ ૨૯૮ અંક એટલે કે ૪.૫૫ ટકાના મોટા ઘટાડા સાથે ૬૨૯૬ ના સ્તર પર ગબડ્યો છે. આ જ રીતે જાપાનનો નિકેઈ ઈન્ડેક્સ પણ ૧૧૨૨ અંક એટલે કે ૧.૭૪ ટકા ઘટીને ૬૩૨૪૧ પર કારોબાર કરી રહ્યો છે. તો બીજી તરફ હોંગકોંગના હેંગસેંગ ઈન્ડેક્સમાં સામાન્ય તેજી જોવા મળી છે, જ્યાં તે ૩૮ અંક એટલે કે ૦.૧૫ ટકાના વધારા સાથે ૨૫૯૨૨ ના સ્તર પર પહોંચ્યો છે.

આ અગાઉ ૩૧ જુલાઈના રોજ ગ્લોબલ માર્કેટ ખાસ કરીને અમેરિકી બજારમાં સારો એવો સુધારો જોવા મળ્યો હતો. અમેરિકાનો ડાઉ જોન્સ ઈન્ડેક્સ ૨૭૭ અંક વધીને ૫૨૪૮૫ પર બંધ થયો હતો, જ્યારે નાસ્ડેકમાં ૨૫૨ અંકનો વધારો થયો હતો અને તે ૨૫૩૭૪ ના સ્તર પર પહોંચ્યો હતો. આ સિવાય S&P ૫૦૦ ઈન્ડેક્સ પણ ૫૨ અંક વધીને ૭૪૯૦ ના મજબૂત સ્તર પર બંધ રહ્યો હતો. વૈશ્વિક બજારોની આ સકારાત્મક અસરે ભારતીય બજારને પણ મજબૂતી આપવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે.

રોકાણકારોના વલણની વાત કરીએ તો છેલ્લા ૭ દિવસમાં વિદેશી રોકાણકારોએ રૂ. ૫,૬૭૩ કરોડના શેરની ચોખ્ખી ખરીદી કરી છે. તાજેતરના આંકડા મુજબ, ઘરઆંગણાના સંસ્થાકીય રોકાણકારો એટલે કે DII એ ૨,૨૬૦ કરોડ રૂપિયાની લેવાલી કરી છે, જ્યારે છેલ્લા ૭ દિવસમાં તેમની કુલ ખરીદી ૩,૦૫૯ કરોડ રૂપિયા અને છેલ્લા ૩૦ દિવસમાં ૩૨,૧૧૦ કરોડ રૂપિયા રહી છે. બીજી તરફ, વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે FII/FPI એ તાજેતરમાં ૨૭૮ કરોડ રૂપિયાની લેવાલી કરી છે અને છેલ્લા ૭ દિવસમાં તેમણે ૭,૬૩૮ કરોડ રૂપિયાનું નિવેશ કર્યું છે, જોકે છેલ્લા ૩૦ દિવસમાં તેમનો આંકડો ૫,૬૮૨ કરોડ રૂપિયાના વેચાણ તરફ દર્શાવે છે.

આ પહેલા શુક્રવારે એટલે કે ૩૧ જુલાઈના રોજ પણ ભારતીય શેરબજાર ગ્રીન ઝોનમાં બંધ થયું હતું. એ દિવસે સેન્સેક્સ ૧૬૬ પોઈન્ટના વધારા સાથે ૭૮,૦૯૪ ના સ્તરે બંધ થયો હતો, જ્યારે નિફ્ટીમાં પણ ૬૬ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો અને તે ૨૪,૩૮૩ ની સપાટી પર બંધ રહ્યો હતો. આ દર્શાવે છે કે ભારતીય શેરબજારમાં છેલ્લા કેટલાક દિવસોથી રોકાણકારોનો ભરોસો સતત જળવાઈ રહ્યો છે.

# હોમ લોનનાં હપ્તા વધશે કે ઘટશે?: SBI રિસર્ચનાં રિપોર્ટમાં ખુલાસો, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની MPC બેઠકમાં રેપો રેટ પર લેવાશે નિર્ણય

**મુંબઈ, તા.03**

તાજેતરમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) દ્વારા એક મહત્વપૂર્ણ રિસર્ચ રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે, જેણે દેશના સામાન્ય નાગરિકો ખાસ કરીને હોમ લોન ધરાવતા લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું છે. આ રિપોર્ટ બહાર આવ્યા પછી લોકોમાં એ ચર્ચા જાગી છે કે શું ઓગસ્ટ મહિનામાં હોમ લોનનાં EMI માં કોઈ રાહત મળશે કે નહીં. રિપોર્ટ અનુસાર, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ની ઓગસ્ટ ૨૦૨૬ ની મોનેટરી પોલિસી કમિટી (MPC) ની બેઠકમાં રેપો રેટમાં કોઈ પણ જાતનો ફેરફાર થવાની શક્યતા નહિવત છે, જેના કારણે હાલ પૂરતી હોમ લોનનાં EMI ઘટવાની સંભાવનાઓ દેખાતી નથી.




રિપોર્ટમાં જણાવાયું છે કે આગામી બે ક્વાર્ટર સુધી રિટેલ મોંઘવારી એટલે કે સીપીઆઈ (CPI) ૫ ટકાથી ઉપર રહેવાનો અંદાજ છે. બીજી તરફ, નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ક્વાર્ટરમાં દેશનો આર્થિક વૃદ્ધિ દર ૭ ટકાથી વધુ રહેવાની અપેક્ષા છે. આ પરિસ્થિતિઓને જોતાં રિઝર્વ બેંક માટે વ્યાજ દરોને સ્થિર રાખવા વધુ સાનુકૂળ બનશે, જેથી ગ્રાહકોને વ્યાજ દરમાં તાત્કાલિક રાહત મળવાની આશા ઓછી છે.

આંતરરાષ્ટ્રીય નાણાકીય પ્રવાહની વાત કરીએ તો, જુલાઈ દરમિયાન ભારતમાં ૩૫ અબજ ડોલરનું કેપિટલ ઈનફ્લો નોંધાયું હતું. જેના પરિણામે ૨૪ જુલાઈ સુધીમાં ભારતનું વિદેશી મુદ્રા ભંડોળ ૧૨.૫ અબજ ડોલર વધી ગયું. આ ઉપરાંત, જૂનના અંત સુધીમાં ત્રણ મહિનાની મુદતવાળા ફોરવર્ડ પોઝિશનમાં ૧૩ અબજ ડોલરનો ઘટાડો થતાં વિદેશી મુદ્રા બજાર પરનું દબાણ ઘણું હળવું થયું છે. આ તમામ બાબતો છતાં ક્રૂડ ઓઈલના ભાવમાં થતા ઉતાર-ચઢાવ, રૂપિયા પરનું દબાણ અને વૈશ્વિક અનિશ્ચિતતાઓને લીધે RBI દ્વારા અત્યંત નરમ કે ઉદાર વલણ અપનાવવાની સંભાવના ખૂબ ઓછી દેખાય છે.

RBI ની MPC ની આ મહત્વપૂર્ણ બેઠક ૩ થી ૫ ઓગસ્ટ દરમિયાન યોજાઈ રહી છે અને નીતિગત નિર્ણયોની જાહેરાત ૫ ઓગસ્ટે કરવામાં આવશે. હાલ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને કારણે વૈશ્વિક અર્થતંત્ર હજુ પણ અનિશ્ચિતતાના દોર પસાર થઈ રહ્યું છે. અગાઉ ત્રણ નાણાકીય નીતિઓમાં RBI એ પશ્ચિમ એશિયા યુદ્ધની અસરને ધ્યાને રાખીને નાણાકીય વર્ષ ૨૦૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળા માટે જીડીપી (GDP) વૃદ્ધિનો અંદાજ ૬.૯ ટકાથી ઘટાડીને ૬.૬ ટકા કર્યો હતો. જોકે, હવે પરિસ્થિતિ સુધરતા પ્રથમ ત્રિમાસિક ગાળાનો વાસ્તવિક વૃદ્ધિ દર ૭ ટકાથી પણ વધુ રહેવાની ધારણા સેવાઈ રહી છે.

વૈશ્વિક ચલણ બજારમાં પ્રવર્તતા અસંતુલન વચ્ચે માર્ચ મહિનામાં ભારતીય રૂપિયા પર ભારે દબાણ જોવા મળ્યું હતું. પરંતુ RBI એ ફોરવર્ડ બજારમાં પોતાની સચોટ રણનીતિ દ્વારા ટૂંકા ગાળાના દબાણને સફળતાપૂર્વક નિયંત્રિત કર્યું, જેનાથી આયાતકારો અને નિકાસકારોની હેજિંગ પ્રવૃત્તિઓ સંતુલિત થઈ હતી. આ સાથે ચોમાસા અંગે પણ સકારાત્મક ચિત્ર સામે આવ્યું છે, જ્યાં જુલાઈમાં સારા વરસાદને કારણે દેશભરમાં વરસાદની અછત ઘટીને ૧૩ ટકા રહી ગઈ છે, જળાશયોમાં સામાન્ય જળસ્તર છે અને ખરીફ પાકોનું વાવેતર ગયા વર્ષની સરખામણીએ લગભગ નજીવું (૪.૭ ટકા) ઓછું છે, જે ગ્રામીણ અર્થતંત્ર અને માગને મજબૂત ટેકો આપશે.

અંતમાં, SBI રિસર્ચે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રે થઈ રહેલા અતિશય રોકાણ અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. રિપોર્ટ મુજબ, ભૂતકાળની ટેકનોલોજી ક્રાંતિઓની જેમ જ હાલ AI ક્ષેત્રમાં ભારે મૂડીરોકાણ, ઝડપથી વધતી અપેક્ષાઓ અને સટ્ટાકીય પ્રવૃત્તિઓ ચરમસીમા પર છે. ઘણી ટેક કંપનીઓ જરૂરિયાત કરતાં વધુ રોકાણ કરી રહી છે, જેનાથી ભવિષ્યમાં AI બબલ બનવાનું મોટું જોખમ ઊભું થઈ શકે છે.

# પેટ્રોલ-ડીઝલની કિંમતમાં રાહતના સંકેત! ટ્રમ્પની જાહેરાતથી ક્રૂડ ઓઈલની કિંમતોમાં કડાકો....

**મુંબઈ, તા.03**

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા રાજકીય અને લશ્કરી તણાવની સીધી અને મોટી અસર આંતરરાષ્ટ્રીય આર્થિક ક્ષેત્રે ખાસ કરીને ક્રૂડ ઓઈલની કિંમતો પર જોવા મળી રહી છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા શાંતિ કે યુદ્ધ અંગે આપવામાં આવતા નિવેદનોથી વૈશ્વિક ઊર્જા બજારમાં સતત અસ્થિરતાનો માહોલ સર્જાય છે. હાલમાં જ પ્રમુખ ટ્રમ્પે ઈરાન સાથે ડિપ્લોમેટિક એટલે કે રાજદ્વારી વાટાઘાટો શરૂ કરવાની સત્તાવાર જાહેરાત કરી છે. કૂટનીતિ દ્વારા શાંતિ સ્થપાવાની આશા જાગતા જ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આશરે ૫ ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે, જે વૈશ્વિક અર્થતંત્ર માટે અત્યંત રાહતના સમાચાર છે.



ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર પ્રસ્તાવિત સૈન્ય હુમલો હાલ પૂરતો મુલતવી રાખતાં એક ઘણું મોટું નિવેદન આપ્યું છે. તેમણે ખુલાસો કરતા જણાવ્યું હતું કે, જો ઈરાન પર આ આક્રમક હુમલો કરવામાં આવ્યો હોત તો તે બીજા વિશ્વયુદ્ધ પછીનો સૌથી ભયાનક અને મોટો હુમલો સાબિત થયો હોત. તેમણે સ્વીકાર્યું કે ઈરાનનો પરમાણુ કાર્યક્રમ, હોર્મુઝ સ્ટ્રેટનો વિવાદ અને પ્રાદેશિક સુરક્ષા જેવા અત્યંત સંવેદનશીલ મુદ્દાઓ હજુ પણ ઉકેલાયા નથી, તેમ છતાં વધુ જાનમાલની ખુવારી અટકાવવા અને શાંતિ જાળવવા માટે કૂટનીતિ જ શ્રેષ્ઠ વિકલ્પ છે. એર ફોર્સ વનમાં પત્રકારો સાથે વાતચીત કરતી વખતે ટ્રમ્પે સ્પષ્ટ કર્યું હતું કે તેહરાન સાથે સોમવાર બપોરથી મંત્રણાનો નવો દોર શરૂ થઈ રહ્યો છે, જોકે આ કરાર કે સમજૂતી પર પહોંચવા માટે કોઈ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવી નથી.

ઈરાન સાથે સમજૂતી અને વાટાઘાટો અંગેના ટ્રમ્પના આ નિવેદનની સકારાત્મક અસર તરત જ ક્યાસ તેલના ભાવ પર પડી છે. આંતરરાષ્ટ્રીય બજારમાં બેન્ચમાર્ક બ્રિન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ ૪.૮૦ ટકાથી વધુ ઘટીને પ્રતિ બેરલ ૮૩ ડોલરની આસપાસ આવી ગયો છે. આ જ રીતે, WTI ક્રૂડ ઓઈલના ભાવમાં પણ ૫.૩૦ ટકાનો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે અને તે ઘટીને પ્રતિ બેરલ ૮૦ ડોલરના નીચલા સ્તરે પહોંચી ગયો છે.

ભૂતકાળમાં પણ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ સમજૂતીની શક્યતાઓ સર્જાઈ હતી, પરંતુ હોર્મુઝ સ્ટ્રેટના જળમાર્ગ અંગેના વિવાદને કારણે કોઈ અંતિમ ઉકેલ આવી શક્યો ન હતો. નોંધનીય છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસના પુરવઠા માટે હોર્મુઝ સ્ટ્રેટ એક અત્યંત વ્યૂહાત્મક અને મહત્ત્વપૂર્ણ સમુદ્રી માર્ગ ગણાય છે. સમગ્ર વિશ્વની ક્રૂડ ઓઈલ અને ગેસની કુલ જરૂરિયાતમાંથી લગભગ ૨૦ ટકા જેટલો મોટો જથ્થો આ જ સાંકડા સમુદ્રી રસ્તેથી પસાર થાય છે. તેથી, આ જળમાર્ગમાં સર્જાતી કોઈ પણ નાની-મોટી અડચણ વૈશ્વિક સ્તરે સીધી રીતે ભાવવધારાનું મૂળ કારણ બને છે અને દુનિયાભરમાં મોંઘવારીનું જોખમ ઊભું કરે છે.

ઈરાન સાથે શાંતિપૂર્ણ વાટાઘાટોના આ નિર્ણયથી વૈશ્વિક શેરબજારોમાં ખુશીની લહેર દોડી ગઈ હતી અને અમેરિકન સ્ટોક માર્કેટમાં જોરદાર તેજી જોવા મળી હતી, જેમાં ડાઉ જોન્સ ૨૭૬.૯૭ પોઈન્ટ અને S&P ૫૧ પોઈન્ટ વધીને બંધ થયા હતા. અમેરિકી બજારના આ જ સાનુકૂળ અને મજબૂત સંકેતોના પગલે ભારતીય શેરબજારમાં પણ આજે જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) નો સેન્સેક્સ ૭૮૯ પોઈન્ટના તોતિંગ વધારા સાથે ૭૮,૮૮૩ ના સ્તર પર ખૂલ્યો હતો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) નો નિફ્ટી પણ ૨૪,૫૦૦ ની મજબૂત સપાટી સફળતાપૂર્વક વટાવીને આગળ ટ્રેડ કરી રહ્યો છે.

# આજથી RBI MPCની 3-દિવસીય મીટિંગ: રેપો રેટમાં ફેરફારની શક્યતા ઓછી, 5 ઓગસ્ટે નિર્ણયોની જાહેરાત

**મુંબઈ, તા.03**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ની મોનેટરી પોલિસી કમિટી (MPC) ની ત્રણ દિવસીય મહત્વપૂર્ણ બેઠક સોમવાર, ૩ ઓગસ્ટથી શરૂ થઈ ગઈ છે. આર્થિક નિષ્ણાતોનું માનવું છે કે દેશમાં પ્રવર્તમાન મોંઘવારીના વલણ અને વૈશ્વિક અનિશ્ચિતતાઓને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય બેંક આ વખતે પણ રેપો રેટમાં કોઈ જ ફેરફાર કર્યા વગર તેને યથાવત અને સ્થિર રાખી શકે છે.



નાણાકીય વર્ષ ૨૦૨૫ દરમિયાન વ્યાજ દરોમાં મોટો ફેરફાર જોવા મળ્યો હતો, જેમાં ચાર તબક્કામાં કુલ ૧.૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો હતો. સૌથી પહેલા ફેબ્રુઆરી ૨૦૨૫માં લગભગ પાંચ વર્ષના લાંબા સમયગાળા પછી વ્યાજ દરો ૬.૫૦ ટકાથી ઘટાડીને ૬.૨૫ ટકા કરવામાં આવ્યા હતા. ત્યારબાદ એપ્રિલમાં યોજાયેલી બેઠકમાં ફરી ૦.૨૫ ટકાનો ઘટાડો કરાયો હતો. જૂન મહિનામાં ત્રીજી વખત નીતિગત દરોમાં ૦.૫૦ ટકાનો મોટો કાપ મૂકવામાં આવ્યો હતો અને છેલ્લે ડિસેમ્બરમાં ૦.૨૫ ટકાના ઘટાડા સાથે વ્યાજ દરો ઘટીને ૫.૨૫ ટકાના સ્તરે આવી ગયા હતા.

ચાલુ નવા નાણાકીય વર્ષની વાત કરીએ તો, RBI દ્વારા જૂન મહિનામાં યોજાયેલી બીજી બેઠકમાં રેપો રેટને ૫.૨૫ ટકા પર યથાવત રાખવામાં આવ્યો હતો, જોકે તે સમયે ૨૦૨૭ માટે મોંઘવારીના અંદાજને ૪.૬ ટકાથી વધારીને ૫.૧ ટકા કરવામાં આવ્યો હતો. ચાલુ નાણાકીય વર્ષમાં યોજાનારી કુલ છ બેઠકોમાંથી આ ત્રીજી બેઠક છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ અને અમેરિકી ફેડરલ રિઝર્વના કડક વલણ છતાં, નિષ્ણાતો માને છે કે RBI વ્યાજ દરો બદલવામાં હાલ કોઈ ઉતાવળ નહીં કરે, કારણ કે કેન્દ્રીય બેંકનું પ્રાથમિક ધ્યાન સ્થાનિક મોંઘવારી, બજારની લિક્વિડિટી અને દેશના આર્થિક વિકાસ પર કેન્દ્રિત છે.

ઈક્વિરસ સિક્યોરિટીઝના રિસર્ચ હેડ મૌલિક પટેલના જણાવ્યા અનુસાર, પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો અને હવામાનની સાનુકૂળ અસર ન હોવાને કારણે જથ્થાબંધ અને છૂટક મોંઘવારી વધી રહી છે, જેના લીધે આખા વર્ષ માટે ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) આધારિત મોંઘવારી ૪.૯ ટકા રહેવાની શક્યતા છે. વૈશ્વિક સ્તરે નાણાકીય નીતિઓ કડક થઈ રહી હોવાથી RBI ભવિષ્યના નિર્ણયો ખૂબ જ સાવચેતીપૂર્વક લેશે. તેમના અંદાજ મુજબ, આગામી ડિસેમ્બરની પોલિસી સમીક્ષામાં રિઝર્વ બેંક ૨૫ બેસિસ પોઈન્ટ એટલે કે ૦.૨૫ ટકાનો વધારો કરી શકે છે.

રેપો રેટ એ અર્થતંત્રમાં મોંઘવારીને નિયંત્રિત કરવાનું એક મુખ્ય સાધન છે. જ્યારે દેશમાં મોંઘવારી વધે છે, ત્યારે સેન્ટ્રલ બેંક રેપો રેટ વધારીને નાણાંનો પ્રવાહ ઓછો કરવાનો પ્રયાસ કરે છે, જેનાથી બેંકો માટે ધિરાણ મોંઘું થાય છે અને અંતે ગ્રાહકો માટે લોન મોંઘી થતાં બજારમાં માંગ ઘટે છે અને મોંઘવારી અંકુશમાં આવે છે. આનાથી વિપરીત, જ્યારે અર્થતંત્ર સુસ્ત હોય ત્યારે રિકવરી લાવવા માટે રેપો રેટ ઘટાડવામાં આવે છે, જેથી બેંકો અને ગ્રાહકોને સસ્તા દરે ધિરાણ મળી રહે અને અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ વધીને આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળે.

'નરેન્દ્ર મોદી વીક છે એટલે પેપર લીક છે': 'ધર્મેન્દ્ર પ્રધાન ઝાંકી હૈં અભી તો અમિત શાહ બાકી હૈં'

# અમદાવાદમાં NEET પેપર લીકની રેલીમાં કોંગ્રેસના નેતાઓએ નારા લગાવ્યા હતા

**અમદાવાદ, તા.03**

NEET પેપર લીક મુદ્દે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ અને શિક્ષણના વ્યાપારીકરણ મુદ્દે ગુજરાત કોંગ્રેસ આજે (3 ઓગસ્ટ) રસ્તા પર ઉતરી હતી. સરકારના વિરોધમાં અમદાવાદના નહેરુબ્રિજથી સરદાર બાગ સુધી રેલી યોજી 'છાત્રો કી ગુંજ' અભિયાન અંતર્ગત સરદારબાગ ખાતે ધરણા કર્યા હતા. પોલીસ દ્વારા પહેલેથી જ બે JCP, ત્રણ પીઆઈ સહિત મોટી સંખ્યામાં પોલીસ કાફલો પતંગ હોટેલ પાસે ખડકી દેવામાં આવ્યો હતો.

નહેરુબ્રિજથી રેલીની શરૂઆત થઈ 'હાય રે ભાજપ હાય હાય'ના નારા સાથે રેલી આગળ વધી હતી. અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા. 'અમિત શાહ રાજીનામું આપો'ના નારા પણ લાગ્યા હતા.

ખાનપુર ખાતે આવેલા ભાજપના કાર્યાલયથી અંદાજે 100 મીટરના અંતર પર ગુજરાત કોંગ્રેસમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિત પ્રદેશના નેતાઓ, કોંગ્રેસના કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં યુથ કોંગ્રેસ અને NSUIના કાર્યકર્તાઓ ધરણા પ્રદર્શન પર બેઠા હતા. કોંગ્રેસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના કહેવાથી પોલીસે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કર્યો હોવાનો આક્ષેપ કરી રાજીનામાની પણ માંગ કરી હતી. વિદ્યાર્થીઓ સામે નોંધેલી FIR પરત ખેંચી લાઠીચાર્જ કરનારા પોલીસકર્મીઓ સામે પણ કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી

તેમજ બિહારમાં પણ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસના ગોળીબારનો વીડિયો વાયરલ થયો હતો. જેથી પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના નેતાઓએ ટીયર ગેસ નહીં ચલેગી, AK 47 નહીં ચલેગી ના નારા લગાવ્યા હતા. તેમજ જે પણ પોલીસકર્મીઓ દ્વારા AK 47માંથી ગોળીબાર કર્યો હતો તેમના સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું કે, ભાજપનું શાસનને અંગ્રેજો કરતા પણ ખરાબ છે. જ્યાં સુધી અમિત શાહ રાજીનામું નહીં આપે ત્યાં સુધી રસ્તા પર આવીને આંદોલન ચાલુ રાખવામાં આવશે.



ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું કે, શિક્ષાનું જે રીતે વ્યાપારીકરણ થયું તેના કારણે વિદ્યાર્થીઓ, વાલીઓ અને આખો દેશ વિરોધ દર્શાવી રહ્યો છે. વારંવાર પેપર લિક થતું હોવાથી વિદ્યાર્થીઓને નુકસાન થઈ રહ્યું છે. આખા દેશના વિદ્યાર્થીઓ જંતરમંતર પર આવીને શિક્ષણનું વ્યાપારીકરણ કરનાર સરકાર સામે અવાજ ઉઠાવે ત્યારે વિદ્યાર્થીઓ સાથે વાત કરવા અથવા સંવાદ કરવાના બદલે દેશના વડાપ્રધાન અને ગૃહ મંત્રીના આદેશથી વિદ્યાર્થીઓ પર બેફામ લાઠીચાર્જ કરવામાં આવ્યો. ટીયર ગેસ છોડીને બહેન-દીકરીઓ પર ખૂબ જ બર્બરતા પૂર્વક અત્યાચાર કરવામાં આવ્યો. બિહારમાં Ak 47થી ગોળીબાર કરવામાં આવ્યો છે, છતાં પણ હજુ સુધી લાઠીચાર્જ કરનાર સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

બહેન-દીકરીઓ પર અત્યાચાર અને લાઠીચાર્જ કરનારને આદેશ આપનાર જનરલ ડાયર સામે જ્યાં સુધી કોઈ કાર્યવાહી કરવામાં નહીં આવે ત્યાં સુધી વિદ્યાર્થીઓ માટે રસ્તા પર ઉતરીને લડીશું. નવા અંગ્રેજોના શાસનને હવે દેશના યુવાનો નહીં ચલાવી લે.

કોંગ્રેસના નેતાઓ ધરણા પ્રદર્શન કરતા હોવાથી અમુક જગ્યાને બેરિકેડ લગાવીને બંધ કરી વાહનચાલકો માટે બ્રિજ ખુલ્લો મૂકવામાં આવ્યો છે.

ખાનપુર ભાજપ કાર્યાલયથી અંદાજે 100 મીટરના અંતર પર કોંગ્રેસના નેતાઓએ ધરણા કરી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માગ કરી છે.

કોંગ્રેસ નેતા કરસનદાસ ભાદરકાએ અને પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે મોદી અને શાહ મુર્દાબાદના નારા લગાવ્યા છે.

'વિદ્યાર્થીઓ અને યુવાઓ પરની ખોટી FIR બંધ કરો'ના પોસ્ટર સાથે કોંગ્રેસના નેતાઓએ 'ભાજપ હાય હાય'ના નારા લગાવ્યા છે. 'નરેન્દ્ર મોદી વીક છે, એટલે પેપર લીક છે'ના નારા સાથે રેલી નહેરુબ્રિજ પર પહોંચી છે.

'ધર્મેન્દ્ર પ્રધાન ઝાંકી હે અભી તો અમિત શાહ બાકી છે'ના કોંગ્રેસના નેતાઓએ નારા લગાવ્યા છે. પ્રદેશ પ્રમુખ અમિત શાહે પહોંચી રેલી શરૂ કરાવી છે. નહેરુબ્રિજથી સરદારબાગ સુધી રેલી યોજાશે. 'હાય રે ભાજપ હાય હાય'ના નારા સાથે મોટી સંખ્યામાં લોકો રેલી જોડાયા છે.

પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી જણાવ્યું કે, ભાજપની સરકાર દરેક વ્યક્તિ પર જુલમ ગુજારી રહી છે. NEET પેપરલીક થયું ત્યારે શાંતિપૂર્વક વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર પણ જુલમ ગુજારવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને ન્યાય આપવાના બદલે તેમના પર જુલમ, લાઠી અને ગોળીઓ વરસાવવામાં આવી હતી. રાહુલ ગાંધીએ રજૂઆત કરી તો તેમના સાથે પર દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. ફરજિયાત પડી તો કેન્દ્રી શિક્ષણમંત્રીનું રાજીનામુ લઈ લેવામાં આવ્યું હતું, જેથી અમારી માંગણી છે કે જે લોકોએ વિદ્યાર્થીઓ પર અત્યાચાર કર્યો તેમના પર કડક પગલા લેવામાં આવે અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ રાજીનામું આપે તેવી માંગણી છે.

'અમિત શાહ રાજીનામું આપો'ના નારા સાથે શહેર પ્રમુખ, પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના નેતાઓ નહેરુ બ્રિજ પહોંચ્યા છે. સેક્ટર-1 JCP નીરજ બડગુજરે જણાવ્યું કે, નહેરુબ્રિજ ખાતે ધારણા અને રેલી માટેની મંજૂરી આપવામાં આવી છે. ટ્રાફિકજામ ન થાય અને કોઈ અગવડતા ન પડે તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. 400થી 500 જેટલો પોલીસ સ્ટાફ ગોઠવવામાં આવ્યો છે.

## AMCનો માત્ર ખાડા પૂરવાનો દેખાડો!: પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં ખરાબ રોડ-રસ્તાથી વાહનચાલકો હેરાન

**અમદાવાદ, તા.03**



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા વરસાદ બંધ થયા બાદ યુદ્ધના ધોરણે ખાડા પૂરવામાં આવ્યા હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ તદ્દન વિપરીત છે. શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં હજી પણ ઠેર-ઠેર પડેલા ખાડાઓના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને ટ્રાફિકજામની ગંભીર સમસ્યા સર્જાઈ રહી છે.

વાડજ વિસ્તારમાં ગાંધી આશ્રમથી વાડજ તરફ જવાના રોડ પર બ્રિજના છેડે સાંકડા માર્ગ પર ખાડા પડેલા છે. દરિયાપુરના પ્રેમ દરવાજા પાસે, ઠક્કરબાપાનગર બ્રિજ નજીક અને કાલુપુર રેલવે સ્ટેશનના આઉટ ગેટ બહાર મુખ્ય રોડ પર મોટા ખાડા હોવાના કારણે વાહનો ધીમા પાડવા પડે છે, જેનાથી વાહનચાલકો અટવાઈ પડે છે.

ગોમતીપુર મેટ્રો સ્ટેશનથી ખોખરા બ્રિજ તરફ જતા રોડ પર તંત્ર દ્વારા દેખાડા પૂરતી અર્ધકચરી કામગીરી કરાઈ છે, જેમાં અડધી જગ્યાએ માલ નાખી ખાડા પૂરાયા છે અને અડધા બાકી છે. આ સિવાય અમરાઈવાડી મેટ્રો સ્ટેશન પાસે જોગણી માતા મંદિર ચાર રસ્તા, ઓઢવમાં તક્ષશિલા શિક્ષણ સંકુલ બહાર અને ઈન્દ્રપુરીના સુરેલિયા એસ્ટેટ પાસે એવો મોટો ખાડો પડ્યો છે જેમાં મોટું ટાયર પણ ફસાઈ જાય.

AMC ના ઈજનેર વિભાગના અધિકારીઓ માત્ર ફોટોગ્રાફ્સ મૂકીને કામગીરી પૂર્ણ થયાનું બતાવી રહ્યા છે. કરોડો રૂપિયાના ખર્ચે રોડ રી-સરફેસ કરવા માટે સિંગલ અને વાર્ષિક ટેન્ડરથી કોન્ટ્રાક્ટરોને કામ સોંપાયા હોવા છતાં અધિકારીઓ કે કોન્ટ્રાક્ટરોને આ ખાડા દેખાતા નથી. ભાજપના સત્તાધીશો પણ રોડની વાસ્તવિક સ્થિતિ સુધારવાને બદલે મૌન ધારણ કરીને બેઠા હોવાના આક્ષેપ થઈ રહ્યા છે.

## ગુજરાત પરથી વાદળો ગાયબ, વરસાદનું જોર ઘટ્યું: 9 ઓગસ્ટ સુધી સામાન્ય વરસાદની આગાહી

**અમદાવાદ, તા.03**



રાજ્યમાં છેલ્લા બે દિવસથી વરસાદનું જોર ઘટ્યું છે અને છુટાછવાયા વિસ્તારોમાં મધ્યમ વરસાદ નોંધાયો છે. રવિવારે 226 તાલુકામાં સૌથી વધુ રાજકોટમાં પોણા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો. હાલમાં ગુજરાત પરથી વાદળો હટી જતાં ભારે વરસાદની સંભાવના નહિવત્ છે. હવામાન વિભાગના ડાયરેક્ટ ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, 3 ઓગસ્ટથી 9 ઓગસ્ટ સુધી ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા રહેશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં, હાલમાં ઉત્તર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની દિશા દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ તરફ રહેવાની શક્યતા છે. સ્ટીપ પ્રેશર ગ્રેડિયન્ટને કારણે, 15થી 20 નોટની ઝડપે મજબૂત પવનો ફૂંકાશે, જેમાં પવનની ગતિ 25 નોટ સુધી પહોંચવાની શક્યતા છે. દરિયાની સ્થિતિ મધ્યમથી રફ રહેવાની શક્યતા છે અને 'Port Warning LC3'ને હવે હટાવી લેવામાં આવી છે. અમદાવાદમાં વાદળછાયા વાતાવરણ સાથે ઝાપટાંની આગાહી છે. માછીમારો માટે આગામી 5 દિવસ સુધી કોઈ ચેતવણી નથી. રાજ્ય માટે મહત્વપૂર્ણ સિનોપ્ટિક સિસ્ટમ્સ માટે, પૂર્વ-દક્ષિણપશ્ચિમ રાજસ્થાન પર 1.5 કિમીથી 3.1 કિમીની ઊંચાઈએ સાયક્લોનિક સરક્યુલેશન બનેલું છે. મોન્સૂન ટ્રફ હાલમાં લખનૌ, પટના અને પછી પૂર્વ દિશામાં મણિપુર તરફ પસાર થઈ રહ્યું છે. અન્ય એક સાયક્લોનિક સરક્યુલેશન ખૂબ જ ઉચ્ચ સ્તરે, ખાસ કરીને જમ્મુ ડિવિઝનમાં 5.8 કિમીથી 7.6 કિમી વચ્ચે સક્રિય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં 397.7 મિમી વરસાદ વરસવો જોઈએ, જેની સામે 477.7 મિમી નોંધાયો છે, જે +20% વધારે દર્શાવે છે.

## નર્મદા કોર્ટની સજા સામે સ્ટે લેવા ચૈતર વસાવા હાઈકોર્ટના શરણે: 5 ઓગસ્ટે જામીન અરજી ઉપર સુનાવણી

### ફોરેસ્ટ ઓફિસરને મારવાનો અને ફાયરિંગ કેસ

**અમદાવાદ, તા.03**



ધારાસભ્ય ચૈતર વસાવાને ફોરેસ્ટ ઓફિસર પર હુમલો અને હવામાં ફાયરિંગ કરવાના કેસમાં નર્મદા જિલ્લા કોર્ટે 7 વર્ષની કેદની સજા ફટકારી હતી. જેમાં નર્મદા કોર્ટના હુકમ સામે સ્ટે લેવા MLA ચૈતર વસાવા હાઈકોર્ટના શરણે ગયા છે. ચૈતરની જામીન અરજી પર 5 ઓગસ્ટે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવશે.

નર્મદાના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા, તેમના પત્ની શકુંતલા વસાવા સહિતના આરોપીઓ સામે નર્મદા પોલીસે જમીન બાબતે ફોરેસ્ટ વિભાગના ઓફિસરને ઘરે બોલાવીને માર મારવા, ધમકાવવા અને હવામાં ગોળીબાર સંદર્ભે IPCની કલમ 143, 14,1 149, 186, 294, 353, 386 અને આર્મ્સ એકટની કલમ 25 વગેરે મુજબ ગુન્હો નોંધ્યો હતો. નર્મદાની કોર્ટે આ કેસમાં ચુકાદો આપતા ધારાસભ્ય ચૈતર વસાવા અને તેમના પત્ની શકુંતલા વસાવા સહિત કુલ 9 આરોપીઓને 7 વર્ષની કેદની સજા ફટકારી હતી.

ઉપરોક્ત દોષિત ઠરેલા આરોપીઓ પૈકી ધારાસભ્ય ચૈતર વસાવાએ ગુજરાત હાઈકોર્ટમાં અપીલ, જામીન અને નર્મદા કોર્ટના હુકમ ઉપર સ્ટે માંગતી અરજી દાખલ કરી છે. જે સંદર્ભે ગુજરાત હાઈકોર્ટમાં 5 ઓગસ્ટે સુનવણી યોજાશે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ હાઈકોર્ટે શકુંતલા વસાવા સહિત 5 આરોપીની જામીન અરજી મંજૂર કરી હતી. કોર્ટે નોંધ્યું હતું કે, આ ઘટનામાં તેઓ મુખ્ય આરોપી નહોતા કે તેઓએ કોઈને ઈજા પહોંચાડી નથી. અગાઉ આ જ કેસમાં નર્મદા કોર્ટના ચુકાદા પહેલાની જામીન અરજીઓમાં રજૂઆત કરાઈ હતી કે જંગલમાં કેટલીક જગ્યા ખાલી હતી. જ્યાં ગામડામાં રહેતા લોકોએ કપાસ વાવ્યું હતું. જંગલના અધિકારીઓએ તે જગ્યાને ખાલી કરાવી સામાન ખુલ્લા બજારમાં વેચી માર્યો હતો. આથી ગામડાના લોકોએ વળતરની માગ સાથે ચૈતર વસાવાનો સંપર્ક કર્યો હતો. જેથી ચૈતર વસાવાએ જંગલના અધિકારીઓ સાથે મિટિંગ રાખી હતી. જેમાં જંગલના અધિકારીઓ વળતર આપવા સંમત થતા વિવાદનો અંત આવ્યો હતો. પરંતુ બાદમાં વનવિભાગના ઉચ્ચ અધિકારીના કહેવાથી પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ધારાસભ્ય ચૈતર વસાવાએ વન વિભાગના અધિકારીઓને ધમકી આપીને 60 હજારનું વળતર માગ્યું હતું. ધારાસભ્યે હાથપગ તોડવાની ધમકી આપીને, ગાળો આપી હતી.

## 11માં માળેથી B.Techના વિદ્યાર્થીએ ઝંપલાવ્યું

### મિત્ર સાથે લાંબી વાત કરીને મોબાઈલ પાળી પર મૂકીને કૂદ્યો, ગાંધીનગરના PDEU પાસેની પ્રીમિયમ રેસિડેન્શિયલનો બનાવ

**ગાંધીનગર, તા.03**

ગાંધીનગરના રાયસણ પીડીઈયુ યુનિવર્સિટી નજીક આવેલી પ્રીમિયમ રેસિડેન્શિયલ વિનાયક સરલ કોટિયાર્ડમાં ગત(2 ઓગસ્ટ) મોડી રાત્રે બનેલી એક સનસનાટીભરી ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. અમદાવાદના ઘોડાસર વિસ્તારમાં રહેતા અને આણંદ ખાતે B.Techનો અભ્યાસ કરતા 19 વર્ષીય યુવકે 11મા માળેથી રહસ્યમય સંજોગોમાં મોતની છલાંગ લગાવી છે.દેવર્ષે મિત્ર સાથે મોબાઈલમાં લાંબી વાત કરી અને ત્યારબાદ મોબાઈલ પાળી પર મૂકીને કૂદી ગયો હતો. આ અંગે ઈન્ફોસિટી પોલીસે હાલના તબક્કે અકસ્માતે મોતનો ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે તપાસ અધિકારી PSI એ. આઈ. મૂલીયાણાએ કહ્યું કે, બનાવ રાતનો હોવાથી સોસાયટીમાં વિગતે પૂછતાછ બાકી છે. જ્યારે મૃતકની અંતિમ ક્રિયાઓ હોવાથી માતાપિતા-પરિવારના નિવેદનો પણ બાકી છે. મૃતકના મામાની ફરિયાદ આધારે અકસ્માતે મોતનો ગૂનો નોંધવામાં આવ્યો છે.

વિશ્વસનીય પોલીસ સૂત્રો પાસેથી મળતી પ્રાથમિક વિગતો અનુસાર, મૃતક દેવર્ષના પિતા અજયભાઈ દીક્ષિતનો વિનાયક સરલ કોટિયાર્ડ સોસાયટીના




અગિયારમાં માળે એક ફ્લેટ આવેલો છે. આ ફ્લેટ હાલમાં એક એરલાઈન પાયલોટને ભાડે આપેલો છે. ગઈકાલે(2 ઓગસ્ટ) રવિવારે દેવર્ષ પોતાના મામાને સાથે લઈને કોઈ કામ માટે વડોદરા ગયો હતો. ત્યારબાદ મોડી સાંજે વડોદરાથી પરત ફરી મામાને ઘોડાસર ઉતારીને પોતે પોતાના અમદાવાદના ઘરે જવા માટે નીકળ્યો હતો.

જોકે દેવર્ષ પોતાના ઘરે પહોંચવાને બદલે સીધો ગાંધીનગર ખાતે આવેલા પિતાના આ ફ્લેટ પર આવી પહોંચ્યો હતો. તે સમયે ભાડુઆત પાયલોટ પોતાની નોકરી પર હોવાથી ફ્લેટમાં કોઈ હાજર નહોતું. અહીં આવ્યા બાદ મોડી રાત્રે દેવર્ષએ પોતાના રોનિત નામના મિત્ર સાથે મોબાઈલ પર લાંબી વાતચીત કરી હતી. વાતચીત પૂર્ણ થયા બાદ તેણે પોતાનો ફોન પાળી પર મૂકી દીધો હતો અને રહસ્યમય સંજોગોમાં 11મા માળેથી નીચે ઝંપલાવી દીધું હતું.

અચાનક ધડાકાભેર અવાજ આવતાં સોસાયટીના સિક્યુરિટી ગાર્ડ્સ અને રહીશો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત દેવર્ષનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. રહીશોએ તાત્કાલિક આ અંગે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને જરૂરી કાનૂની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી આપી આગળની તપાસ હાથ ધરી છે.

વધુમાં સૂત્રોએ ઉમેર્યું કે, યુવકના આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ હજી સુધી અસ્પષ્ટ છે. યુવક પોતાના ઘરે જવાના બદલે અચાનક રાત્રિના સમયે ગાંધીનગરના આ ફ્લેટ પર શા માટે આવ્યો હતો તે અંગે પણ રહસ્ય ઘેરાયું છે. હાલમાં મૃતકની લૌકિકક્રિયા ચાલતી હોવાથી પરિવારજનો ઊંડા શોકમાં છે જેથી તેમની વિગતવાર પૂછપરછ બાકી છે. યુવકનો મોબાઈલ ફોન કબ્જે લીધો છે અને છેલ્લે વાત કરનાર મિત્ર રોનિત તેમજ અન્ય પરિચિતોના નિવેદન નોંધવાની તૈયારી શરૂ કરી છે.

ઉલ્લેખનીય છેકે, પ્રીમિયમ રેસિડેન્શિયલ વિનાયક સરલ કોટિયાર્ડનું નિર્માણ કરનાર બિલ્ડરની અત્રેના વિસ્તારમાં આવેલી અન્ય એક વિનાયક સ્કાય ડેક નામની પેન્ટ હાઉસ સોસાયટીના 12 માળેથી નીચે પટકાવા જાણીતી મેન પાવર આઉટ સોર્સ એજન્સી રાજદીપ એન્ટરપ્રાઈઝના માલિક પ્રવિણભાઈ ચૌધરીના 26 વર્ષીય પુત્ર રાજનું ઓગસ્ટ 2023માં અકાળે મોત નિપજ્યું હતું.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




